અમદાવાદ—શ્રી સત્યવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં
શા. સાંકળચંદ હરીલાલે છાપ્યું.

આ પુસ્તક માટે શ્રીયુત્ વાડીલાલ મોતીલાલ
શાહના વિચારોઃ-


"પુસ્તક એકંદરે રસીલું, આકર્ષક અને ઉપદેશી છે. ભાષા પણ સહેલી-સરળ-બહુ આડંબર વગરની છે."

# અર્પણ પત્ર.

શેઠજી સાહેબ શ્રી

## શેઠ ચંદનમલજી નાગોરી.

વતન છોટી સાદડી, મેવાડ.



આપશ્રીના ઉમદા અને ઉચ્ચ ગુણોને નિરખીને
આપની આજ્ઞા લીધા વગર
આ ગ્રંથ આપશ્રીને અર્પણ કરીએ છીએ.

લી. પ્રકાશકો.

કૃષ્ણ પ્રેસ, મુંબઈ ૨.

# ભૂમિકા.

સર્વ કોઇ જાણે છે કે સાહિત્યની ઉન્નતિ સાથે દેશની ઉન્નતિને ઘણો સંબંધ છે. દેશના સાહિત્યની ઉન્નતિ થતાં લોકોના વિચારોનું પરિવર્તન થાયછે અને પરિણામે હિતકારી વિચારોનો લોકોના મનમાં આવિર્ભાવ થાયછે. જ્યાં સુધી સાહિત્ય દ્વારા જન સમાજ સમક્ષ ઉચ્ચ આદર્શવાળી ભાવનાઓ રજુ કરવામાં આવતી નથી ત્યાં સુધી દેશના પ્રાચીન ગૌરવનું સ્મરણ તેમને થતું નથી, પોતાની ઉન્નતિ માટે તેમને ઉત્તેજન થતું નથી તથા તેમની કુરૂઢિઓ અને તેઓમાં રહેલી અનેક અનીતિઓનો નાશ થતો નથી. આથી દેશહિતૈષીઓએ પોતાનું મુખ્ય કર્તવ્ય સાહિત્યની ઉન્નતિ યથાશક્તિ કરવાનું રાખવું ઘટે છે.

આવી ભાવનાઓ સાથે આપણા ગુર્જર સાહિત્ય તરફ દૃષ્ટિપાત કરતાં આપણને કાંઇક ગ્લાનિ ઉપજે છે. અંગ્રેજી તેમજ યૂરોપની અન્ય ભાષાઓ કે જે ઉન્નતગિરિને શિખરે પહોંચેલી છે તેમની આપણે વાત નહીં કરીએ પરંતુ આપણાજ દેશની સંસ્કૃત ભાષામાંથી જન્મેલી, મરાઠી, હિંદી, અને બંગીય ભાષાઓ સાથે આપણી ગુર્જર ભાષાની તુલના કરતાં તેનું સાહિત્ય ઘણુંજ થોડું જણાય છે. એટલુંજ નહીં પણ આપણા ગુર્જર ભાઇઓ પણ સાહિત્યના વાચન માટે ખાસ રસ ધરાવતા નથી. પુસ્તકોની ખપત જોઇએ તેવી ન થતી હોવાથી આ અભિપ્રાય બાંધવાનુ કારણ મળે છે. ગુર્જર ભાષામાં પ્રતિવર્ષ અનેક પુસ્તકો બહાર પડે છે પરંતુ એ અનેક પુસ્તકોનો ઉઠાવ, જેમ બીજી ભાષાનાં પુસ્તકોનો થાય છે તેમ, થતો નથી. આ બાબતમાં વાચક વર્ગમાંના કેટલાક એવી ફરીઆદ કરેછે કે બહાર પડતાં અનેક પુસ્તકોમાં સારાં પુસ્તકો તો જુજ હોય છે અને તેથી ખરીદ કરનારાઓનો વાચનનો

રસ પોષાતો નથી. એટલે એ ઉપરથી ફલિત થાયછે કે જો મનને આનંદ આપનારાં, જ્ઞાન સાથે ગમ્મત આપનારાં અને હૃદયમાં ઉંડી લાગણીઓ પ્રસરાવનારાં પુસ્તકો હોય તો શોખીન વાચકવર્ગની, એ પુસ્તકો માટે આતુરતા વધે છે. એ આતુરતાને પોષણ આપવાનું કામ ગુજર્જર સાહિત્યના લેખકોનું છે.

આ નમ્ર લેખકે, વાર્ત્તાઓના પ્રદેશમાં જનસમાજની સવિષેશ અભિરૂચિ જોઇને અંગ્રેજી અને હિંદી ભાષાના કેટલાક લેખકોની ટુંકી ટુંકી રસમય વાર્તાઓનો સ્વચ્છંદ અનુવાદ કરી, તે અત્ર રજુ કરી છે. આશા છે કે પ્રજા તેનો સત્કાર કરી લેખકના ઉત્સાહમાં વૃદ્ધિ કરશે.

લેખક.

# પુષ્પાવલી.

# દિવ્ય રાજકુમાર.

આવતી કાલે, તેનો રાજ્યાભિષેક થવાનો હતો. આજ તે દિવસની પહેલાંની રાત્રિ હતી. એ બાલ રાજકુમાર પોતાના સુંદર મહેલના એક વિશાળ ખંડમાં એકલો બેઠો હતો. તેના અંગરક્ષકો અત્યારે તેની પાસે ન હતા; કારણ તેણે તેમને જવાને રજા આપી હતી. આ કુમારનું વય ૧૮ વર્ષનુંજ હતું. તે પહોળા પગ કરીને, મુખમલથી મઢેલા, કુમાશવાળા કૅાચમાં પડયો હતો. તેનો એક હાથ તેના હોઠ ઉપર હતો. બીજો એક રત્નજડિત ઓસીકા ઉપર હતો તેનું મ્હોં લગાર પ્હોળું થઇ ગયું હતું. આંખો જરાક મોટી જણાતી હતી. અત્યારે તે આબાદ જંગલમાંથી આણેલા એક અવનવા પ્રાણી જેવો લાગતો હતો કે જે પ્રાણીને પોતાની જાણીતી જગ્યા શિવાય નવી જગ્યાએ મુદ્દલે ગમે નહીં. ગુંચવણ અને આશ્ચર્યથી તે દિગમૂઢ બનેલો જણાતો હતો; અને હતું પણ તેમજ.

આજથી એક વર્ષ ઉપર, તેને, જંગલમાંથી પારધીઓ અને સિપાઇઓએ પકડી આણ્યો હતો. ઘેટાંનાં ટોળાંની પછવાડે તે વાંસળી વગાડતો વગાડતો જતો હતો. ત્યાંથી રાજઆજ્ઞાનુસાર તેને રાજમહેલમાં લાવવામાં આવ્યો હતો.

એમ કહેવાતું હતું કે માયાપૂરના સ્વ. મહારાજાશ્રીની એકની એક પુત્રી જેણે ગાંધર્વ વિવાહથી, સામાન્ય સ્થિતિના

એક સખ્શ સાથે લગ્ન કર્યાં હતાં તેનો આ છોકરો, પુત્ર હતો. કેટલાક કહેતા કે જે માણસને રાજકુમારી પરણી હતી તે એક ઉત્તમ ગવૈયો હતો. તેને કોઈ ઓળખતું નહતું પરંતુ તે, વાંસળી એવી સારી રીતે વગાડતો કે તે સાંભળનાર દરેક જણ તેમાં તલ્લીન થતું. સંગીતપ્રિય રાજકુમારીએ, એકવાર રાજમહેલમાંથી એ મનહર વેણુનાદ કઢાવ્યો હતો અને તે સાંભળીને લોકો ચકિત થઇ ગયા હતા. કોઇનું અનુમાન એવું હતું કે કે કોઇક કુશળ બંગાળી ચિત્રકાર ઉપર રાજકુમારી સંમોહિત થઇ ગઈ હતી. એ ગુપ્તલગ્નને પરિણામે જોકે પુત્ર થયો હતો પરંતુ માતાપિતા, એ બાળકને પોતાના અંકમાં યથેચ્છ સ્નેહથી રમાડવા સદ્‌ભાગી નીવડયાં નહતાં કેમકે બાળક, આઠેક વાસાનો થયો હશે ત્યાં એક રાત્રિએ માતાની ગોદમાંથી તેને ઉપાડી લેવરાવ્યામાં આવ્યો અને એક અપુત્ર રબારી–દંપતિ, જે દૂર–દૂરના જંગલમાં વસતું હતું તેને, એક સ્વાર મારફત સોંપવામાં આવ્યો હતો. એ પછી અર્ધા કલાકે તરુણી જાગ્રત થઈ ત્યારે તેને ગરમ દુધનો એક પ્યાલો આપવામાં આવ્યો હતો જેમાં, કહેવાતું હતું કે, એક છુપું કાતિલ ઝેર હતું. એક પાસ જ્યારે નિર્દોષ, નાનકડો બાળક રબારી–દંપતિને સોંપવામાં આવતો હતો ત્યારે બીજી પાસ તેજ બાળકની જન્મદાતા માતા–સ્વરૂપ સુન્દરી રાજકુમારીનો આત્મા પરાણે પણ આ ક્રુની જેહાનને તજી જતો હતો! થોડી પળોમાં એ સુંદર સ્ત્રીદેહને ખાખમાં મિલાવી દેવામાં આવ્યો હતો–ગંદી માટીમાંથી ઉત્પન્ન થએલો એ રૂપવળો દેહ અંતે ગંદીજ માટીમાં એકત્રિત કરવામાં આવ્યો હતો. વિધિના લેખ કોણ જાણે કેવાયે હશે કે રાજપુત્રીને ભસ્મીભૂત કરવામાં આવતી હતી તેજ વખતે એક અજાણ્યા માણસની લાશ, એક વૃક્ષ સાથે બાંધેલી અને બંદુક અને તરવારના પુસ્કળ ઘાથી ઘવાયલી સ્થિતિમાં મળી આવી હતી. લોકો ધારતા હતા કે એ લાશ. રાજકુમારીના કહેવાતા પતિનીજ હતી. આ રીતે આ બાલકનાં માતા-

પિતાનાં મૃત્યુ હૃદયભેદક રીતે થયેલાં હતાં.

એવી કિંવદંતિ હતી કે સ્વ. મહારાજાએ, રાજકુમારીના ઉદ્ધત, અવિચારી અને હીણપદ અપાવનારાં ગુપ્તલગ્નથી ક્રોધિત થઈ, તેના ગુપ્ત વરને તથા તેને મારી નંખાવ્યાં હતાં અને રાજકુખમાંથી ઉત્પન્ન થયેલા અંશને રબારીને ત્યાં સોંપી દેવરાવ્યો હતો.

ગમે તે હો; પરંતુ મહારાજાએ પોતાનાં અંતિમ વર્ષમાં પશ્ચાત્તાપથી કે નિર્વંશ જતા રાજ્યથી ખેદ પામીને એ રાજ અંશને મજકુર રબારીને ત્યાંથી બોલાવી મંગાવ્યો હતો અને દરબારીઓ, અમીર ઉમરાવો, અને સમસ્ત પ્રજા સમક્ષ તેને પોતાના રાજ્યવારસ તરીકે ઠરાવ્યો હતો.

× × × ×

રાજકુમાર માટે અમૂલ્ય અને મોંઘી વસ્તુઓ મેળવવાને માયાપૂરના મંત્રીઓ હમેશાં મથતા હતા એનું મુખ્ય કારણ એ હતું કે તેમને એવું અભિમાન હતું કે અમારો રાજા, અન્ય રાજાઓ કરતાં ઠાઠમાઠ અને ભપકામાં ચઢિયાતો હોવો જોઇએ. રાજકુમારના આગામી રાજ્યાભિષેક માટે મંત્રિઓએ કેટલાએ માસથી મોટી તૈયારીઓ કરી મૂકી હતી. ઘણા વેપારીઓને, ઘણા મજુરો સાથે દેશ વિદેશ મોકલવામાં આવ્યા હતા તેમને એવો હુકમ આપવામાં આવ્યો હતો કે કૈં પણ નવીન અને ઉત્તમ વસ્તુ તમારા જોવામાં આવે તો તે તમારે ખરીદ કરવી. કેટલાકને ઇરાન જેવા દેશોમાં, ચીન જેવા દેશોમાં અને બાજા દરિયાપારના મુલ્કોમાં મોકલી, રેશમી ગાલીચાઓ, ઉંચી માટીનાં સુંદર અને નકસીદાર વાસણો, વિવિધ ભાતના હીરાઓ, મોતીઓ, રત્નો, કિંમતી પત્થરો, શસ્ત્રાસ્ત્રો, કલા અને કારીગરીની નમૂનેદાર વસ્તુઓ વગેરે અસંખ્ય વસ્તુઓ ખરીદવાનો હુકમ કરવામાં આવ્યો હતો. મંત્રીમંડળ આતુરતાથી,

આ વેપારીઓને લગતા સમાચાર મેળવવા ઘણા દિવસથી ટાંપી રહ્યું હતું. એ વસ્તુઓ મોડામાં મોડી રાજ્યાભિષેકને આગલે દિવસે આવવી જોઈએ અને જો નહીં આવે તો તે ખરીદવા મોકલનારને ભારે શિક્ષા થશે એવો સખ્ત હુકમ અપાઈ ગયો હતો.

ખુદ રાજાને રાજ્યાભિષેકને દિવસે પહેરવાનો ઝભ્ભો તથા મુકુટ એવાં કિંમતી કરાવવામાં આવ્યાં હતાં કે જેવાં સમગ્ર સૃષ્ટિમાં કોઈપણ રાજાએ પોતાના રાજ્યાભિષેકને પ્રસંગે ન કરાવ્યાં હોય. મંત્રીમંડળે આ ઝભ્ભામાં કેવા પ્રકારનાં રત્ન અને માણિક્ય મઢવાં તથા કેવા પ્રકારની હેમની પટ્ટીઓ ચોઢવી તેને લગતી બધી વરદીઓ કારીગરોને પહેલેથી આપી મૂકલી હતી અને તદનુસાર આજ સાંજનાં એ ઝભ્ભો તથા મુકુટ તૈયાર થઇને આવ્યાં હતાં. આજ રાત્રે એ બધું બાલ રાજકુમારને બતાવવાનું હતું. અત્યારે રાજકુમાર અસ્વસ્થ સ્થિતિમાં પોતાના કૌચ ઉપર બેઠો હતો તે વખતે તે આ ઝભ્ભા તથા મુકુટને લગતા વિચારોમાં જ પરોવાઇ ગયો હતો.

થોડીવારમાં ખંડનું દ્વાર ઉઘડયું અને પાંચ મંત્રીઓ કારીગરો સાથે ઝભ્ભો અને મુકુટ લઇને આવ્યા. મુખ્ય મંત્રીએ આ ઝભ્ભો તથા મુકુટ બનાવવાને કેટલી બધી મહેનત ઉઠાવવામાં આવી હતી; મણિમાણિક્ય શોધવા માટે વેપારીઓને કેવી રીતે દેશવિદેશ મોકલવામાં આવ્યા હતા; કારીગરોને રાત્રિદિવસ બેસાડીને કેવાં મોટા પાયાં ઉપર કામ રચવામાં આવ્યું હતું તેને લગતું વર્ણન વિસ્તારથી આપી, રાજ્યકુમાર ઉપર એવી અસૈર કરી કે આ "છોકરા"ના કોમળ વદન ઉપર આનંદ આનંદની છાયા વ્યાપી રહી. અને તે એટલો બધો હર્ષાવેશમાં આવી ગયો કે અટ્ટહાસ્યથી તેણે તે ખંડના ચારે ખુણા ગજવી મૂકયા. થોડી વાર પછી મંત્રીમંડળ વિદાય થયું અને આ કુમાર એકલો પડયો, તેની આંખો અર્ધી મીંચાઇ. તેણે પોતાને ધર્મગુરુ આગળ ઉભેલો જોયો. માથા ઉપર મુકુટ

વિરાજે છે, હસ્તકમળમાં રાજ્ય દંડ શોભે છે અને શરીરે લીલા રંગનો જરીઆનનો ઝભ્ભો જાણે પોતે પહેરેલો છે એવો તે પોતાને જોવા લાગ્યો. પછી તેની આંખ ઉઘડી ગઈ. તેણે જોયું કે, મુકુટ, રાજદંડ કે ઝભ્ભો કાંઇ પણ પોતે પહેરેલું નથી.

થોડીવાર પછી તે પોતાને સ્થાનેથી ઉઠયો. એક ખુરશીને અઢેલીને ઉભા રહીને તેણે પોતાના આખા ખંડમાં દૃષ્ટિ દોડાવી. દિવાલો ઉપર સાન્દર્યનો વિજય સૂચવતાં ઉત્તમ કલાનાં ચિત્રો ઉપરાંત ભારે-કિંમતી વસ્ત્રના પડદાઓ લટકાવેલા હતા. તેમાં સુનેરી અને રૂપેરી ભરતકામ પૂર ભપકામાં કરવામાં આવેલું હતુ. મુખમલ, કિનખાબ અને રેશમી ગુચ્છાદાર દોરીઓ, સુનેરી દોરીઓના મિશ્રણ સાથે ઝુલી રહી હતી. ચારે ખુણામાં આરસપહાણનાં અને ચકચકિત્ત ચાંદીનાં પૂતળાઓ, સોનાની દિવાબત્તીઓ હાથમાં લઇને ઉભાં હતાં અને તેમાંથી ઝગમગતો પ્રકાશ, ચોતરફ ફેલાઈ આખા ખંડને તેજસ્વિતા આપતો હતો. સોનાના હાથાવાળી ખુરશીઓ, કોચો, ટેબલો, અને કબાટો ઘણીજ ખુબીથી એ ખંડમાં ગોઠવવામાં આવ્યાં હતાં. ટેબલો ઉપર કુદરતને માન આપવા માટે ચીનાઇ માટીનાં નકસીદાર કુંડીઓમાં નાનાં રોપાઓ ઉગાડવામાં આવ્યા હતા. જમિન ઉપર વિવિધરંગી રૂવાંટીઓવાળો, લીસો ગાલીચો બિછાવેલો હતો. કબાટોમાં કૈં કૈં ભાતનાં રંજનકર્ત્તા રમકડાંઓ, કૈં કૈં દૈનિક ઉપયોગની મનોહર વસ્તુઓ વગેરે ગોઠવવામાં આવ્યું હતું. આવા રાજવંશી ઠાઠવાળા ઓરડામાં ૭ સાત પળ સુધી દૃષ્ટિપાત કર્યા પછી રાજકુમારના ચંદ્રવદન ઉપર મંદહાસ્ય ફરકી રહ્યું. તે એક કબાટ આગળ ગયો અને તેમાંથી એક નાજુક પણ સુંદર વાંસળી કાઢી, એક બારી પાસે ઉભો રહી, તેના મંજુલ નિનાદ કાઢવા લાગ્યો. એક રબારી સાથે સ્વચ્છંદે, નિર્જન વનમાં ઉછરેલો બાલક, વિવિધ જનોની પ્રવૃત્તિથી ખળભળી રહેલી નગરીના રાજ-

મહેલમાં, સ્વચ્છંદે, પોતાની બંસી બજાવવા લાગ્યો ! વનમાં પણ તેને કોઈ અટકાવનાર નહતું, રાજમહેલમાં પણ તેને કોઇ અટકાવનાર નહતું વનમાં કદાચ કોઇ ઉત્સાહ પૂરનાર નહીં મળ્યું હોય પરંતુ અહીં—રાજમહેલમાં તેના ઉત્સાહને વિવર્દ્ધિત કરવા માટે હુઝુરીઆઓ બારણા આગળ હસતા હસતા ઉભા હતા. તેઓ બાલરાજાને સંભળાવવા માંહોમાંહે બોલતા હતા કેઃ—" વાહ ! મહારાજશ્રી કેવું વગાડે છે ? જાણે યમુના તટે કહાન વગાડવા બેઠા ! " થોડીવાર પછી તેણે વાંસળી એક ટેબલ ઉપર મૂકી દીધી. તેને વગાડયા પછી કંટાળો ઉપજ્યો નહીં; પણ આનંદ થયો. તેણે એક ઘંટડી વગાડી અને હુઝુરિયાઓ અંદર દાખલ થયા. આ વખતે રાત્રિના દશનો અમલ થયો હતો. રાજકુમારનો દરબારમાં પહેરવાનો ઝબ્બો કાઢી નાંખવામાં આવ્યો અને તેને સૂવા જવાનાં કપડાં પહેરાવ્યામાં આવ્યાં. રાજકુમારની ઈશારત થતાં, શિરસ્તાપ્રમાણે નમન કરી, બત્તાઓનો પ્રકાશ નાનો કરી, દ્વારવાસી, અંગરક્ષકો ચાલ્યા ગયા. પોતાના સુંવાળા પલંગમાં રાજકુમાર પડયો—થોડીવારમાં ઉંઘી ગયો. પરંતુ આજની નિદ્રા, સામાન્ય પ્રકારની નહતી. હમેશ મુજબની તે નિદ્રા નહતી. કેટલાંક અજબ સ્વપ્ન તેમાં અંતરાય રૂપ આવ્યાં. તેને એક પછી એક ત્રણ સ્વપ્ન આવ્યાં. પહેલું સ્વપ્ન નીચે મુજબ હતુંઃ—

પોતાના એક સંરક્ષક સાથે તે નગરચર્ચાએ નીકળ્યો છે. વખત મધ્યરાત્રિનો છે. શ્વેતચાંદની પૃથ્વીને દુધે ધોઈ રહી છે. તેઓ ફરતા ફરતા વણકર લોકોના ઘરો નજીક આવ્યા. એક ઘરમાંથી નિયમિત રીતે " ખટ ખટ " અવાજ આવતો હતો. વણકરો હજીપણ કામ કરે છે એમ તે ઉપરથી જણાતું હતું. રક્ષકને બહાર બેસાડીને રાજકુમાર તે મકાનમાં ગયો. તેને માલુમ પડયું કે મકાન જૂનું પુરાણું હતું પરંતુ વિશાળ હતું. દશ બાર વણ-

કરો પોતાની શાળો ચલાવી રહ્યા હતા. તેમાં કેટલાક યુવાન્ અને કેટલાક વૃદ્ધ પણ હતા, કેટલીક સ્ત્રીયો પણ ત્યાં બેસીને કામ કરતી હતી દુકાળીઆંઓની પેઠે સર્વનાં મ્હોં લેવાઈ ગયેલાં—કૃશ બની ગયેલાં હતાં—ચિંતાથી ફિક્કાં પડી ગયેલાં હતાં. તેમનાં વસ્ત્રો મેલાં અને વત્તાં ઓછાં ફાટેલાં તૂટેલાં હતાં. ત્યાં હાસ્યનું નામ નહતું. નિરાંતે વાતોચિતો થતી નહતી. કામ ઉપરજ લક્ષ અપાતું હતું. આસપાસની હવા ચોખ્ખી નહતી; પણ ભિનાશવાળી અને ઘટ્ટ હતી. પવનનું તો નામજ નહતું. બાલરાજા, એક વણકર પાસે જઇને ઉભો રહ્યો, વણકરે પીળી ફિક્કી આંખ વતે રાજા તરફ જોયું અને તે ગુસ્સાથી બોલ્યો શું તું અમારા ધણીનો પેહેરેગીર છું શામાટે હમને ટીકી ટીકીને જુવે છે.

રાજા—તમારો ધણી કોણ છે ?

વણકરઃ—અમારો ધણી ? એ અમારા જેવોજ માણસ છે. પણ અમારામાં અને તેનામાં ફેર એટલોજ છે કે તે ઉંચાં કિંમતી કપડાં પહેરે છે. અમે ફાટલાં, હલકાં કપડાં પહેરીએ છીએ. તે સુંદર, મોટા મહેલોમાં રહે છે. અમે ગંદાં નાનાં મકાનોમાં કે ઝુંપડામાં રહીએ છીએ, અમે ભૂખના દુઃખથી દહાડે દહાડે નબળા બનતા જઇએ છીએ. તે બહુ ખાધાંથી મેવા મિઠાઈ અને પકવાન્નો ખાવાથી કોઈવાર માંદો યે પડતો નથી !

રાજા—તમારી ભૂલ છે. તમે કોઇના ગુલામ નથી. તમારો રોટલો તમારી કારીગરીથી તમે, ગમે તે પ્રકારે પેદા કરી શકો તેમ છો. તમે જગત્માં ફાવે તે કરી શકો તેમ છો.”

વણકરઃ—જેમ લડાઇમાં બળવાન્ માણસો નિર્બળને તાબે કરી લે છે તેમ શાંતિના વખતમાં પૈસાદાર લોકો, ગરીબ લોકોને તાબે કરે છે. અમારે જીવવા માટે કામ કરવુંજ જોઇએ. તે લોકો અમને એટલી તો ઓછી રોજી આપે છે કે અમે તેથી અમારૂં

ગુજરાન પણ કરી શકતા નથી. પણ અમારૂં શું ચાલે ? અમે તેમને માટે આખોદિવસ મઝુરી કરીએ છીએ તો જ તેઓ અમારાં કામને પારણામે પૈસા મેળવે છે–એ અમારાથી જરાયે અજાણ્યું નથી, તોપણ અમે કામ ન કરીએ તો અમારે ભૂખે મરવું પડે છે. અમારાં ખીલતાં ઉગતાં છોકરાં અમારી છાતી પીગળાવી નાંખે એવી રીતે, અમારા દેખતાં ભૂખને લીધે મર્ણને શરણ થાય છે; અને જેમને અમે ચાહીએ છીએ–રે, જેઓ અમારાં ગરીબડાં ઘરો પણ સારી રીતે ચલાવી અમને સુખ આપવા, પોતે અમારી સાથે કામ કરે છે તે અમારી પ્રિય સ્ત્રીઓનાં મોં દિવસે દિવસે ફિક્કાં અને દુકાળીઆં જેવાં બનતાં જાય છે અને વખત આવતાં, હાય ! કહો કે, તેઓ અમારી કેવળ દુ:ખની ભાગીયણ સ્ત્રીઓ પણ અમારા દેખતાં મર્ણ પામે છે ! અંતે અમે પણ એજ દશામાં, વૈતરૂં કુટી કુટીને પીડાતા પીડાતા માર્યા જઇએ છીએ ! ઓ યુવક ! અમારી દશા જો. મહેનત અમે કરીએ છીએ, ભોગવી બીજા જાય છે. ગાય અમે દોહીએ છીએ, દુધ બીજા પી જાય છે; પણ દામ કોઇ આપતું નથી. અનાજ અમે વાવીએ છીએ, લણી બીજા જાય છે. અમારા અનાજના કોઠારો ખાલીને ખાલી રહે છે ! બાપુ ! તું કે અમે દેખી શકતા નથી તે છતાં, અમને આસપાસ સાંકળોથી જકડી લેવામાં આવ્યા છે. લોકો, ખેડુતોને, વણકરોને, કારીગરોને સ્વતંત્ર કહે છે પરંતુ ખરૂં જોતાં, અમે કેવળ પરતંત્ર છીએ !

"શું બધાની એવી સ્થિતિ હશે ?"

"હા, દરેકે દરેકની. ઉગતું બાળક, ખીલતું જુવાન કે ખરતું 'ઘરડામાં ઘરડું પાન' એ બધાંની એવીજ દુ:ખમય હાલત હોય છે. વેપારીઓ અને પૈસાદારો અમને કચડી નાંખે છે. ધર્મગુરૂઓ અમારી પાસે થઇને, અમારી હાલત જોઈ જાય છે, લોકો આગળ પ્રસંગોપાત અમારી વિપત્તિઓ પણ રજુ કરે છે તથાપિ સાંભળે

છે કોણ? અમારી દરકાર કોને છે? ગરીબાં અમારી સામેને સામે પોતાના ડોળા ઘુરકાવીને બેઠી હોય છે; અમારી નિસ્તેજ ગલીઓમાં મોત વારંવાર અમને અથડાઇને જાય છે. અમારામાંના ઘણાને ઉઠાવી જાય છે; પાપ, અઘોરતા આદિ દુર્ગુણો અમારે ત્યાં પોતાની પથારી નાંખીને પડયાંજ હોય છે; દુઃખ હરરોજ સવારમાં અમારાં બારણાં ઠોકીને અમને જગાડે છે અને શરમિંદગી હરરોજ રાતના અમારી પાસે બેસી રહે છે. હા! એવી અમારી હાલત કરનારાઓ, પોતાનાં, ઉંચાં ઉંચાં, અટારીઓવાળાં મકાનોમાં આનંદે વિહરે છે. ઓ યુવક! અમને સુખ મળે એવો રસ્તો તું બતાવ. અમે તારી સલાહે ચાલવા તૈયાર છીએ પણ તને અમારી સાથે શું લાગે વળગે? તું કાંઇ અમારામાંનો એક, નથી. તારૂં મ્હોં, અહા! કેવું સુખી અને ચિન્તાથી નિરાળું છે? અમારૂં એક પણ છોકરૂં એવું હોતું નથી!"

આટલું કહી તે વણકર નિઃશ્વાસ નાંખી પોતાને કામે વળગ્યો. બાળરાજાની દૃષ્ટિ વણકરની શાળ ઉપર ચઢાવેલા દોરા તરફ ગઈ. તે દોરા સોનેરી હતા. તેણે પૂછ્યું: આ સોનાના દોરા તમે કોને માટે વણો છો?

વણકર: ગાદીએ બેસનારા નવા રાજાને માટે—

એ સાંભળતા સમેત રાજાથી એક ધીમી ચીસ પડાઈ ગઇ! તે જાગ્યો અને જોયું તો પોતાની ઓરડીમાં સુતેલો હતો. તે પાછો સુઇ ગયો. થોડીવાર પછી તેને બીજું સ્વપ્ન આવ્યું:—

તે એક ગાઢ જંગલમાં ભમતો હતો. તેમાં ભિન્ન ભિન્ન પ્રકારનાં વૃક્ષો અને વેલીઓ, તથા સ્વાદિષ્ટ અને મનોહર ફળફુલ હતાં. બુલબુલ પક્ષીઓ, પોપટ, મેના, સારસ અને મોર પક્ષીઓ પોતાનાં દિવ્ય ગાન ગાઈ રહ્યાં હતાં અને નાનાં રંગ બેરંગી પંખીડાં

એકથી બીજી ડાળે બેસી પોતાનાં અને વનમાં વિચરતા પાંથજનનાં દિલ રિઝવતાં હતાં. વાંદરાંઓ, હરણાં અને સસલાં જેવાં તોફાની પ્રાણીઓ પણ કુદાકુદ કરવામાં બાકી મૂકતાં નહતાં. આવા વનમાં તે આગળને આગળ ચાલ્યો. વનનો લગભગ પોણો ભાગ તે ચાલ્યો હશે તેવામાં એક સુક્કા નદીના પટમાં તેણે કેટલાંક માણસોને કામ કરતાં જોયાં. તેઓ જમિનમાં ઉંડા ખાડા ખોદી તેમાં ઉતરતા હતા. કોઈ નદી પાસે આવેલા નાના નાના પહાડ કરાડ ખોદવામાં પ્રવૃત્ત હતા. કોઇ વિશાળ જમિનમાંની રેતીનો આખો પટ જરાક જરાક ખોદી ફરી વળતાં.

એ જગ્યાએ મૃત્યુ અને તૃષ્ણા આ મજુરોનાં કામકાજ આતુરતાથી નિહાળતાં હતાં.

મૃત્યુએ કહ્યું: હુ ઘણો થાકી ગયો છું. તૃષ્ણ, આ લોકોનો ત્રીજો ભાગ મને આપી તૃપ્ત કર. હુ ચાલ્યો જઇશ.

પણ તૃષ્ણાએ નકારમાં પોતાનું ડોકું ધુણાવ્યું: તેઓ મારાં માણસો છે.

મૃત્યુ: તારા હાથમાં શું છે?

તૃષ્ણા: થોડુંક અનાજ છે. તે આ માણસો માટે છે.

મૃત્યુ: તેમાંનો ત્રીજો ભાગ મને આપ.

તૃષ્ણા: નહીં, હુ તને કશું પણ આપનાર નથી.

આ સાંભળી મૃત્યુએ અટ્ટહાસ્ય કર્યું. એક પ્યાલો લઇ તેની ઉપર તેણે પોતાનો ક્રૂર હાથ ફેરવ્યો. એકાએક તેમાંથી તાવ નીકળ્યો. મજુરોના આખા ટોળામાંથી તે પસાર થયો અને ખરે, ટોળાનો ત્રીજો ભાગ ભૂમિઉપર પટકાઇ પડયો—મૃત્યુને શરણે થયો! તૃષ્ણાએ જયારે આ જોયું ત્યારે તેની છાતી ભરાઇ આવી. તે રડવા લાગી. તેને મૃત્યુ ઉપર ઘણો ક્રોધ ઉત્પન્ન થયો. તે બોલી: મૂર્ખ, સૃષ્ટિના કોઇ ભાગમાંયે શું લડાઈ ચાલતી નથી? જા, જા, રણક્ષેત્રમાં

તને તૃપ્તિ થશે. અફઘાનો, તુર્કો કે ખ્રિસ્તિઓની લડાઇમાં જ્યાં ઝનૂનથી ઝપાઝપીઓ થતી હશે ત્યાં હજારો માણસોનો ભક્ષ તને મળી શકશે. મારે આધીન થયેલાં આ ગરીબ, મહેનતુ માણસોને શા સારૂ ઉડાવી જઇ સંતોષ માને છે ? જા, જા, દૂર થા.

મૃત્યુ: "ના, હું નહીં જાઉં. જ્યાં તારા અતિશય ગુલામો હોય છે ત્યાં જ મને સારો ભક્ષ મળે છે. મને અનાજનો ત્રીજો ભાગ આપ. તે લીધા શિવાય હું અહીંથી એક ડગલું પણ ખસનાર નથી."

તેણે વળી પાછું ક્રૂર હાસ્ય કર્યું તૃષ્ણાના હૃદયમાં એ હાસ્ય તીરની માફક ભોંકાયું. જાલિમ મૃત્યુએ, પોતાનું ધાર્યું કરવું જ એવો નિશ્ચય કર્યો હતો. તેણે એક પત્થર લીધો અને તે જંગલમાં ફેંક્યો. પત્થર જે જગ્યાએ પડ્યો ત્યાં કોગળીઉં[1] ઉત્પન્ન થયું. મજુરોમાંનાં એકેકએકને તે અડક્યું અને જેને તે અડક્યું તે લાકડાની માફક જમિનપર પડી ગયું. કામ કરનારાં માણસોનો હવે ફક્ત ૦ા ભાગ રહ્યો. તૃષ્ણાને અત્યંત કંપારી છૂટી. તે હાયપીટ કરવા લાગી અને દારૂણ સ્વરે રોવા લાગી. મૃત્યુએ કહ્યું:-હવે તું અહીંથી જા. નહીં તો આ બધાં માણસોને હું સાફ કરી નાંખીશ.

તૃષ્ણા: ઓ અભાગી દાનવ, મારા રંક ઘરને શામાટે લૂંટે છે? જગતમાં ક્યાંએ દુકાળ નથી પડતા? ક્યાંએ ક્ષયથી ખવાઇને ખોખાં બનેલા.ધનવાનો નથી મળતા? શામાટે એવા વિભાગોમાં જતો નથી? દુ:ખીઓને રંજાડનારા, શહેરોમાં બદીથી તરબોળાયલા, પાપ કરતાં લગારે પણ પાછું ન જોનારા, રંક વિધવાઓનાં નાણાં ખાઇ જનારા અને એવાજ દુર્ગુણદુષ્કર્મના દ્વન્દ્વમાં લપટાયલાઓને તું શાને નથી ઉડાવતો? જો, જો, આ અભાગી, અવિચારી, આ મજુરો તો પોતાની મહેનતથી વિત્તોપાર્જન કરે છે. કોઇનું નાહકનું નાણું લેવાનો સ્વપ્નેયે વિચાર કરતા નથી. સાંજના પોતાના કામથી

૧ કૉલેરા, Cholera.

પરવારી મહેનતનો રોટલો ખાય, ઇશ્વર ભજન કરે છે. તેમને સતાવવાના કે તેમના પાછળ ભમવાના વિચારોથી દૂર રહે ! ”

પણ સાંભળે છે કોણ ? મૃત્યુએ પોતાની હઠ છોડી નહીં અને રડતી કકળતી તૃષ્ણાની જરા પણ પરવા ન કરીને તેણે પુનરપિ પોતાનું કામ શરૂ કર્યું. તેણે જોરથી પોતાના હાથ મસળ્યા, એકદમ મરકી ઉત્પન્ન થઈ. હાથ મસળવા ચાલુ રાખ્યા. દુષ્કાળ, દાંતીઆં કરતો ઉત્પન્ન થયો. મરકી માણસોમાં ગઇ. દુષ્કાળ અનાજમાં ગયો. પરિણામે નદીપટમાં અને જંગલના વિસ્તારમાં એક પણ માણસ રહ્યું નહીં. મૃત્યુ પોતાના વિકાળ ઘોડાપર સ્વાર થયો. તૃષ્ણા બ્હીનીને પલાયન કરી ગઇ.

આ સ્થિતિ જોઇ બાલરાજા રોવા મંડયો:–અરે, આ માણસો કોણ હતાં? તેઓ અહીં શું કરતાં હતાં ? તેઓ પલકમાં કેવી દુ:ખદ રીતે મરણ પામ્યાં ?

રાજાના આ સ્વગત પ્રશ્નનો ઉત્તર પાછળથી મળ્યો:–“ તેઓ રાજાના મુકુટ માટે મોતી અને માણેકની શોધ ચલાવતાં હતાં. ” રાજા ચમકયો. તેણે પાછળ જોયું તો ભગવાં વસ્ત્રમાં સજ્જ થયેલો એક સંત ઉભો હતો. તેના હાથમાં એક દર્પણ હતું.

રાજા એ તેને નમન કરી પૂછ્યું: કીયા રાજા માટે આ શોધ થતી હતી ? સંતે દર્પણ બતાવી કહ્યું: “આમાં જો, એ રાજા તને દેખાશે” દર્પણમાં પોતાનું વદન નિરખતાંજ રાજા મૂર્છિત થયો. તે પડી ગયો પણ તેનું શરીર કયાં પડયું ?–એ સંતના અંકમાં !

રાજા જાગ્રૃત થયો. જુએછે તો સંત કે મૃત્યુ કે તૃષ્ણા એમાનું કાંઇ પણ ન મળે ! સ્વપ્નની અઘોરતા પર વિચાર કરતો કરતો તે સૂઇ ગયો. થોડીવાર પછી તેને ત્રીજું સ્વપ્ન આવ્યું:–

એક ધોરી રસ્તા ઉપરથી કેટલાંક ગાડાં જતાં હતાં. તેમાં ગાલીચાઓ, વળીઓ, પાટીઆં, દોરડાં, ખાદીનાં કપડાં વગેરે હતું તે ગાડાંની હારકટારની બન્ને બાજુએ કાળા ડગલાવાળા સિપાઇઓ ચાલતા હતા. હાંકનારાઓ તીવ્ર અણીવાળા દંડીકાઓથી વારંવાર બળદને મારતા હતા અને ડચકારીઓ બોલાવતા હતા; પરંતુ બળદોની હાલત દયાજનક હતી. તેમના પેટમાં ઉંડા ઉંડા ખાડા પડેલા હતા. મોંમાંથી ફીણુ નીકળતું હતું અને આંખોમાંથી પાણી પડતું હતું. સિપાઇઓ વારંવાર બૂમાબૂમ પાડી " ચાલો, ઝટ દોડાવો, ઝટ દોડાવો " એમ કહેતા હતા અને જો કોઇ ગાડાવાળો તેમના કહેવા ઉપર લક્ષ આપતો નથી એમ તેમને લાગતું તો તેઓ તેને ફટકાવતા. ઘણીવાર સિપાઇઓ પોતે પોતાની લાકડીઓ વતી બળદોને મારતા અને ખૂબ દોડાવતા. સ્થિતિ આમ ચાલુ હતી તેવામાં એકાએક એક દુબળા બળદને વધારે ફટકા પડવાથી તે જમિન ઉપર ફસડાઇ પડયો. તેના મોંમાંથી રક્તધારા વહેવા લાગી; આંખો તણાઇ ગઇ અને થોડીવારમાં તેણે પોતાના પ્રાણુ મૂકી દીધા. બાલરાજાએ ધાર્યું કે આ વખતે સિપાઇઓ તેની તરફ દયા બતાવશે પણ તેવું કાંઇ બન્યું નહીં. એકદમ તે ગાડાવાળાને પડતો મૂકવામાં આવ્યો; તે ગાડામાંનાં પાટીઆં, વળીઓ, દોરડાં વગેરે સામાન કાઢી લેવામાં આવ્યો અને બીજાં ગાડાંઓમાં સરખે ભાગે મૂકી દેવામાં આવ્યો. પાછી ધાંટાધાંટ શરૂ થઇ અને ગાડાંઓની હારકટાર ચાલવા માંડી. મરણુ પામેલા બળદવાળા ગાડાનો હાંકનાર ત્યાં એક બાજુએ બેસીને રડવા લાગ્યો. ગાડાંઓ દૃષ્ટિમર્યાદામાંથી દૂર થયાં એટલે બાળરાજા તે રડતા ગાડાવાળા પાસે ગયો. મરણુ પામેલો બળદ એક બાજુએ પડયો હતો. એક બળદ ત્યાં ઉભો હતો અને ગાડું કોરણે પડયું હતું. કુમાર, જે સાદા વેષમાં હતો તેને એક સામાન્ય યુવક ધારીને, ગાડાવાળો બોલ્યો: બાપજી, જુઓ આ અન્યાય ! અમારાં ગાડાં સિપાઇઓએ વેઠે પકડયાં હતાં. મારો બળદ, તેમના મારથી

મરણ પામ્યો. મને કશું આપ્યું નહીં અને તેઓ જતા રહ્યા. અરે, મને પૈસા ન મળ્યા તેનું કંઇ દુઃખ નથી પણ આતો તે સાથે મારો બળદ પણ ગયો. હવે હું રવડી મરીશ; મારાં બાયડી છોકરાં ભૂખે મરશે. આ એક બળદે કાંઇ ગાડું હંકાવાનું હતું? બીજો બળદ વેચાતો લેવા માટે, બાપજી, મારી પાસે નાણાંયે નથી. હાય, હાય, હવે હું શું કરીશ?

રાજા: તમે વેઠે ન જાવ તો?

ગાડાવાળો: અમારી મરજી કમરજીને પૂછે કોણ? અમારે જવુંજ જોઇએ. ન જઇએ તો અમારી ઉપર દુઃખનો વરસાદ વરસી રહે છે.

રાજા: ત્યારે તમે હવે પૈસા ક્યાંથી લાવશો?

ગાડાવાળો: જ્યાંલગી બળદ લાવવા માટેના પૈસા મારી કને એકઠા થશે નહીં ત્યાંલગી મજુરી કરવા જવું પડશે. મજુરીયે કોઇ દહાડો મળશે ને કોઇ દહાડો નહીં મળે. એનું કશુંયે ઠેકાણું નહીં; જ્યાં ત્યાં બાપજી, મારે દુઃખે પાપે દહાડા કાઢવા પડશે?

આટલું કહી તે પાછો રડવા લાગ્યો. રાજાએ પૂછ્યું:—આ બધું ક્યાં અને કોને માટે લઇ જવામાં આવતું હતું?

ગાડાવાળો: માયાપૂરના નવા રાજાને ત્યાં, તેને ગાદીએ બેસવાનો મંડપ ઉભો કરવા માટે—

રાજાથી એક ધીમી ચીસ પડાઇ ગઇ. તે એકદમ જાગ્યો અને જોયું તો અંગરક્ષકો આવી લાગ્યા હતા. એકે કહ્યું; મહારાજ, આપે ચીસ કેમ પાડી હતી? આપને કાંઇ દુઃખ થાય છે, કૃપાળુ?

રાજાએ કહ્યું: ના, મને કાંઇ થયું નથી. તમે હાલમાં તમારે કામે વળગો.

રાજા પોતાના નિત્યકર્મમાં પ્રવૃત્ત થયો. થોડીવારમાં તેને અરજ કરવામાં આવી કે આજના રાજ્યાભિષેકના શુભ દિવસનો મંગલકાલ એક કલાક પછી એટલે નવ વાગે છે.

અર્ધા કલાક પછી મહારાજાને પહેરવા માટે ઝભ્ભો અને મુકુટ આણવામાં આવ્યાં. મણિરત્ન, હેમ અને હીરાઓથી જડાયલાં આ મૂલ્યવાન વસ્ત્રો જોઈને રાજાને અત્યારે કંપારી છૂટી ! રાત્રિનાં ત્રણ સ્વપ્ન તેને સાંભર્યા. તેના હૃદયે, તેને આ ઝભ્ભો અને મુકુટ પહેરવાને સંમતિ આપી નહીં !

રાજાએ અંગરક્ષકોને આજ્ઞા કરીઃ લઈ જાઓ, આ બધી વસ્તુઓને; હું તેમાંનું કશું પણ નહીં પહેરૂં.

અનેક દિવસથી મોટી મોટી તૈયારીઓ અને અત્યંત મહેનત કરીને તૈયાર કરાવેલી વસ્તુઓ છેક છેલ્લી ઘડીએ નથી જોઇતી એમ કહેનારને કેવો કહેવો એ બાબતમાં રક્ષકો ચકિત થઇને, પરસ્પર નેત્રપલ્લવી કરવા લાગ્યા. કોઈ આડું જોઈ હસવા લાગ્યા અને કોઇ અર્થસૂચક રીતે વક્રનેત્ર કરવા લાગ્યા.

રાજાએ હવે ગુસ્સાથી કહ્યુંઃ "હું ફરીથી કહું છું કે તમે બધા છાનામાના અંહીથી ચાલ્યા જાવ અને આ વસ્તુઓ ઉઠાવી જાવ."

બધા હુઝુરિયા એક પછી એક નમન કરી ચાલતા થયા. તેમણે મંત્રીમંડળને આ સમાચાર જણાવ્યા. વિસ્મિત થયેલા મંત્રીઓ મહારાજા પાસે આવી પહોંચ્યા. મુખ્ય મંત્રીએ ધીમા અવાજમાં પૂછયું; "મહારાજા, આપ આ મુકુટ અને ઝભ્ભો પહેરવા શા માટે ના પાડો છો ? આપણે એ તૈયાર કરવામાં ઘણુંજ ખર્ચ કર્યું છે. ઘણાં માણસોને તે તૈયાર કરતાં કષ્ટ સહવું પડયું છે. "

રાજાઃ "મંત્રીજી, તમે તે પાછળ ખૂબ ખર્ચ કર્યું છે અને અનેક માણસોને સંકષ્ટ સહન કરાવ્યું છે તે માટેજ હું તે પહેરવા ના પાડું છું. મારા રાજ્યાભિષેકનો આજનો માંગલિક દિન છે તે છતાં હું એ પહેરીશ નહીં. આ મારો ઝબ્બો, શોકની શાળ ઉપર દુઃખથી પીડાયલા-ફિક્કા પડેલા હાથોથી વણાયો છે. આહ્ ! મારા મુકુટ માંહેલા રાતા રત્નમાં રક્ત ભરાયલું છેઃ અને મારા રાજ્યાભિષેક માટેના મંડપમાં, તેમાં પથરાયલા ગાલીચાઓમાં મૃત્યુની ક્રૂરતા પ્રસરેલી છે. એમાંનું કશું મારે ગ્રાહ્ય નથી. જાઓ, તેને ઊંડા ઉંડા અંધકારવાળા આગારમાં મૂકી દો."

રાજા, આવું જોશવાળું, કોઇવાર બોલ્યો નહતો. તેણે પોતાને આવેલાં ત્રણ સ્વપ્નોની હકીકત મંત્રીઓને કહી. ઘણા દરબારીઓને, આ વિચિત્ર સ્વપ્નોમાં આસ્થા રાખનાર રાજા ગાંડો લાગ્યો. મુખ્ય મંત્રીએ કહ્યુંઃ મહારાજા, સ્વપ્ન તે સ્વપ્નજ છે. એ તે કાંઇ કોઈ દહાડો ખરાં પડયાં સાંભળ્યાં છે ? ભ્રમણાને લીધે સ્વપ્ન આવે. એમાં તે શું ? જેઓ અમીરો અને રાજાઓ માટે મહેનત કરેછે તેઓને નાણાં તો આપવામાં આવે છે. તેમ છતાં તેઓ માંદા પડીને મરી જાય તેમાં અમીરો શું કરે ? શું ત્યારે દુનિયામાં બધાએ ગરીબજ રહેવું; યાતો શું બધાયે લોકોને પૈસાદાર બનાવવા ? ન બને, ન બને. ગરીબો અને ધનવાનોમાં ફરક હોવોજ જોઇએ. ગરીબો ધનવાનો માટેજ છે. નિર્બળ સબળને માટે છે એવો સૃષ્ટિનો નિયમ છે. માટે મહારાજા, આપ નાહક એવા વિચારો કરવા મૂકી દો અને અમારા શિરતાજ તરીકે, પ્રજાના રક્ષણહાર તરીકે, પ્રજાના પિતા તરીકે ઓળખાવા માટે આ સર્વ પોષાક પરિધાન કરો. એક રાજાએ પોતાની પ્રજા, જે તેનાથી નીચી છે તેનાથી પોતાને ઉચ્ચ તરીકે પ્રતિપાદન કરવા માટે આવાં રાજવંશી વસ્ત્રોપહેરવાંજ જોઈએ. એવાં વસ્ત્રો રાજા ન પહેરે તો પછી રાજા અને પ્રજામાં ફેર શો રહે ?

રાજા થોડીવાર સુધી મંત્રી સામું જોઇ રહ્યો. મંત્રી સમજ્યો કે આ બાળકરાજા, ઉત્તર આપવામાં ગુંચવાયો છે. મંત્રી મનમાં ફુલાયો કે મારી વાગ્ધારાથી મેં આ બાળકને કેવો મ્હાત કર્યો છે. પણ તેની ભૂલ હતી. રાજાએ કહ્યું: હું કિંમતી વસ્ત્રો પહેરીશ નહીં તો શું લોકો મને રાજા નહીં ગણે? તેઓ રાજા તરીકેના મારા ગુણ જોવા ઇચ્છેછે કે મારાં કપડાં?

મંત્રી: કૃપાળુ, આપ એ વસ્ત્રો નહીં પહેરો તો પ્રજા આપને ઓળખશે નહીં આપને કોઇ સામાન્ય બાળક તરીકે લેખશે.

રાજા: "હું એમ માનું છું કે એક રાજા કાંઈ કિંમતી વસ્ત્રો પહેર્યાથી, ટાપટીપ કરી શણગાર સજ્યાથીજ, રાજા તરીકે ગણાતો નથી: છતાં પણ તમે કહોછો તેમ પણ ભલે હોય. મારી પ્રજાના ભોગે તૈયાર થયેલાં આ વસ્ત્રો હું કદાપિ પહેરનાર નથી.

એટલું કહી, બાલરાજકુમાર પોતાની સ્વાભાવિક ચપળતાથી ઉઠયો અને બીજા ખંડમાં ગયો. એક નાના હુઝુરિયાને તેણે પોતાની પાસે બોલાવ્યો. એક નાની પેટીમાંથી તેણે પોતાનાં પહેલાંનાં કપડાં કાઢયાં. ભરવાડના વેશમાં એ રીતે સજ્જ થઇને રાજ્યદંડને બદલે તેણે એક વાંકી ચુંકી લાકડી લીધી. તે પછી તે અગાશીમાં ગયો. અને પાસેના ઝાડની એક લટકતી ડાંખળીનાં બે ત્રણ પાંદડાં તોડયાં અને તેનો પડીઓ બનાવી, તે માથા ઉપર મુકી દીધો. તેણે હુઝુરિયાને કહ્યું: "મારો મુકુટ, મારો રાજદંડ, મારો ઝબ્બો—એ બધું આજ છે. ચાલ, હવે હું રાજગુરૂ પાસે જાઉં છું, ત્યાં મારી સાથે આવ."

તે પછી તે પાછો મંત્રીમંડળ પાસે ગયો. તેનો આ રબારીનો પોષાક અને તેના માથા ઉપર પડીઓ મુકાયલો જોઇને, મુખ્યમંત્રીએ કહ્યું: મહારાજ, જો ખુલ્લા શબ્દોમાં કહું તો લોકો આપને આ વેશથી ગાંડા થઈ ગયેલા ધારશે

રાજા: ભલે ધારે. હું તમને મારૂં કહેવાનું કહી ચૂકયોછું. તમે નથી સમજ્યા તેમાં તમારો દોષ છે.

એટલું કહી રાજકુમાર, રાજગુરૂ પાસે જવા માટે મહેલમાંથી બહાર નિઃસર્યો અને સરીઆમ રસ્તાઉપરથી ચાલવાં લાગ્યો રાજ્યાભિષેકના સમયથી અર્ધો કલાક પહેલાં રસ્તાઓ ઉપર લોકોની ઠઠની ઠઠ મહારાજાની સ્વારી જોવાને એકત્ર થઈ હતી અને સિપાઈઓ હારદોર ઉભા રહીને બંદોબસ્ત જાળવતા હતા એટલે જે વખતે રાજકુમાર બહાર નિઃસર્યો તે વખતે સિપાઇઓ ગોઠવાઇ ગયેલા હતા. મહેલમાંથી બહાર નીકળ્યા પછી જરાક દૂર તે ગયો હશે તે વખતે એક સિપાઇએ તેને મહેલમાંથી નીકળતાં જોયો હતો અને ઓળખ્યો પણ હતો, છતાં કહ્યું: "એ છોકરા, રસ્તા વચ્ચે કેમ ફરે છે? ચાલ દૂર થા." આ વખતે નાનો હુઝુરિઓ બહીનીને નાશી ગયો.

રાજાએ કહ્યું: "એક રાજા સામે એવું બોલવા માટે તને ભારે શિક્ષા થવી જોઈએ પણ હું તને તેમ કરીને દુઃખ દેવા માગતો નથી." રાજ્યમંડળનાં માણસોને પસાર થવા માટેનો તે દિવસનો ખાસ છુપો શબ્દ, રાજાએ કહ્યો એટલે સિપાઈ નમન કરી દૂર ગયો.

એક જમાદારે પૂછયું: કૃપાળુ આપે આ વેષ કેમ ધારણ કર્યોછે?

રાજકુમારે ઉત્તરમાં પોતાનાં ત્રણે સ્વપ્નની વાત કહી.

જમાદારે કહ્યું: મહારાજા, ધનવાનોની મોજમઝાહોથી જ ગરીઓ પોષાય છે. ધનવાનોના ભપકાબંધ રહેવાથી, ધનવાનોની બદીઓથી અમે-ગરીઓ અમારી રોટલી પેદા કરીએ છીએ. એક સખ્ત ઉપરી માટે સખ્તપણે કામ કરવું સારૂં પરંતુ કામ કરવા માટે અંકુશરૂપ કોઇપણ ઉપરી ન હોય તે ઘણું ખરાબ છે. રાજા વિના પ્રજા શોભેજ નહીં! આપ અને પ્રજા સરખી

પાયરી ઉપર રહી શકોજ નહીં. જેમ ઉદયને અસ્ત, રાત્રિ અને દિવસનાં દ્વન્દ્વ છે તેમજ અમીરી અને ગરીબીનાં દ્વન્દ્વ છે. ધનવાનોની ગુલામગીરી ગરાબોએ કરવીજ જોઇએ.

રાજાઃ મને જવાબ આપો કે પૈસાદાર અને ગરીબ, એકજ પિતાના ઉત્પન્ન થયેલા પુત્રો નથી? અને તેથી તેઓ ભાઇઓ નથી?

જમાદારઃ તોપણુ શું? માટે કાંઈ ગરીબોના કહેવા પ્રમાણે ધનવાનોએ ચાલવું જોઇએ અથવા તો શું ધનવાનોએ ગરીબોને પોતાની સમાન ગણવા જોઇએ?

રાજાઃ હા, એકવાર નહીં પણ એકસોવાર.

જમાદાર વધુ બોલી શકયો નહીં. રાજા આગળ ચાલ્યો.

રાજ્યગુરૂના મંદીર આગળ જઇ પહોંચતાં, ત્યાં પણ સિપાઇઓનો પહેરો હતો અને લોકોની ઠઠ મળી હતી. એક સિપાઈએ કહ્યુંઃ એ છોકરા! કયાં રખડે છે? કોણ છે તું?

"હું રાજા છું" તેણે ધીમે રહીને રાજમહેલનો મોહ્રામંત્ર કહ્યો. સિપાઇ નમન કરી ચૂપ થયો.

મંદીરમાં રાજ્યપુરોહિત પોતાને આસને બેઠેલો હતો. રાજાને તે પોતાના મૃગીના રબારીવેષમાં જોઇ, ચમકયો અને પોતાની જગ્યાએથી ઉઠી, સામો આવ્યો. રાજામાં ધાર્મિક સંસ્કારોનાં બીજ નાંખનાર, આ રાજપુરોહિત હતો. તે વયે વૃદ્ધ હતો અને જ્ઞાને પણ વૃદ્ધ હતો. તે રાજાને હમેશાં "પુત્ર" કહીને સંબોધતો હતો. તેણે કહ્યુંઃ પુત્ર, આ શું? શું આજના તારા મંગલદિનનો પોષાક આ પહેરવો છે? તારો મણિમય મુકુટ કયાં? તારો સોનેરી ઝબ્ભો કયાં? તારો અમૂલ્ય રાજ્યદંડ કયાં? બેટા, તારૂં વર્ત્તન આમ કેમ?

"ગુરુ, પ્રણામ કરૂં છું. હું એ વસ્ત્રો નહીં પહેરૂં.

"કેમ"?

"સેંકડો વિગલિત, કૃશ અને રંક બનેલા લોકોના નિઃશ્વાસ સાથે તૈયાર થયેલી એ સર્વ વસ્તુઓ મારે અગ્રાહ્ય છે. જે વસ્તુને માટે, અને મારે પહેરવાનાં જે કોઇ કપડાં માટે, કોઇને લેશપણ સંકષ્ટ વેઠવું ન પડ્યું હોય એવાં કપડાં મારે પહેરવાં છે. એવો મુકુટ, એવો ઝભ્ભો અને એવો રાજ્યદંડ હું ખુશીથી ધારણ કરીશ."

"પુત્ર, તારામાં આવા વિચારોનો સંચાર ક્યાંથી થયો?"

રાજાએ, એ પ્રશ્નના ઉત્તરમાં પોતાનાં ત્રણ સ્વપ્નની વાત કહી. રાજ્યપુરોહિત થોડીક વિચારમાં પડયો પરંતુ તે પછીથી બોલ્યોઃ બેટા, આ જગતમાં અનેક પ્રકારની ઘટનાઓ ચાલે છે એ કાંઇ મારા જેવા વૃદ્ધથી અજાણ્યું હોય? નાપાક લુંટારાઓ પર્વતોમાંથી, જંગલની ગુફાઓમાંથી બહાર નિઃસરી આવી શહેરો અને ગામડાંઓમાંથી કેટલાંએ નિર્દોષ દુધમલ બાળકને ઉઠાવી જાય છે અને તેમનાં ઘરેણાં કાઢી લઈને કાંતો રખડતાં મુકે છે કે તેમનું ખૂન કરે છે, એ મારાથી અજાણ્યું નથી. જંગલમાં જે પંથીજનો આનંદથી મુસાફરી કરતાં હોય છે તેમને વાઘ, વરૂઓ અને સિંહો તરાપ મારી ફાડી ખાય છે એ હું જાણું છું. રાત્રે ગરીબ ખેડુતોના પાકને શિયાળવાં નુકશાન કરે છે; ચાંચીઆઓ દરિયા કિનારાઓ ઉપર અને દરીઆમાંથી પસાર થતાં વહાણો ઉપર લૂંટ ચલાવે છે. એટલુંજ નહીં પણ બેટા, શહેરોમાં ગરીબોનાં મલીન અને સાધનહીન રહેઠાણો, તેમની દુર્ભાગી હાલત, તેમને થતા અનેક દુષ્ટ રોગો—એ સર્વ મને માલુમ છે. ભિખારીઓ, શહેરોમાં ભટકી ભટકીને કુતરાંઓ ભેગા પણ પોતાનાં ભોજન લેછે તે હું સારી પેઠે જાણું છું; પણ મારો પ્રશ્ન એ છે કે શું એ બધું તું એકલો નિવારી શકીશ?—

"હા–એક રાજાનો એજ ધર્મ છે કે જ્યાં સુધી તેણે પોતાનાં પ્રજાજનોનાં દુઃખ નિવાર્યાં નથી ત્યાં સુધી તેણે નિરાંતે ખાવું, બેસવું, સુવું કે મોજ મઝા ભોગવવી નહીં. કહ્યું છે કે—

"રાજધર્મ માટે જે જાયો, રાજા પ્રજાસેવક સરજાયો." રાજા, પ્રજાની સર્વ ઇચ્છાઓ પરિતૃપ્ત કરવા બંધાયલો છે. પ્રજાને સુખ ન આપનાર રાજાને ફિટકાર છે"

"પણ બાપુ, તે માટે રાજ્યમુકુટ ધારણ નહીં કરવાની કાંઈ જરૂર ? તારા આવા ઉમદા વિચારો છે અને પ્રજા પ્રત્યે તને પ્રેમ છે તેથી ખરેખર, ભવિષ્યમાં તું એક મહાન્ રાજા થઈશ. પરંતુ જે સઘળું તું ધારે છે તે ધીમે ધીમે કરવું હોય તો કરજે. હાલ તુર્ત તો તારાં સ્વપ્નના તું વિચાર જ કરીશ નહીં. આ જગતનો ભાર એટલો બધો છે કે એક માણસથી તે વહન થઈ શકે જ નહીં અને જગત્માં દુઃખ પણ એટલાં બધાં છે કે એક હૃદય તે માટે ખિન્ન થવા બેસે તો ચીરાઈ ગયા વિના રહે જ નહીં."

રાજાઃ અહા ! રાજગુરૂ ! તમે મુરબ્બી પણ, પવિત્ર કૃષ્ણચંદ્રના મંદીરમાં આવા નિષ્કાળજીવાળા ઉદ્ગારો કાઢો છો ? તમારી પાસેથી મેં આથી જુદા જ પ્રકારની આશા રાખી હતી !"

રાજાનું મન ખિન્ન થયું. બે ક્ષણ સુધી તેણે વિચાર કરી જોયો. તેની દૃષ્ટિ શ્રી શ્યામની પ્રતિકૃતિ તરફ ગઈ. તેનું મધૂર આસ્ય, મંદમંદ હાસ્યથી પ્રફુલ્લ અને ઉલ્લસિત જણાયું. તેને તેમાં કાંઇ અજબ તેજઃપુંજ જણાયો. તે ચપળતાથી મૂર્તિ પાસે ગયો અને તેની સામે ઉભો રહ્યો.

મૂર્તિની બન્ને બાજુએ સોનાની દીવીઓ ઉપર ઘીના અખંડ દીવા બળતા હતા. મહિસૂરી ધુપનો મઘમઘાટ મંદીરમાં ચારે પાસ ફેલાઈ રહ્યો હતો અને દેવને ચઢાવેલાં તાજાં મોગરા તથા ગુલાબનાં ફુલોનો પમરાટ સર્વત્ર પ્રસરી રહ્યો હતો. રાજાએ મૂર્તિને દંડવત્ પ્રણામ કર્યાં. હૃદયમાં એ જ કૃષ્ણચંદ્રની એકલી મૂર્તિનું ધ્યાન ધર્યું. જ્યારે તે દેવની મંદમંદ સ્મિત કરતી છબિજ

માત્ર તે જોઇ રહ્યો હતો-હૃદયમાં તેનેજ ઉતારી રહ્યો હતો ત્યારે એકાએક મંદીરની બહાર મોટી બૂમો સંભળાવા લાગી. ધીમે ધીમે એ બૂમો વધતી ગઈ અને મંદીરની પાસે ને પાસે આવવા લાગી. થોડીવારમાં અમીરો, તેમના નોકરો અને બીજાં માણસો, મંદીરમાં ધસી આવ્યાં. કોઇના હાથમાં તરવારો હતી. કોઇની પાસે દંડુકાઓ હતા. કોઈની પાસે કટારો હતી. અને કોઈની પાસે બંદુકો હતી. શું આ બધું ફક્ત એક કોમલ, બાલક રાજકુમાર માટે હતું? મંદીરમાં આવનારાઓ બોલી ઉઠ્યા "ક્યાં ગયો એ રબારી? ક્યાં ગયો એ સ્વપ્નાં જોનારો ભરવાડ?" આ વખતે રાજ્યગુરૂ એવી રીતે ઉભો હતો કે રાજકુમાર તરફ બહારથી આવનારનું પહેલું ધ્યાન જાય નહીં. એક જણે રાજ્યગુરૂને કહ્યું:–એ છોકરાએ અમારા અમીરોના, રાજવંશીઓના અને ખુદ રાજકુટુંબના પવિત્ર બાપદાદાઓની કીર્તિને કલંક લગાડયું છે.

એક બાજુ, જ્યારે અમીરો વગેરે આમ ધાંધલ કરી મૂકતા હતા ત્યારે રાજા શાંત ચિત્તથી કૃષ્ણચંદ્રની સ્તુતિ કરવામાં તલ્લીન થયેલો હતો. તેના ધીમા પણ મંજુલ કંઠથી તે નીચેનો ગણગણાટ કરી રહ્યો હતો:—

नमः पुरस्तादथ पृष्ठतस्ते
नमोऽस्तु ते सर्वत एव सर्व ।
अनंत वीर्यामित विक्रमस्त्वं
सर्वं समाप्नोषि ततोऽसि सर्वः ॥
पितासि लोकस्य चराचरस्य
त्वमस्य पूज्यश्च गुरूर्गरीयान् ।
न त्वत्समोऽस्त्यभ्यधिकः कुतोऽन्यो
लोकत्रयेऽप्यप्रतिमप्रभावः ॥

तस्मात्प्रणम्य प्रणिधाय कायं
प्रसादये त्वामहमीश मीड्यम् ।
पितेव पुत्रस्य सखेव सख्युः
प्रियः प्रियायार्हसि देव सोढुम् ॥

પ્રાર્થના પૂરી થઇ અને તેનીજ સાથે શ્રીકૃષ્ણચંદ્રની વિમલ વિલસિત મૂર્તિમાંથી એકાએક એવું દિવ્ય તેજ આ બાલ રાજ કુમાર ઉપર પડ્યું કે તેથી તેની અદ્દભુત આકૃતિ જણાવા લાગી ! તેજ વખતે મંદીરની પાસેના બગીચામાંથી, શિતલ વાયુના સુસવાટ સાથે એક લીલી વેલ અને થોડાક મોગરા તથા ગુલાબનાં ફુલો ઉડી આવ્યાં. એ વેલ રાજકુમારના કંઠમાં આરોપિત થઈ અને પુષ્પો તેના શિર ઉપર વિરાજવા લાગ્યાં ! વળી રવિકિરણોએ આ વખતે મંદીરના બારીઓમાંથી પ્રવેશ કરીને રાજકુમારના ગોરા ગુલાબી વદન ઉપર પોતાનો પ્રકાશ પાડ્યો. રવિકિરણોથી આ રાજકુમારનો રબારી વેષનો રાતો ઝભ્ભો જાણે સુવર્ણમય ઝભ્ભો નહોય, રાજકુમારને કંઠે વિંટળાયલી નાનાં નાનાં શ્વેત પુષ્પોવાળી વેલ જાણે એક ચંદ્રહાર ન હોય રાજકુમારના શિરપરનાં ગુલાબ જાણે રાતાંરત્ન નહોય, તેમ જણાવા લાગ્યાં! આહીરડામાં ઉછરેલા શ્રીકૃષ્ણચંદ્રે આહીરડામાં ઉછરેલા આ રાજકુમારને કુદરતની મનોહર અને સુગંધમય વસ્તુઓથી એવો શણગાર્યો કે પગથી તે માથા સુધી આ નાનકડો રાજકુમાર બિલ્કુલ શ્રૃંગાર પહેર્યા વિના, કિંવા મણિમાણિક્યથી મઢેલા રાજ્યમુકુટ વિના, કિંવા સુવર્ણમય ઝભ્ભા વિના એક દિવ્યદેહી જેવો દેખાવા લાગ્યો ! અનુપમ અંબારથી સર્વાંગ સુન્દર બનેલા આ કુમારને શ્રીકૃષ્ણના બીજા સ્વરૂપ જેવો જોઇને તેના ઉપર ગુસ્સે થયલા અને તેને મારવા આવેલાં એકકેએક માણસો આશ્ચર્યચકિત થઇ ગયાં ! તેમના કઠોર હાથોમાંથી શસ્ત્રો અને લાકડીઓ પડી ગયાં: એજ હાથો એકત્ર થયા અને દરેક જણ વિનીત વદન સાથે આ દેવાંશી રાજકુમારને વંદન કરવા લાગ્યું ! !

રાજગુરૂએ વિચાર્યું કે " આ બાલકને આવેલાં સ્વપ્ન કેવળ ઇશપ્રેરિત હોવાં જોઇએ; અને એ સ્વપ્નની થયેલી દિવ્ય અસરનેજ પ્રતાપે અત્યારે આ રાજકુમાર—કેવળ કુદરતી વસ્તુઓથી વિંટળાયલો હોવા છતાં ખરેખરો દિવ્ય લાગે છે. " તેના હૃદયમાં પોતાના શિષ્ય માટે અત્યારે માન આદર અને અત્યંત પ્રેમ ઉપજ્યો. એ પ્રેમ, પોતે વૃદ્ધ હતો છતાં પૂજ્યતામાં બદલાયો અને તે બોલ્યો: એ મહાન્ રાજકુમાર, ખરૂં છે કે:—

**गुणाः पूजास्थानं गुणीषु न च लिंगं न च वयः ॥**

તું સાચો છે. સમસ્ત જગત્‌ના લોકના વંદનને લાયક છે. ગરીબોના દુઃખ અને નિઃશ્વાસથી ભારે બનેલા, ગરીબોના ભોગે તૈયાર કરાવાયલા એ રાજ્યમુકુટ અને ઝભ્ભા કરતાં આ નિર્દોષ નિર્મલ અને સર્વને સુખ આપનાર, પરાર્થે પણ પોતાના પ્રાણ આપનાર કુસુમો અને વનઉપવનની સંતતિરૂપ વૃક્ષ વેલડીઓ જ ખરાં રાજ્યમુકુટ અને ઝભ્ભા સમાન્ છે. સમસ્ત જનસમાજને, તારી આબાલવૃદ્ધ પ્રજાને તેં એક નાના બાલકે, આજ એક દિવ્ય દેવ રૂપે સત્યબોધ આપ્યો છે અને તે માટે મારૂં તને વંદન છે—

એટલું બોલીને આ શ્વેત દાઢીવાળો રાજગુરુ, મૂછો વિનાના એક બાલકને પગે પડયો—તેનાં ચરણકમલને તેણે ચુમ્બન કર્યું!

રાજા, એક પણ બોલ બોલ્યા વિના શ્રી કૃષ્ણચંદ્રની મૂર્તિ તરફ ફર્યો; ફરીથી એ તારણહાર મૂર્તિને તેણે પ્રણામ કર્યાં અને પોતાનાં શિર નમાવી ઉભેલા હઝારો લોકોના ટોળામાંથી તે પૂર્ણ ગંભીરતાથી ચાલીને પોતાને મહેલે ગયો: મંદીરમાં આવેલા સર્વ, તેની પાછળ ચાલ્યા. માર્ગમાં હઝારો લોકોએ પુષ્પો, પુષ્પમાલિકાઓ, ચોખા આદિ માંગલિક વસ્તુઓથી તેને વધાવી લીધો !

× × × ×

થોડા દિન પછી, આ રાજકુમારનો રાજ્યાભિષેક કેવળ કુદરતી, સાદી, પણ સુંદર અને નિર્દોષ વસ્તુઓથી થયો અને એ રાજ્યાભિષેક વખતે, આ નાના " છોકરા "નું હસ્તુ નાનું સરખું વદનકમળ નિરખીને અધિકારીવર્ગ અને સર્વ પ્રજાજન હર્ષમાં ડૂબી ગયાં!

# સ્વાર્થદાસનું અનુપમ ઉપવન.

દરરોજ સાંજે જયારે બાળકો નિશાળેથી છૂટતાં ત્યારે સ્વાર્થદાસના બાગમાં રમવા આવતાં હતાં. એ એક અનુપમ અને સુંદર બાગ હતો. ઘાસથી છંવાયલા વિશાળ પટમાં નાના નાના રોપાઓ ઉગેલા હતા. તેમની ઉપર તારાઓની પેઠે ફુલડાં ખીલી રહ્યાં હતાં. બોરસલ્લી, આંબા, ગુલાબ, મોગરો, જાઇ, જુઈ, ચંબેલી, ચંપો આદિ અનેક પ્રકારનાં ફળફુલનાં વૃક્ષો, એ બાગની શોભામાં વૃદ્ધિ કરતાં હતાં. એ વૃક્ષોપર પક્ષીઓ બેસીને મધૂર કલરવ કરી મૂકતાં હતાં અને ઉપવનમાં રમવા આવતાં બાલકો પખીઓનાં એ કુદરતી ગાન સાંભળીને આનંદથી કુદાકુદ કરી મૂકતાં હતાં. આ વાડીમાં રમતું ખેલતું દરેક બાળક અન્યને વારંવાર કહેતું હતું કે “આપણે અહીં કેવાં સુખી છીએ ?”

એક દિવસ સ્વાર્થદાસ પાછો આવ્યો સાત વર્ષ થયાં આ બાગનું કામ બીજા માણસને સોંપીને તે વિદેશ ગયો હતો. તે ગયો ત્યારે બાળકો તેનાં બાગમાં રમતાં ન હતાં. તે પાછો આવ્યો ત્યારે તેણે તેમને રમતાં જોયાં.

તેણે ગંભીર અને ગાઢ અવાજમાં કહ્યું: “છોકરાં, તમે અહીં શું કરો છો ?” છોકરાં તેના અવાજથી બ્હીનીને નાસી ગયાં. તે સ્વગત બોલ્યો: મારો બાગ મારી પોતાનીજ માલકીનો છે. દરેક જણે જાણવું જોઇએ કે મારા શિવાય તેનો ઉપ-

યોગ બીજો કાંઈપણ કરી શકે નહીં–કોઇએ કરવો જોઇએ જ નહીં."

તેણે બાગની ચારે બાજુએ એક ઉંચી દિવાલ બંધાવી લીધી; અને જાહેર ખબરનું પાટીયું ટાંગ્યું કે:—

"આ રસ્તો રાહદારીનો નથી. રજા શિવાય જનારને શિક્ષા કરવામાં આવશે."

સ્વાર્થદાસ ઠીંગણો, ગંદો અને કાળો–સીધો જેવો–હતો તેનો સાદ ઘોઘરો અને ચાડો હતો. પહેલાં તો બાળકો તેની આકૃતિ અને અને અવાજ બન્નેથી બીતાં હતાં. હવે તેના હુકમથી પણ તેઓ બીવા લાગ્યાં. તેમનું રમવાનું સ્થાન ઝુંટાઈ ગયું. તેમણે રસ્તા ઉપર રમવાના પ્રયત્ન કર્યા પણ રસ્તો ધુળવાળો અને પત્થરવાળો હતો. ત્યાં લોકોની આવજાથી રમતમાં વારંવાર વિક્ષેપ પડતો હતો. બાળકો બિચારાં ઉંચી દિવાલની આસપાસ ફાંફાં મારવા લાગ્યાં. તેઓને વારંવાર એ બાગની મઝા સાંભરતી. તેઓ ખેદિત દૃષ્ટિપાત સાથે એજ વાતો કરતાં કે "આપણને એ બાગમાં કેવી ગમ્મત પડતી હતી ?"

ઋતુરાજ વસંત આવ્યો અને સૃષ્ટિને સુંદર બનાવવાના વધામણાં લાગ્યો. ગામના બીજા બાગો અને વનઉપવનોમાં વૃક્ષો અને વેલડીઓને મોર આવ્યા; અવનવાં પક્ષીઓ વિવિધ સ્થલોએથી આવીને તે વૃક્ષોમાં વસવા લાગ્યાં; વસંતે બધાં ઉપવનોની મુલાકાત લીધી પણ તે સ્વાર્થદાસની વાડીમાં ગયો નહીં. કદાચ એને પણ બાળકોની પેઠે બાગમાં પ્રવેશવા માટે ઉંચી દિવાલો નડી હશે અથવા તો સ્વાર્થદાસની આજ્ઞાનું ઉલ્લંઘન કરતાં શિક્ષાના ભયથી તે ડર્યો હશે ! ગમે તે હો; પરંતુ સ્વાર્થદાસના બાગના છોડવાઓ દિનપ્રતિ દિન કરમાતા જ ચાલ્યા. ફુળની કળીઓ વિકસિત બનવાને આનાકાની કરવા લાગી. વૃક્ષોએ લીલું અને પ્રફુલ્લ સ્વરૂપ ધારવા ના પાડી અને જ્યાં ત્યાં ફિક્કાશે ઘર કર્યું. પશ્ચિમનો પવન, બીજા

બાગો કરતાં આ બાગમાં વધારે ફુંકાવા લાગ્યો. તે, ઝાડનાં પાંદડા તથા ડાળી ડાંખરાં તોડવા, ફેંદવા, અને આખી જમિનમાં પ્રસારી દેવા લાગ્યો. બાગનો ફુવારો પણ ઉડતો નહતો. લતામંડપો સૂકાઇ ગયા. પક્ષીઓએ બાગમાં આવવું બંધ કર્યું. જ્યાં ત્યાં નજર કરતાં, આ એકવારનું હરિયાળું ઉપવન, ઋતુરાજના દિવસોમાં ઉજ્જડ વેરાન સમાન બની ગયું.

સ્વાર્થદાસ પોતે આખો દિવસ બારી આગળ બેસી રહેતો અને વિચારતો "હજી લગી વસંતરાજ કેમ ના આવ્યો? શું હવામાં ફેરફાર થયો હશે?"

પણ વસંત ત્યાં કદીપણ આવ્યો નહીં. વસંત પછીની ગ્રીષ્મ ઋતુમાં બીજા બાગોમાં કેરીઓ, રાયણ, ગુંદાં અને એવાં ફલાદિ મનમાનતાં થવા લાગ્યાં. સ્વાર્થદાસને ત્યાં કશુંયે થયું નહીં. સ્વાર્થદાસને આ બિલકુલ ગમ્યું નહીં. તે આકળવિકળ થવા લાગ્યો.

"હોણુ સાલ શું દુકાળ પડવાનો છે?"

એક દિન પ્રાતઃકાલમાં તે એકાએક, એક સુંદર ગાનના મધુરા નિનાદથી જાગ્રત થયો. તે ગાન, એટલું બધું મીઠું હતું કે તેના શરીરમાં તેથી આનંદ છવાઈ રહ્યો. સાત આઠ વર્ષથી તેણે કદાપિ ગાયન સાંભળ્યું નહતું. તેણે ઉઠીને બારીમાંથી બહાર જોયું તો નીચે એક ઘણો નાનો છોકરો સારંગી વગાડીને ગાતો હતો. એ ગાયન બંધ થયું એટલે સ્વાર્થદાસ તેથી એટલો બધો પ્રસન્ન થઈ ગયો કે તેણે તે છોકરાને એક આનો આપીને બીજું ગાયન ગવરાવ્યું. સ્વાર્થદાસે પોતાની જિંદગીમાં આવું કદાપિ કર્યું નહતું! તેણે આવી મમતા કોઈના પ્રત્યે બતાવી ન હતી!

તે છોકરો ગયો. થોડીવાર પછી સ્વાર્થદાસની નજર જ્યારે બાગ તરફ ગઈ ત્યારે તેણે કાંઈ આશ્ચર્યજનક દેખાવ જોયો. ઉંચી

દિવાલમાં એક કાણું પાડીને છોકરાંઓ તેમાં થઇને બાગમાં આવ્યાં હતાં. અને વૃક્ષોની ડાળીઓમાં બેઠાં હતાં. જે દરેક ઝાડ તેણે જોયું તેની સઘળી ડાળીઓ છોકરાંથી ભરપૂર હતી. ઉપરાંત દરેક વૃક્ષને મ્હોર આવેલા હતા. બાળકો પોતાના નાના નાજુક હાથો હલાવી, આનંદ કરી રહ્યાં હતાં; પક્ષીઓ અહીં તહીં ઉડાઉડ કરી રહ્યાં હતાં અને લીલા ઘાસની જાજમમાંથી ફુલના છોડવાઓ ડોકીઆં કરી રહ્યાં હતાં. એ દેખાવ મનોહર અને મોહક હતો. સ્વાર્થદાસ આ જોઇને એકાએક બોલી ઉઠ્યોઃ "અંતે ઋતુરાજ આવ્યો ખરો!"

બાગના એકેએક ખૂણામાં તેણે નજર ફેરવી. એક ખુણામાં તેણે દિલગીરી ઉપજાવે એવો દેખાવ જોયો. પેલો સારંગીવાળો ઘણો નાનો બાળક એક ઝાડ નીચે ઉભો રહ્યો હતો. તે ઝાડ ઉપર ચઢવાને ઘણાં વલખાં મારતો હતો પણ પોતે નાનો હોવાથી પહોંચી શકતો નહતો. બાલક આમતેમ જોઈ, કોઇ સહાય કરનારને ન દેખી, રડતો હતો. બીજાં બધાં આનંદમાં મસ્ત હતાં તેથી કોઈનું ધ્યાન તેની તરફ નહતું. પવનનો ઝપાટો આવ્યો. ઝાડને દયા આવી. તેણે પોતાની એક ડાળી નીચી નમાવી. બાળકે હાથ લાંબા કર્યા છતાં પણ તે પહોંચી શકયો નહી. ડાળી ઉંચી થઇ ગઇ. બાળક ફરીથી રડવા લાગ્યો.

આ દયાર્દ્ર દેખાવે સ્વાર્થદાસને પીગળાવ્યો. તે એકદમ નિઃસરણી ઉપરથી ઉતર્યો અને તે બાલક પાસે ગયો. બીજાં બાળકોએ જેવો સ્વાર્થદાસને જોયો કે તુર્તજ તેઓ બ્હીનીને નાસી ગયાં. ફક્ત તે નાનો છોકરો ઉભો રહ્યો. સ્વાર્થદાસ ધીમે પગલે તેની પાસે ગયો. તે બાલકની આંખો અશ્રુથી ભરાઈ ગઈ હતી. સ્વાર્થદાસે બાળકને ઉંચકયો અને ઝાડ ઉપર બેસાડયો. એકદમ વૃક્ષને મ્હોર આવ્યા અને ત્યાં મઘમઘાટ પ્રસરી રહ્યો. પક્ષીઓએ કિલબિલાટ કરી મૂકયો. બાળક પોતાના નાના નાના નાજુક હાથથી નાની નાની તાળીઓ

પાડવા લાગ્યો. સ્વાર્થદાસ બહુ ખુશી થયો. તેણે આનંદના આવેશમાં એ બાળકને ફરીથી પોતાના હાથમાં લીધો અને એક ચુંબન કર્યું.

તેણે આવા હર્ષથી કોઇ દિવસ કોઇને ચૂમી લીધી નહતી! બીજાં બાળકોએ આ દેખાવ જોયો. તેમની ભ્રાંતિ નાસી ગઈ. તેઓ બધાં ધીરે ધીરે પાછાં બાગમાં આવ્યાં અને રમવા મંડયા. ખરે, સ્વાર્થદાસ આ વખત તેમને વઢયો નહીં.

તેણે દિવાલ તોડાવી નાંખી. રસ્તે જતા લોકો, એ જોઇને આશ્ચર્યાન્વિત થયા.

હવે સ્વાર્થદાસની વાડીમાંથી બાળકોને કાઢીં મૂકનાર કોઇ નહતું. તે કહેતો કે: "ઋતુરાજ મ્હારે ત્યાં આવ્યો નહોતો તેનું કારણ એ હતું કે મેં બાળકો પર પ્રીતિ બતાવી નહતી, તેને બીક લાગી હશે કે રખેને હું તેની ઉપર પણ પ્રીતિ નહીં રાખું" છોકરાંઓ હવે સ્વાર્થદાસને દિવ્ય દેવદૂતો સમાન લાગતાં હતાં. તેઓ હરનિશ વાડીમાં રમવા આવતાં હતાં; પરંતુ પેલો નાનો બાળક તે પછી કોઇ દિવસ જણાતો નહીં. સ્વાર્થદાસ હરરોજ પૂછતો કે "જે છોકરાને મેં ઝાડ ઉપર બેસાડયો હતો તે કેમ દેખાતો નથી?"

બીજાં છોકરાં કરતાં તેને તેની ઉપર વધારે પ્રેમ હતો. છોકરાં જવાબ આપતાં: તે ક્યાં રહે છે તે અમે નથી જાણતાં!

વર્ષો વીત્યાં: સ્વાર્થદાસ વૃદ્ધ થયો. વાડીમાં વચ્ચોવચ્ચ આરામ ખુરશી ઉપર તે બેસતો અને બાળકોની રમત નિહાળતો હતો. તેને ફુલો ગમતાં હતાં પણ બાળકોને તે સૌથી સુંદર ફુલો ગણતો.

એક દિન સાંજરે તે હમેશ મુજબ આરામ ખુરશીમાં બેઠો હતો તે વખતે તેની દૃષ્ટિ એકાએક એક ઝાડ ઉપર પડી. તેણે ત્યાં જે દેખાવ જોયો તેથી તે સફાળો ઉઠયો. પોતાની આંખો ચોળી

તેણે ફરીથી જોયું. એનો એ જ દેખાવ ! તે દોડયો. બધું ભાન વિસરી ગયો. વાડીમાંના કેટલાક રોપાઓ તેના પગ નીચે છુંદાયા પણ તેનું ધ્યાન જ નહોતું. જે ઝાડ નીચે પહેલાં તેણે પેલા નાના બાળકને જોયો હતો તે જ ઝાડ આગળ તેનો તે જ બાળક ઉભો હતો. પણ કેવી સ્થિતિમાં ? નાની લોઢાની સાંકળોથી તે બંધાયલો હતો ! સ્વાર્થદાસે તેની પાસે જઇ કહ્યું " અરે, કોણ અભાગીઓ તને આ સાંકળથી બાંધી ગયો ? હું અત્યારેને અત્યારે માણસોને બોલાવીને આ બંધ છોડાવું છું. મારા બાલુડા ! તારી આ દશા કરનારને હું મારી નાંખીશ. " તેનું વદન ક્રોધથી લાલ બની ગયું. તે માણસોને બુમો પાડવા લાગ્યો પણ બાળકે મીઠી ગૌરવભરી વાણીમાં કહ્યું: " સ્વાર્થદાસ, હું પ્રેમબંધે બંધાયો છું. એ બંધ છોડવાની શક્તિ કોઇનામાં નથી. "

આ વખતે સ્વાર્થદાસને તે બાળકમાં કાંઇ અજબ તેજ રહેલું જણાયું. આશ્ચર્ય સાથે તે બોલ્યો: " બાપુ, તું કોણ છે ! આ બંધ કેમ કોઈ છોડી શકશે નહીં ? મારાથી તને આ દશામાં નથી જોવાઇ શકાતો. "

આ પ્રશ્નપરંપરાના ઉત્તરમાં તે બાળકનું સ્વરૂપ એકાએક ફેરવાઇ ગયું. તેને માથે સોનેરી મુકુટ બિરાજતો હતો. તેણે નાનું સરખું પીતામ્બર પહેર્યું હતું. રૂપેરી બુટ્ટાઓ જડેલો, કાળા મુખમલનો ઝભ્ભો તેણે પહેર્યો હતો. હાથમાં મોરલી હતી અને તે હોઠે અડકાડેલી હતી. વળી જે લોઢાની સાંકળોથી તે બાળક ઝાડ સાથે બંધાયો હતો તે સાંકળોને બદલે રેશમી દોરીઓ બની ગઈ હતી !

શ્રી શ્યામની આ આકૃતિ જોતાંજ તે વૃદ્ધજન આ નાના બાળકને પગે પડયો !

સ્મિતવદને બાલશ્રીકૃષ્ણે કહ્યું: " સ્વાર્થદાસ, તારૂં નામ

હવેથી પ્રેમદાસ પાડવું જોઈએ. જ્યારથી તારામાં પ્રેમનો સંચાર થયો છે ત્યારથીજ તારો જય થયો છે. સારંગીવાળા નાના છોકરાને યાદ કર. પ્રેમથી તેં તેને એક આનો આપ્યો ત્યારથી તારો સિતારો ફર્યો છે. જેઓ બાલકો પ્રત્યે પ્રેમભાવ બતાવે છે, જેઓ બાલકોની સૃષ્ટિમાં વિલાસ કરે છે, તેઓ અંતે મારી કૃપાને પામે છે. બાળકોનું મન જેઓ રંજન કરી શકે છે, તેમના કોડ પૂરા પાડે છે, તેમનાં આંસુનાં અકેક બિન્દુને અમોલ લેખે છે, તેઓ પોતાના જીવનને અંતે મારી કૃપાને પામે છે. પ્રેમદાસ, તારા જીવનના અંતિમ ભાગમાં તેં જે મમતા મારા બાલસ્વરૂપ ઉપર, જાણ્યે અજાણ્યે, બતાવી હતી તેને દિવ્ય બદલો હું તને આજ આપું છું."

બાલ કૃષ્ણના અલોપ થવા સાથે પ્રેમદાસનો દેહ ભૂમિપર પડી ગયો, અને તેમાંનો દિવ્ય પ્રકાશ—આત્મા—તે પરમાત્માના દરબારમાં સદોદિત આનંદ રસમાં મ્હાલવા ગયો ! વાડીમાં રમતાં છોકરાં જ્યારે તેના મૃત શરીર આગળ દોડી ગયાં ત્યારે વૃક્ષ ઉપરનાં કુમળાં, સુંદર ફુલોથી તે શરીર ઢંકાઇ ગયેલું હતું !

---

# મદનિકાની સુવર્ણ પાંખો.

મદનઃ બ્હેન ! ઓ રૂપરંભા બ્હેન !

રૂપરંભાઃ કેમ, અલિ મદનિકે ! શું જોઈએ છે ?

મદનઃ મારે એક વાનું પૂછવાનું છે. આ બીજી બધી અપ્સરાઓની મોટી, સુંવાળી પાંખો કેવી ચળકે છે ? અને શોભા આપે છે ? બહેન, મને આખો દહાડો વિચાર આવ્યા કરે છે કે એમના જેવી પાંખો મને કેમ નથી ? મેં ઈંદ્ર દેવનું શું બગાડ્યું છે અને તેમણે બધીઓએ તેમનું શું સારૂં કર્યું છે કે મારી તેમના કરતાં ઉતરતી પાયરીની પાંખો છે ?

રૂપઃ મદન, એ વિષયમાં તું શું સમજે ? તને હજી પૂરાં વીશ વર્ષ ક્યારે થયાં છે ?

મદનઃ તેમાં શું થઈ ગયું ?

રૂપઃ બહેન, હજી તું બાલિકા છે. હલેતી છે અને આ

સારૂં કેમ અને ખોટું કેમ એ સંબંધીનું પૂરેપૂરૂં જ્ઞાન તને ક્યાંથી હોય ? સારાં કામો કરનાર ઉમદા, પરોપકારી, દયાળુ, શુદ્ધ ભક્તિવાળા, ઇર્ષા વગરના અને નિર્મળ મનનાજ લોકો હોય છે. એવી જાતના લોકો અથવા તો સ્ત્રીઓને સદા સારાં ફળ મળે છે અને બ્હેન, જૂલ્મી, ક્રોધી, મારઝુડ કરનારા, ક્રૂર અને કોઇનું લગાર પણ ભલું ન કરનારા લોકો અને સ્ત્રીઓ નઠારાં-મલીન મનનાં જ હોય છે. સારાંને સારો અને નઠારાંને હમેશાં નઠારો બદલો મળે છે. વળી વચલા વાંધાના કેટલાક લોકો કે સ્ત્રીઓ હોય છે તેમને મધ્યમ ફળો મળે છે. આપણે ત્યાં પાંખોમાં પણ તેવોજ ફરક રાખ્યો છે. આ બધી બાબતનું, બ્હેન મદનિકે ! તને જ્ઞાન છે ? ના, નથી; અને જ્યાંસૂધી તે નથી ત્યાંસૂધી તારે શાન્તિ રાખવી જોઇએ; જ્યારે બધું સમજીશ અને આ કે તે જાતનું કરી બતાવીશ ત્યારે તારાં કર્માનુસાર તારી ઇચ્છા પરિપૂર્ણ થશે.

મદનઃ રૂપરંભા બ્હેન, તમે કહો છો તે બધું હુ સમજું છું; સારાં કામો કરવાનો વિચાર કરૂં છું; પણ મને તેનો અવકાશ ક્યારે આપવામાં આવે છે ? મને કાંઇ કામો ઇંદ્રદેવ સોંપે તો હું બતાવું કે હું સારાં કરૂં છું કે નઠારાં.

રૂપ૦-બ્હેન, જેને કામ કરવું છે, જેને સારૂં કરી બતાવવું છે તેને માટે સમય, સ્થાન અને અવકાશ એ સઘળું છે. સદ્દકર્ત્તવ્ય કરનાર માટે વિશાળ ક્ષેત્ર તૈયાર છે. માટે એકાન્તમાં જા, વિચાર કરી જો. બધું તને ધીરેથી સમજાશે.

રૂપરંભા એટલું બોલી, જરાપણ પાછું જોયા વગર, ઝડપથી જતી રહી. મદનિકા વિચારમાંને વિચારમાં શુંઢમુંઢ જેવી ઉભી રહી. રૂપરંભાના છેવટના રણકારા તેના મનમાં રમી રહ્યા. તે તેના ઉપર મનન કરવા લાગી. ચ્હેરો ફિક્કો પડયો. આંખમાંથી અશ્રુનાં

બે કે ત્રણ બિન્દુ સરી પડયાં. પાછી સતેજ થઈ અને પોતાની રેશમી ઓઢણીના છેડાવતી આંસુ લ્હોઇ, તે બોલીઃ **હું દરેકને મારાથી બનતી સહાય આપીશ"** જોઉં છું કે પછીથી, મારી પાંખોમાં કેવો ફેરફાર થાય છે ?

એક દિન ખરા મધ્યાહ્નને સમયે મદનિકા જતી હતી તેવામાં ભૂખના દુઃખથી પીડાતો, ભાંગ્યાતૂટયા શબ્દોમાં ખાવાનું માગતો એક કંગાલ દેખાવનો મનુષ્ય તેની દૃષ્ટિએ પડયો, જે જગ્યાએ તે પુકાર કરતો હતો તે જગ્યાએ થોડીવારમાં માણસોની અવરજવર વધવા માંડી. ઘણાએ આવ્યા. ઘણાએ તેને માગતો, કરગરતો સાંભળ્યો. ઘણાએ તે દુઃખી અવાઝ સાંભળવા થોડીવાર કોઇપણ જાતની લાગણી વગર ટોળે મળ્યા અને ઘણાંએ ત્યાંથી બેફિકરાઇથી ચાલ્યા ગયા ! ૦ા કલાકમાંતો પાછો તે કગાલ અને મદનિકા એ બે જ જણ રહ્યાં. મદન તે ભૂખ્યા પાસે ગઈ–મધૂરા, દયાભર્યા શબ્દોમાં તેણે તેને પૂછયુંઃ–" ભાઇ ! તમને ભૂખ લાગી છે ? શાન્ત થાઓ. હું હમણાં મારે ઘેરથી તમારે વાસ્તે ખાવાનું લાવું છું."

માણુસઃ–" બાલિકા, તારા આશ્વાસનયુક્ત શબ્દોથી હું આનંદિત થયો છું. જો તારો વિચાર થતો હોય, તને શ્રદ્ધા હોય તો ત્વરિત ગતિથી ખાવાનું લાવી, ભલે મને તૃપ્ત કર. તારૂં ભલું થશે."

મદનિકા દોડતી દોડતી ઘેર જઈ, ખાવાનું લઇ આવી. તેની પાસે આવી, તેને ખાવાનું આપવા જેવો તે પોતાનો નાજો બાજુક કર લંબાવે છે તેવોજ તે ભૂખ્યો માણસ અદૃશ્ય થઇ ગયો ! આશ્ચર્ય ! હાથમાં ખાવાનું લઇ મદન બબુચક જેવી ઊભી રહી. તેને વિચાર આવ્યા કે–આ કેવો બનાવ ! તેણે ખાવાનું મંગાવ્યું, મેં આણ્યું અને પછી દેખાયો કેમ નહીં ! તે કોણ હશે ? મેં તેને લગાર પણ કટુ વચન તો કહ્યાં નથી એટલે મારી ઉપર ગુસ્સે થયો હશે એમ

પણ ન માની શકાય. મેંતો તેને ખાતર ઉલ્ટો શ્રમ લઇ, ખાસ તેને સારૂ દોડી, ઘેરથી ખાવાનું આણ્યું હતું. લાચાર ! હવે હું શું કરી શકું તેમ હતું ?

થોડીવાર પછી ઘેર જઈ ખાવાનું મુકી આવવું એજ આખરનો રસ્તો રહ્યા હતો.

* * * * * *

એ વાત વિસારે પડી. એક દિન કુદરતની લીલા નિહાળતી નિહાળતી મદનિકા જતી હતી. જતાં જતાં એક વિશાળ તળાવને આરે આવી તે ઉભી રહી. તળાવનું મનોહર સ્વચ્છ પાણી, તેમાં તરતાં વિવિધરંગી મત્સ્યોની દોડાદોડ, તળાવની ચારે બાજુએ આવેલી વૃક્ષોની ચારૂ ઘટા, પક્ષીઓનો સુરમ્ય લાગતો કિલબિલાટ અને ત્યાં આગળ આવતી પવનની મંદમંદ મીઠી લહરીઓ—એ સર્વમાં તે ગરકાવ થઇ ગઈ. અચાનક જરા દૂર એક બુઢ્ઢો, પોતાની પાસેની લાકડીવતી અહીંતહીં કશું શોધતો, ફાંફાં મારતો દૃષ્ટિએ પડયો. તળાવ પાસેના ઉંચા ટેકરાની લગભગ કોર ઉપર તે વૃદ્ધ જઇ પહોંચ્યો હતો અને જો લગાર આગળ વધી, ફાંફાં મારવા જાય તો તુર્તજ તે ટેકરા ઉપરથી ગબડી, તળાવના પાણીમાં પડે એવો અણીનો વખત આવ્યો હતો. મદનિકાએ બૂમ પાડીને તેને ગભરાવી મુકવો એ દુરસ્ત ધાર્યું નહીં તેથી એકદમ તે દોડી અને તે વૃદ્ધનો હાથ ઝાલી જમિન તરફ ખેંચી, બોલીઃ-મુરબ્બી, આપ ભૂલા પડયા છો ? આપને જંગલમાંથી બહાર કાઢું ? તળાવ પાસેના એક ટેકરા ઉપર તમે આવી ચઢયા છો—" અચાનક તેની નજર તેના ચ્હેરા ઉપર પડતાં તેને અંધ દીઠાથી તે માયાળુ સ્વરે બોલીઃ આપ શું આંખો વતે જોઈ શકતા નથી ? વૃદ્ધે કહ્યુંઃ બ્હેન, તારો અવાજ તથા તારી માયાળુ રીતભાત ઉપરથી તું કોઇ ગૃહસ્થની દીકરી લાગે છે. સારૂં

થયું કે તું મળી ગઇ. બેટા, તું ખરૂં કહે છે. હું આંધળો છું. આ જંગલ છે કે હવેલીઓથી ભરપૂર મહેલ્લો છે; આ ગામ છે કે સીમ છે; અને દિવસ છે કે રાત છે તે કશું હું સમજી શકતો નથી. મારે મન સઘળું અન્ધકારમય જ છે. જો, તું મારી સાથે આવી, મને દોરીને પાસેના ગામમાં એકાદ ધર્મશાળામાં મુકી આવીશ તો પરમાત્મા તારૂં સારૂં કરશે. બીજું શું કહું, બેટા?"

મદનઃ—"મુરબ્બી, ચાલો હું તમને પાસેના ગામડામાં લઇ જઇશ." આ ઉત્સાહિની બાલાની રગેરગ આનન્દ ફેલાઈ ગયો અને ઉત્સાહ વૃદ્ધિ પામ્યોઃ તેણે પાછું કહ્યુંઃ તમે જ્યાં ઉભા હતા ત્યાંથી જો જરાક આગળ વધ્યા હોત તો નીચેના તળાવમાં ગબડી પડત અને તેથીજ મેં તમને આઘેથી બૂમ પાડીને ગભરાવી મુકવાને બદલે પાસે આવી દૂર ખેંચી લીધા હતા." "સારૂં કર્યું બેટા, પરમાત્મા જરૂર તારૂં ભલું કરશે." મદનિકાએ તે વૃદ્ધને દોરીને, જંગલની બહાર કાઢયો. પાસેનું ગામડું આવી લાગતાં તેમાંની ધર્મશાળા આગળ તેઓ જઈ લાગ્યાં. મદને અંધને લઇને ધર્મશાળાના પગથિયાં ઉપર ચઢવા માંડયું. છેલ્લું પગથિયું રહ્યું એટલે તે અંધ વૃદ્ધે કહ્યું; "બ્હેન, હવે હું જઇશ. જા, બા. તું આટલે સુધી મને મૂકવા આવી તેથી બેટા, ઇશ્વર તારૂં બહુજ ભલું કરો' એવો મારો ખરા મનથી તને આશિર્વાદ છે." વૃદ્ધે હવે પોતાનો હાથ મુકી દેવા જણાવ્યું. જેવો મદનિકાએ તેનો હાથ મુકયો તેવોજ તે ત્યાંને ત્યાં અલોપ થઇ ગયો! મદન ચોંકી! આંમ કેમ? આંખો ચોળી. આજુબાજુ જોયું તો ધર્મશાળાને બદલે પેલું તળાવ જ્યાં પ્રથમ તે કુદરતની લીલા નિહાળતી હતી તે જ જણાયું! વળી આ શું? તે વૃદ્ધનાં ફાંફાં મારવાં, તેને દોરી જવો ઇત્યાદિ દેખાવો તેને યાદ આવ્યા. પેલો ભૂખ્યો માણસ પણ યાદ આવ્યો. "શું કોઇ મારાં સારાં કામો જોઇ, તેથી બળી જઇ, અંદર ભંગ પાડતું હશે? શું કોઈ દેવ મારા સારાં કામોથી અપ્રસન્ન હશે? હરિ! હરિ! હું શું કરૂં?

મારે તો યથાશક્તિ દરેકને સહાય આપવાની છે. હું મારૂં બનતું કરૂં છું. પછી આવું અવળું થાય તેમાં મારો શો અપરાધ ?"

એવા એવા વિચારોમાં વિલીન થયેલી આ સુશિલ અને દાની બાળા આગળ વધી. જરાક દૂર નહીં ગઈ હોય તેટલામાં તેણે એક ઝીણી ભયભરી બૂમ સાંભળી. "કોઇ બચાવો, કોઇ વારે ધાઓ" મદનિકા ચકિત થઇ. ઉભી રહી. અવાઝ કઇ દિશા તરફથી આવે છે તે સાંભળવા લાગી. પૂર્વ દિશા તરફથી તે સાદ ચાલુજ હતો. તે દોડી; ઝાડોની એક ઘટામાંથી પસાર થઈ; એક વિશાળ ક્ષેત્રમાં પ્રવેશતાં જણાયું કે તેનાજ જેવડી એક છોકરી રડતી હતી અને ઉપર જણાવેલી બૂમો, થોડી થોડીવારે, પાડતી હતી. તે બ્હેબાકળા જેવી થઇ ગયેલી છોકરી પાસે જઇ મદને પૂછ્યું:–"કેમ બ્હેન, શા માટે રડે છે ? ઉત્તર મળ્યો: "પાસેના એક ગામની ગરીબ છોકરી છું. અમારા સગામાં લગ્ન હતાં તેથી મારી બાયે, બિચારીએ, અમારા એક ભલા પાડોશીને ત્યાંથી ઘરેણાં માગી લાવી મને પહેરાવ્યાં હતાં. તે પહેરી રમતાં રમતાં ઘરથી જરા દૂર ગઇ તેટલામાં કાળી ધાબળીમાં વિંટાયલા એક મોટા અને જાડા માણુસે આવી, મારે મોંયે હાથ દઇ, મને ઉંચકીને દોડવા માંડયું. અહિંયાં લાવી તેણે મારાં બધાં ઘરેણાં ઉતારી લીધાં અને "જા, મને તારી ઉપર દયા આવે છે તેથી જીવતી મૂકું છું" એમ કહી, તે નાશી ગયો. ઓ બ્હેન, મને રસ્તો જડતો નથી. તુંયે મારી પેઠે ભૂલી પડી છે? આપણને રસ્તો કોણ દેખાડશે ? મારી બા, મારો બચુકડો ભાઈ, મારા કાકા–એ બધાં કેવી મારી વાટ જોતાં હશે ? વળી બ્હેન, મને તો મારા કાકા વઢશે અને મારશેયે ખરા, એતો કહેશે કે 'કેમ ઘરેણાં ખોયાં ? બ્હાર રખડવા કેમ ગઇ?' બ્હેન, હું શું કરૂં મને કશું સુઝતું નથી." અધીરી બાળાના અકળામણુભર્યા પ્રશ્નો, તેનાં માતાપિતાની દીનસ્થિતિ, અને છતાંયે, એ છોકરીને તેના પિતા તરફથી પડવાનો માર–એ બાબતોપર મદનિકાને વિચારો આવતાં, ધીમેથી

તેના સુંવાળા વાળ સાથે રમતાં તે ગંભીરતાથી બોલી:-“બાપુ. શાંત થા, ચાલ મારી સાથે. તને એક ઠેકાણે લઇ જઈ મારે ઘેરથી તારાં જેવાંજ ઘરેણાં લાવી, જાણે તું લૂંટાઇજ નથી એવી રીતે પહેરાવીને મોકલું. તું ઘરેણાં પહેરીને જઇશ એટલે તારા કાકા તને મારશે નહીં. વળી તારાં પાડોશીને પણ તે પાછાં આપી શકશે અને ગરીબાઇમાં તમારે વધુ ગરીબ થવાનો પ્રસંગ નહીં આવે,” તેણે શાં શાં ઘરેણાં પહેર્યાં હતાં તેની વિગત મદને મેળવી લીધી અને એક નિર્ભય જગ્યાએ તેને લેઇ જઇ, જરાપણ ડર્યા વગર બેસી રહેવા સૂચવી, પોતાને ત્યાં જઇ, આબેહુબ જેવાં ઘરેણાં તે છોકરીનાં હતાં તેવાંજ લઇ આવી. તેને પહેરાવ્યાં. જોકે તે દીન બાળાએ આનાકાની કરી પણ તેણે માન્યું નહીં. ઘરેણાં પહેરાવ્યા બાદ મદનને થયું કે “લાવ, ઘરેણાં કેવાં લાગે છે તે જોઉં.” આ ઉપરથી તે જરા આઘે જઇ, સામે ઉભેલી બાળાનાં ઘરેણાં કેવાં દીપે છે તે જોવા, જેવી નજર ઠરાવવા જાય છે કે તુર્તજ તે બાળા-જંગલ-સર્વસ્વ અલોપ થઈ ગયું અને તેને બદલે ઇંદ્રદેવનો ભવ્ય, અપ્સરાઓથી ભરપૂર દરબાર, તેની દૃષ્ટિએ પડયો!

દરબારમાં પેલો ભૂખ્યો માણસ, અંધવૃદ્ધ, અને ઘરેણાંથી શણગારાયલી બાળા ઉભેલાં હતાં. તેના આશ્ચર્યમાં વિશેષ વૃદ્ધિ એથી થઈ કે ઇંદ્રદેવ પોતે સિંહાસનેથી ઉઠયા અને ઘણાજ સ્નેહથી મદનિકા પાસે આવી, બોલ્યા:—નિ:સ્વાર્થ સેવા કરનારી, દયાળુ, પરમાર્થપરાયણ અને નિર્મળ બુદ્ધિની બાળા! તારા મનની મુરાદ હવે બર આવી છે. **‘હું દરેકને મારાથી બનતી સહાય આપીશ’** એવી તારી પ્રતિજ્ઞાની પરીક્ષા લેવા માટેજ ભૂખથી આર્ત્ત, અંધ, નિરાધાર વૃદ્ધ અને લુંટાયલી દીન બાલિકા, જેઓ ત્રણે અત્ર ઉભેલાં છે તેઓને મેં તારી સમક્ષ મૂકયાં હતાં અને અલોપ કર્યાં હતાં. અલબત્, તું મારી પરીક્ષામાંથી પસાર થઇછું. દેવ, મનુષ્ય કે પ્રાણી-સર્વની આ રીતે પરીક્ષા કરવામાં આવે છે. કસોટીના પ્ર-

સંગોએ, જેમ શુદ્ધ કંચનની કસોટી થતાં તે શુદ્ધજ નીવડે છે તેમ, જે જે દેવ, મનુષ્ય કે પ્રાણી શુદ્ધ નીવડે છે તે તે સર્વને સારી પાયરી, સારાં સુખ અને ઇપ્સિત વસ્તુઓ અર્પવામાં આવે છે. અપ્સરા મદનિકે ! આ વિશાળ દરબાર સન્મુખ, આજથી હું તારી સુવર્ણ પાંખો મોટી, સુંવાળી, અત્યંત પ્રકાશમય અને સુંદર બનાવું છું: તથા તારી નાની સરખી વયમાં તું પરમાર્થી કામો કરે છે તે માટે તને આજથી અપ્સરાઓની મુખ્ય બનાવું છુ. મને આશા છે કે બીજી બધી અપ્સરાંઓ અથવા તારી કહાણી જાણનાર કોઈ પણ પ્રાણી, મનુષ્ય કે દેવ, તારા ગુણોનું અનુકરણ કરશે. મારી ખાત્રી છે કે તેમ કરવાથી તે સર્વને યોગ્ય સુખ અને યોગ્ય રીતે ઇપ્સિત વસ્તુઓની પ્રાપ્તિ, જેમ તને થઇ છે તેમ, થશેજ.

---

**શિવવિનોદ ભાગ ૨ જો**—આ ભાગનાં કાવ્યો જેણે એક વાર વાંચ્યા છે તેઓ પૂછે છે કે આ પુસ્તકની ભાવનાઓ અવલોકયા પછી એવું કઠિન હૃદય છે કે જ્યાં આધ્યાત્મિક મસ્તી પ્રગટ થયા વિના રહે ? મતલબ કે આ ભાગના પ્રત્યેક પદ્યમાં વૈરાગ્ય અને આધ્યાત્મની ઉગ્ર ભાવના બહાર નીકળી આવે છે. ગમે તે ધર્મ કે સંપ્રદાયના વાચકો તેનો છૂટથી અભ્યાસ કરી શકે તેવાં નિર્દોષ અને આડંબરરહિત પદ્યોની ખાસ વિશેષતા છે. રાગ–રાગણીઓનો તો કાંઈ પારજ નથી. કીંમત ૦–૧૨–૦

**શિવવિનોદ ભાગ ૩ જો**—આ ભાગમાં એક ઉછળતા અને મસ્ત હૃદયના સંગીતે પ્રબળ રૂપ લીધું છે. અને જાણે કે તે પદ્યના શબ્દો વાચકોના હૃદયને હલાવતા હોય તેવો અનેકને અનુભવ થાય છે. આ ભાગના દરેક કાવ્યમાં હૃદયનો રસ રેડાયો છે, તેથી તેમાં કાંઇક અદભૂત ખુમારી આવવા પામી છે. કોઈ કોઈ કાવ્યોમાં સામાજીક તથા ધાર્મિક વહેમો ઉપર સખ્ત પ્રહારો કર્યા છે, તે પણ ઘણાં ઉપદેશકારક હોઇ, વિદ્વાનોમાં આદર પામ્યા છે. કીં. માત્ર ૦–૧૨–૦

# સદ્દગુણી સુશિલાનો સંસાર.

" નારી નહારી મત કહો, નારી સ્નેહકી ખાન;
ઇન્મેં સેં પૈદા હુવે, ધ્રુવ પ્રલ્હાદ સમાન.
( સંત કબીર. )

" ચિન્તામણી રત્ન છે રમણી, વળી પારસમણી મનહરણી
ધીર ગંભીર વચન રસ ધરણી, કોમળને કાંચન વરણી,
સંતાપે એ પ્રમદા જે પામરજન, રૂઠયો ભગવતને ઉઠયો તેનો દન
પ્રમદા છે પ્રીતિભાજન, મનરંજન બીડભંજન "
( સ્વ. ડાહ્યાભાઇ ધોળશાજી )

---

૧.

" સ્ત્રી જાત કદાપિ, શાન્ત અને સુમધુર શબ્દો સાંભળવા લાયક નથી. તે જાત તરફ સ્નેહ બતાવતાં તે માથે ચઢી વાગે છે. 'પ્રમદાની મતિ પાનીએ' એ વચન જેણે કહ્યાં છે તે ખરેખર વિદ્વાન્ અને અનુભવી હોવો જોઇએ. માટે મિત્ર રસિક ! તું ફાવે તે કહે પણ આ જન્મારામાં સ્ત્રી ઉપર હેત રાખનારો, હું કદી નહીં બનું. "

"મનહર, આ તારી આડાઇ કેવળ ગાંડાઈ છે. તારી આગળ દાખલા દલીલો આપીએ પણ તું તો એવોને એવો જ રહેવાનો. આપણા પૂર્વજો કહી ગયા છે કે न स्त्री स्वातंत्र्यमर्हसि પરંતુ તે સાથે यत्रनार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवता એમ પણ કહી ગયા છે. ટુંકમાં તેઓ સ્ત્રીને ગૃહદેવી જ કહેતા ગયા ગયાછે. જો આગળ ધ્રુવ, પ્રહલાદ્, અંબરિષ, મહાન્ ઋષિમુનિયો, પ્રતાપિ રાજવંશિયો જેવાકે પ્રતાપ, શિવાજી તેમજ દુનિયામાં જે કોઇ ડાહ્યા અને મહાન્ કહેવાયા છે તે સર્વને ઉત્પન્ન કરનાર, તેમને પોષનાર સહવાસમાં રાખી, સુન્દર શિખામણો દેનાર અને અંતે એવા મહાન્ બનાવનાર કોણ હતી ? ઉત્તમ જનનીઓ. માટે તું સમજણો થા, છેક નફિકરો થઇ, સ્ત્રીઓ ખરાબ છે એવું મત, જેમ ગામ હોય ત્યાં ઢેડવાડો હોયજ તેમ, કયાંક છૂટા છવાયાં, ખરાબ દાખલાઓ જોઇ, બાંધી દેવું એ તારા જેવા કેળવણી પામેલા સદ્ગૃસ્થને છાજતું નથી"

"મિત્ર રસિક ! તું તો માથું ઝીકી નાખે છે હાં ? ખરે, હઝારો કુવડોના ફજેતીના ફાળકાઓ સાંભળીએ છીએ, હઝારો ઘેર 'બાંધી મૂકી લાખઝી, ઉઘાડી હવા ખાય ' એ સૂત્ર લાગુ પડાય છે તે દેખીતું જોઇને આપણે મત બાંધવો કે પેલા આગળના મોટા ડાહ્યાના જાણે કેમ બ્રેહ્માઓ ન હોય તેવાઓએ લખ્યું તે ઉપર આધાર રાખી, હાજીઓ ભણી, પ્રાનછેરિયું ધુણાવી "હાંજી સચ્ચ બાત હે" એમ કહેવું ? હું તો સાચું કહેનારો ! આ પેલા મોજીલાલની પ્રસન્નકુમારની, મોટી ભણેલીની પૂછડીઓ—

"હાં ! હાં ! शान्तं पापं शान्तं पापम् ! મનહર મિત્ર, આ શું ? કેવા નીચ દાખલા ટાંકી બતાવે છે ? કેવા નર્કના ખાડામાં, રત્નની ખાણ તજી, હાથ નાંખવા જાય છે ? જગતના ડાહ્યા પુરુષો જો તારી માફક જ બધા નજીવા જ દાખલા ટાંકી દેખાડત તો જગતમાં

નક્કી કહું છું કે કાંઇપણ માલ રહેત નહિં ! વિચાર અને મારી શુશિલા ભાભી જેવા ઉત્તમ દાખલાઓ તરફ દૃષ્ટિ રાખ, આ પ્રશ્ન એવો છે કે તે ઉપર મતમતાંતર હોયજ. પોતાનો, પોતાની આસપાસનો દાખલો લેવો, અને સમય જોઇ, લાગ સાધી આપણને જેવું માણસ મળ્યું હોય તેની સાથે તેવું કામ લેવું એજ આ મહાન્ પ્રશ્નનો સરળ અને સાર ગૃહવા યોગ્ય માર્ગ છે. ”

“ બસ, ત્યારે તારો મત હોય તે ખરો. મારી પાસે હવે વધુ બોલાવીશ નહિં. જેની તેં વાત કરી તે કેવી છે તે તો અમે સારી રીતે જાણીએ છીએ. શું કરીએ જગતમાં પડ્યા છીએ ! નહિં તો તેનો પણ તાલ કરત, સમજ્યો કની ? ”

“ શિવ ! શિવ ! ! મને તો તારૂં બોલવું અવિચારી, વ્હેમિલું અને એકદેશીય જ લાગે છે. તારા મનમાં એક જ બાજુના વિચાર ઘર ઘાલી બેઠા છે. મારાથી બનતો ઉપાય કરૂં છું, હું કાંઈ તારી સાથે મારૂં મન ઉંચું કરવા માગતો નથી. આપણા સ્નેહમાં વિઘ્ન ના આવે માટે આપણે કદી સંવાદજ નહિં કરીએ. સમજ્યો ? કેમ ? તારી સ્કુલનું કેમ ચાલે છે ? ”

“ અરે યાર ! લ્હેર છે, હવે ‘પરમીનન્ટ’ થઈશું એમ આશા લાગે છે. ”

“ સારી વાત છે. મ્હારે પણ આનન્દ છે. દુનિયામાં લ્હેર મારવી, સમજ્યો ? દુનિયા ખરાબ છે, બધું વિષમય છે, એ ખવાસના ન થવું. લે, હવે જઇશ હોં ? જય જય ”

રસિક–મનહર જૂદા પડ્યા. બન્ને મિત્રોના વિચારોને પરસ્પર બારમો ચન્દ્રમા હતો અને જેમ એકજ પંથના બે તફાવાળા એક બીજાને મળે ત્યારે કટાકટી થાય તેમ આ બે જણને બનતું; પરંતુ રસિક સમજુ હતો. મનહર ઘણીવાર તેને મશ્કરીમાંયે તરછોડતો પરંતુ રસિક શાંતિથી ગમ ખાતો અને મનહરને સુધારવાને પ્રયાસો સેવતો.

મનહરનું વય ૨૫ વર્ષનું હતું. તે પ્રિવિયસ સુધી ભણેલો હતો. વખતોવખત નપાસ થતો હોવાથી તેણે એક ખાનગી ઇંગ્રેજી શાળામાં કામચલાઉ રૂા. ૨૫) ની નોકરી લીધી હતી. શાળાના મુખ્યશિક્ષકે તેને આશા આપી હતી કે તમે જો સારૂં શિક્ષણ આપશો તો તમને કાયમ કરવામાં આવશે.

એકાદ વર્ષ ઉપર મનહરની વિધવા માતાનું અવસાન થયું હતું. તેના પિતાને કૈલાસવાસી થયાને આશરે ચાર કે પાંચ વર્ષ થયાં હતાં. હાલમાં તે પોતાની પત્ની સાથે, રાજનગરના એક સારા લત્તામાં રહેતો હતો. તેની પત્નીનું નામ **સુશિલા** હતું. નામ પ્રમાણેજ ગુણવાળી, રૂપવતી, મિતભાષિણી પણ પ્રિયવાદિની, મિતાહારિણી અને દરેક જાતનું સુંદર, સુઘડ અને ચોક્કસ કામ કરનારી સ્ત્રી હતી. પરંતુ મનહરના ઉતાવળીઆ, વ્હેમિલા, અવિચારી અને કરડા સ્વભાવથી તેને તે મનોહર લાગી નહતી. સુશિલારૂપી રમણી રત્નની પરીક્ષા, મનહર જેવો કાચો અને બિનઅનુભવી ઝવેરી બિલ્કુલ કરી શકયો નહતો. પરિણામે એ રત્નને પત્થર જેવું ગણવામાં તેને પોતાનેજ અનેક નુકસાનો વેઠવાં પડયાં હતાં. કનકની કસોટી કસવાથી થાય છે. તેને એમને એમ રાખી મૂકવાથી અથવાતો અત્યંત ચકચકિત કરેલા પિત્તળ આગળ મૂકવાથી થતી નથી. મનહરને માટે એમ કહી શકાય કેઃ—

" મનહર ફુલની માળા પડતાં, અંધ અચાનક ઉઠયો ચમકી
સાપ ધારી તરછોડી ચાલ્યો—જો જો એ નિર્ભાગી ભાગ્ય ! "

—સ્વ. ડાહ્યાભાઈ ધોળશાજી.

શિવજી તપ કરતા હતા અને પાર્વતીજીએ પાછળથી તેમના ગળામાં કુસુમમાળા નાંખતાં તેને સાપ ધારી, તરછોડીને જતા રહ્યા હતા. નિર્ભાગી મનહરની પણ, કહો કે, એવીજ સ્થિતિ હતી. તેની

પત્ની, અનેક લાડથી તેને રીઝવવા પ્રયાસ કરતી; પરંતુ તેને તેનાં કામ રૂચિકર થઈ પડ્યાં નહીં.

વિધવા સાસુને સુશિલાના ગુણોની કદર થઇ હતી. તે બાઇ સમજતી હતી કે સુશિલા પ્રત્યે માયા દેખાડવામાં આવશે તો તેનો પ્રત્યાઘાત પ્રીતિથી થશે, અને બન્યું હતું પણ તેમજ. સુશિલાએ, સાસુને પૂજ્ય માતા સમાન ગણીને, સર્વદા તેની સેવા ઉઠાવી હતી; પરંતુ મનહર એવી રીતિ ગૃહણ કરી શકયો નહતો.

સ્વ. સા. ગોવર્દ્ધનરામે આર્ય સ્ત્રી માટે ખરૂં કહ્યું છે કેઃ—

"વિલાયત જાવ કે અમેરિકા જાવ કે ઇરાનના દ્રાક્ષના વેલાઓની વાડીમાં જઇને ઉભા રૂહો કે આર્મિનિયામાં આથડો—પણ કોઈ ઠેકાણે, આર્ય દેશની આર્યા! તું જડવાની નથી. આર્ય દેશમાં પણ તું હવે કલ્પિત થતી જાયછે અને ઈંગ્રેજી વિદ્યાની ઉદ્ધતતા ત્હારો નાશ પણ કરે!"

સુશિલા કોઇ દિવસ પોતાની સખીઓને મ્હોંએ, પોતાના પતિનું કોઇપણ પ્રકારનું ભૂંડું બોલવામાં પ્રવૃત્ત થઇ નહતી.

"આધીન રહેવું, શાન્તિથી સહેવું, એજ સ્ત્રી ગુણનો સાર" એ તેણે પોતાનું સિદ્ધિસૂત્ર રાખ્યું હતું.

પતિએ ઘરમાં, જાણી જોઇને ચાકર રાખ્યો નહતો કારણ તે એમજ માનતો કે "સ્ત્રીઓ કામ કરવાનેજ સરજાયલી છે. તેઓ કામ ન કરે તો તેમના દિવસો શી રીતે પસાર થાય? તેમણે કામ કરવુંજ જોઇએ." સુશિલાને આથી કાંઇ દિલગીરી થઇ નહતી. તે ખુશીથી ઘરનું બધું કામ કરતી હતી. પરંતુ મનહરે ખંધાઈ એટલી બધી આદરી હતી કે કોઇ દહાડો મશ્કેરીમાંયે એવું તેને નહીં પૂછેલું કે "ચાકર રાખું?" સુશિલા હમેશાં સવારના ૬ વાગ્યા પહેલાં ઉઠતી હતી; ઘર વાળીઝુડીને સાફસુફ કરતી; અને નહાઇ

ધોઇને મનહરને માટે દાતણપાણી તૈયાર કરી, તેની પથારી પાસે મુકી દેતી અને તે પછી પૂજા આદિ કરીને મનહરને ચાહ તૈયાર કરી આપતી. મનહર કોઇવાર ધૂંધવાયલો ઉઠતો અને કોઇવાર શાંતિથી ઉઠતો પણ તેનું કશું ઠેકાણું નહતું. શાંત મિજાજમાં તે ઉઠતો ત્યારે કોઇવાર ખુશ દેખાતો પરંતુ પાછો મિજાજ ખોતાં તેને વાર લાગતી નહીં; જરાક ભૂલચૂક જેવું જણાતું કે વાત વધારીને સુશિલાને એકના એકયાસી શબ્દ કહેતો. ઉત્સાહવાળી સાધ્વીને એથી ઘણીવાર ખોટું લાગતું. તે હમેશાં મનમાં ગૂંચાતી કે હું કેવું કામ કરૂં કે જેથી તેઓ પ્રસન્ન થાય? ઘણીવાર તે સારૂં કરતી—કહો કે બધું કામ તે સારી રીતેજ કરતી પરંતુ જેમ એક દુર્જન પારકાંનાં તલ જેટલાં પણ છિદ્રોને જયાં ત્યાંથી શોધી કાઢેછે તેમ મનહર, સુશિલાની ખોડખાંપણ કાઢયા વગર રહેતો નહી. નગુણા શેઠનો કોઈ ચાકર હોય તો તુર્તજ તેની નોકરી છોડી દે પણ સુશિલા કાંઇ તેવી સ્થિતિમાં નહતી. કઠિન હૈયાના પતિને પનારે પડેલી પ્રમદાનો તેના પતિવિના બીજે કયાં આરો હોઇ શકે?

આમ હરનિશ ખીજવાટ, ગુસ્સો, રોફ અને કડકપણારૂપી મેઘની વૃષ્ટિ નીચે આ શાંત, પ્રજ્ઞ, અને નમ્ર બાળા રૂપી કાચો ઘટ, યથાશક્તિ, એ વૃષ્ટિધારા નીચે સહનશક્તિ ધારીને રહ્યો હતો.

× × × ×

૨.

"Man proposes God disposes" મનુષ્ય શું ધારે છે અને ઇશ્વર શું કરેછે? દિન પ્રતિદિન, બહારથી શાન્ત અને સુંદર દેખાતી સુશિલા, અંદરથી ચિંતાગ્નિથી પીગળવા લાગી. બહારથી સુંદર દેખાતા આ પુષ્પમાં ચિંતારૂપ કૃમિએ પ્રવેશી, તેનો અંદરથી ભોડો કાઢવા માંડયો હતો. પરિણામે ધીમો ધીમો તાવ તેના

શરીરમાં દાખલ થયો. કોઇને મોઢે તે કોઇવાર પોતાનું દુઃખ રડીજ નહતી. કોઇવાર તેણે પતિ પ્રત્યે મોં કટાણું કર્યું નહતું. કોઇવાર તેને પતિ અકારો લાગ્યો નહતો. ઉલટું તે પોતાના હૃદયમાં એજ આશા રાખતી કે હું નમ્રતા, સહિષ્ણુતા અને અધીનતા ધારણ કરીને રહીશ તો તેઓ કોઇક દિવસે પણ મારી સામું જોશે. અહા કેવી અમર આશા! પતિ પ્રત્યે કેવો વિશુદ્ધ અને પ્રેમભર્યો વિશ્વાસ!

સુશિલાના હાડમાં તાવ રહેવા માંડયો એ વાત મનહર સમજી શકયો નહીં. તેનું ફિકકું પડતું-લેવાઇ જતું શરીર તે જોતો હતો પણ તે માટે તેને કદી કાંઈ વિચારજ આવતા નહીં. કોઈવાર સુશિલા થાકી જતી, "અરે!" એવા શબ્દનો ઉચ્ચાર કરી, કોઈવાર ઘણુંજ ધીમું કામ કરતી-એ બધાથી મનહરને લેશપણ વિચાર ના આવ્યો કે તેને કાંઇ છૂપું દર્દ હશે. સુશિલા તેને મોઢે કહી પણ શકતી નહીં કેમકે જો જરાક માંદી હોવાની વાત કરે કે "ઢોંગ કરેછે" એમ કહીને મનહર ધાંટાધાંટ પાડી મૂકે એમ તેને દહેશત રહેતી. છતાં એક દિવસ અચાનક તેણે પોતાને તાવ આવે છે એવી વાત, બ્હીતે બ્હીતે કરી અને ખરે, તેનું પરિણામ તે ધારતી હતી તેવુંજ આવ્યું. "આડું અવળું કાંઈ ખાધું હશે? અમને કેમ તાવ નથી આવતો? અમે રીતસર ખાઇએ; અને કામ કરીએ છીએ તેથી અમને તો કંઇ થતું નથી. તને બધું બહુ થાય છે. આ...એમ કરીને તારે ચાકર રખાવવો હશે, નહીં! પણ હું કાંઈ કાચો નથી, સમજી! તાવ આવતો હોય તો પીઓ કરીઆતુ! બે દહાડા ખાશો નહીં; એની મેળે તાવ મટી જશે!"

જાણે મોટા વૈદ્યરાજ બોલ્યા! મનહરના આવા કંકાસ અને કુલેશથી દુઃખી બનેલી સુશિલાએ બીજીવાર તેને મોઢે નહોતું કહ્યું કે મને તાવ આવેછે.

મનહરનો મિત્ર રસિક, એક ખરો સહૃદયી પુરુષ હતો. તેને ઘણીવાર આવ જા કરવાથી માલુમ પડ્યું હતું કે સુશિલા દહાડે દહાડે નરમ થતી જાય છે. જે દિવસે સુશિલાએ પોતે મનહરને તાવની વાત કહેલી તેજ દિવસે સાંજે અચાનક રસિકે આ વાત કાઢી: એટલે મૂળથી ચીઢાયલો મનહર વધુ ઉકળ્યો. અને રસિકને તેણે 'નોટીસ' આપી કે મારા ઘરની બાબતમાં જો હવે તું લવચવ કરીશ તો મારે ને તારે બોલવા વહેવાર પણ નહીં રહે. પરંતુ રસિક મનહરના જેવો નિષ્ઠુર ન હતો. એકદિન જ્યારે માસ્તર સાહેબ, સ્કુલમાં ભણાવવા ગયા હતા ત્યારે તે સુશિલા પાસે ગયો અને તેને સોગંદ આપીને પૂછ્યું કે તમને જે થતું હોય તે અથેતિ મને કહો: સુશિલાએ પોતાને તાવ આવવાની તથા નબળાઇ દાખવવાની વાત કહી. આ ઉપરથી તે એકદમ પોતાના એક ઓળખીતા દાકતરને બોલાવી લાવ્યો અને દવા શરૂ કરી. મનહરને કાને આ વાત ન જવા દેવી એવો તેણે ખાસ નિશ્ચય કર્યો અને સુશિલાને વિનતિ કરી કે "અત્યારે તમે તમારો સ્વાર્થ ના બગાડો. શાંતિથી આ દવા લઇને, આનંદમાં રહો." ત્યાર પછી રસિકનો મનહર માટે ઘણોજ ખરાબ અભિપ્રાય થઈ ગયો. તે તેને એક પાપી કસાઇ જેવો ગણવા લાગ્યો કે જે બિચારી નિર્દોષ અને કહ્યાગરી તેના રોફથી અવાક્ બની ગયેલી ગાયને દુ:ખી કરતો હતો અને તેની તરફ તદ્દન નિષ્કાળજી રાખતો હતો. સાંજ સવાર તે કંઇને કંઈ બહાને આવીને સુશિલાની તબીયતના સમાચાર લઇ જતો. બપોરે દવા લઇ આવતો અને એ રીતે એક સગાભાઈ જેવું હેત રાખીને આ ધર્મની બહેનને જેમ બને તેમ સુખી કરવા યત્ન કરતો.

પરંતુ સુશિલાના કિસ્મતમાં દુ:ખ લખેલું હોવાથી, સુશિલા દવા પીએ છે એ વાત મનહરના જાણવામાં આવી ગઈ. તેણે એકવાર તાકામાં શીશી પડેલી જોઈ તે ઉપરથી તેને વ્હેમ ગયો. તેણે

સુશિલાને ધમકાવીને પૂછ્યું કે દવા ક્યાંથી આણી ? રસિકે. તેને ના કહી હતી છતાં બિચારીને પોતાના પતિથી આ વાત છુપાવવી યોગ્ય ન લાગી. તેણે કહ્યું: "રસિકભાઇ આણી આપે છે." વળી તેણે ઉમેર્યું કે: "તમે તેમની ઉપર ગુસ્સે થશો નહીં. એમણે તો મારૂં શરીર નબળું બનતું જોઇને મારી ખાતરજ આ દવા આણી આપવા માંડી છે." પણ આ વ્હેમી ભરથારને એથી જુદાજ વિચાર આવ્યા: "રસિકને મેં ચોખ્ખી ના કહી હતી કે મારા ઘરની બાબતમાં તું માથું ના મારીશ છતાં તેણે શા માટે માથું માર્યું ? એટલુંજ નહીં પણ મારાથી છાની દવા આણી આપવા જેટલી હિમ્મત તે કેમ કરી શકયો ? આજ તો આ ગુપ્ત કામ કર્યું પણ કાલ ઉઠીને મારીજ વિરૂદ્ધ કાંઈ પ્રપંચ રચે તો ? બસ એને હું ખરેખરો સ્વાદ ચખાડું" તેણે સુશિલાને પૂછ્યું: "આ દવાના પૈસા કોણ આપે છે ?" સુશિલા: "તે તો હું નથી જાણતી. એતો કહેતા હતા કે પૈસાની તમે ચિંતા કરશો નહીં."

મનહર: એટલે ? કેમ કાંઈ પોતાના ઘરના એ આપવાનો હતો કે ? અને પોતાના ઘરના પૈસા એ કદાચ આપે તો તેમ કરવાનીયે તેને શી જરૂર ? એવી હિમ્મત તે કેમ કરી શકે ? પાપિણી ! બોલ, તારામાંજ મને કાંઇ ભેદ લાગે છે ? તું મારી મરજી વિરૂદ્ધ આવાં કારસ્તાનમાં તેને મદદ કેમ આપી શકે ?

સુશિલા: પણ વ્હાલા, એમાં શું થઇ ગયું ? તમારી પાસે નહીં હોય તો હું મારા પિતાને ત્યાંથી મંગાવી આપીશ. પણ તમે તે માટે મહેરબાની કરીને ગુસ્સે ના થશો.

આ વાકયો ઘણાંજ શુદ્ધ અંતઃકરણથી, બિલકુલ પાપવિના બોલાયાં હતાં પણ મનહરે તેનો અનર્થ કર્યો: "એમાં શું થઇ ગયું. એટલે ? એમાં તો મારૂં આખું ઘર ખરાબખસ્ત થઇ ગયું, સ-

મજી ? અને હું પૈસા નહીં આપું તો તારા બાપ પાસેથી તું મંગાવી આપીશ ? રાં—નિકળ મારા ઘરમાંથી"—તેના ક્રોધની ડીગ્રી ૧૦૫ સુધી જતી રહી અને એકદમ તેણે સુશિલાના ગાલ ઉપર એક ધોલ ચોઢી દીધી. પોતાના જન્મમાં સુશિલાએ કોઇવાર માર ખાધો નહતો. તે બિચારી તુર્તજ રડી પડીઃ તેનાથી બોલી ન શકાયું. એને ભીતિ લાગી કે કદાચ બોલીશ ને આડું પડશે તો વળી તે વધારે ગુસ્સે થશે પણ ન બોલી તેમાંયે તે ગુસ્સે થયો ! " કેમ બોલાતું નથી ? શાની બોલે ? પાપી હૃદયથી કદાપિ પોતાનો બચાવ થઈ શકે નહીં એ હું સારી પેઠે જાણું છું ! તેં શા માટે મારી રજા-વિના રસિક કનેથી દવા મંગાવી ? "

" હું આવું જાણતી હોત તો ના મંગાવત. હું તો નહોતી મંગાવવાની પણ એમણે મને સોગદ આપ્યા એટલે મેં હા કહી."

" એમ ! વળી નવું જાણ્યું ! તને સોગંદ આપવાની તેને-શી જરૂર ? "

" તમારા દોસ્તદાર થાય એટલે એમના મનમાં કે ગુમે તે રીતે મારી બહેનને મટે તો સારૂં."

" નહી, એ બધાં બ્હાનાં છે. હું તારા બાપને કાગળ લખીને તને આજને આજ તારે પીઅર મોકલી દઉં છું. જા, મારે તારૂં કામ નથી."

" પણ નાથ ! એમાં મારો ગુન્હો શો થયો ? અમસ્તા વ્હેમે ભરાઈ, શા સારૂ ખોટા આરોપ મૂકો છો ?

" ચાલ ચાલ ચિબાવલી-હું તને સારી પેઠે—"

આ બોલવા સાથે તે ઉઠીને જેવો તેને મારવા જતો હતો કે પાછળથી કોઇક તેનો હાથ ઝાલ્યો.. તેણે જોયું તો તે રસિક હતો.

રસિકે કહ્યું: “મનહર, આ શું ? કોમળ કુસુમ ઉપર દેવતા નાંખે છે ! કોમળ કદળીગર્ભ ઉપર કઠોર કુઠારનો ઘા કરે છે ? શરમ છે તને !

ભણુતર તારૂં ભવ બળ્યું, બુદ્ધિ તારી બાળ,
સંતાપે તું ભામિની, શું થાશે તંવ હાલ ?
જરા વિચાર કર. નાહક તેને બિચારીને શા માટે સંતાપે છે?

મારા સ્નેહની ખાતર અત્યારે બ્હાર ચાલ.” મનહરનો ગુસ્સો અત્યારે અત્યંત હદ ઉલ્લંઘી ગયો હતો. રસિકને તે પોતાનો કટ્ટો દુશ્મન લેખવા લાગ્યો: તેણે તેને રોકડો જવાબ આપ્યો: “કેમ, તારી એ સગલી થાય છે, નહીં ? મારા ઘરમાં, મારી રજાવિના, તને આવવાનો શો હક્ક છે ? મારો અવતાર રદ્દ કરનાર તું અને તે બન્ને છો, સમજ્યો, પાપી ?—” તે રસિકને મારવા ધાયો પણ રસિક પહેલેથી ચેતેલો હતો. “ મનહર, ખબરદાર જો કાંઇ ગરબડ કરી તો? શું હું તને મિત્રતરીકે પણ કશું કહી શકું નહીં ? તારૂં ઘર છે, તારી પત્ની છે. તું ચાહે તે કરી શકે પરતું અંગ્રેજી કેળવણી પામેલો અને વળી અંગ્રેજી કેળવણી, ઉગતી પ્રજાને આપનારો એક સદ્‌ગૃહસ્થ આવી રીતે કદાપિ વર્ત્તે નહીં ! હરિ ! હરિ ! એ ખરૂં છે કે:—

કો’ સ્ત્રી પતિવૃત્ત ધર્મ પાળે તેહને પતિ દુ:ખ દે,
શું તે કરે અબળા બિચારી દિવસ વ્યંતિત રડી કરે;
શું કર્મ તેનું એવું તે પતિ દુ:ખી દુ:ખી કરે સદા,
વિભુ ! સર્વને દુ:ખી કર્યાં તો સાર શું સંસારમાં ?
આવી હઝારો સ્ત્રી રહી પતિવૃત ધર્મ જ પાલતી;
તોયે થતી તે દુ:ખિની પતિ કર્મકૂટ ન મ્હાલતી
વિશુદ્ધ હૃદય તણો શું બદલો આહવો ! શાં કર્મ ત્યાં ?
વિભુ ! સર્વને દુ:ખી કર્યાં તો સાર શું સંસારમાં ?

મ્હેરબાની કરીને શાંત થા. તું કહે તો એને બદલે હું તને પગે પડું."

મનહર, રસિકની આ રીતિથી અજબ થયો. તેને ક્રોધ કરવો કે શાંત પડવું તેની સમજ પડી નહીં: રસિક દોષિત હશે કે નહીં એ તે સમજી શક્યો નહીં. સુશિલા તરફ દૃષ્ટિ જતાં, તે બ્હેબાકળી જણાતી હતી. થોડીવારે તેણે રસિકને કહ્યું: જા, અત્યારે ચાલ્યો જા, હું તને "નોટીસ" આપું છું કે મારી પરવાનગી શિવાય મારા ઘરમાં કોઈપણ દિવસ પગ મૂકીશ નહીં. ચુપાચૂપ ચાલ્યો જા, નહીં તો મારો ગુસ્સો વધીને તારૂં ખૂન કરાવશે—

"હેં શું બોલ્યો ? ખૂનની ધમકી ? અલ્યા, તારા ખરા મિત્રને ? બસ, બસ, જા, મારે પણ તને બોલાવવો નથી."

એમ કહીને રસિક ચાલ્યો પણ તેના હૃદયે તેને તદ્દન જતા રહેવાને ના કહી: તે બારણા બહાર જઈને છૂપાઇ રહ્યો:

અંદર મનહરે સુશિલાને કહ્યું: ઓ શરમ વગરની ! નિકળ અહીંથી. કર તારે કરવું તે કામ. હું તો કંટાળ્યો તારાથી.

* * * *

૩.

વાચક, મનહરનો સંસાર ઉપર પ્રમાણે જોયો: હવે તેના મિત્ર રસિકનો તપાસીએ; કેમકે આ વાર્ત્તા સાથે તેનો હવે પછી વિશેષ સંબંધ છે. તેને કાંઇ નોકરી નહતી. તે સામાન્ય પ્રકારના શેરસટ્ટાનો ધંધો કરતો હતો અને વખત આવે જબરો સટ્ટો પણ કરી દેતો હતો. એકંદરે તેની નાણાં સંબંધીની સ્થિતિ સારી હતી પરંતુ સટ્ટો એ ધંધો એવો છે કે તે કોઈને કમાવે તો રાજા બનાવે અને ફસાવે તો કોડી વગરનો, ચીંથરેહાલ બનાવે; આથીજ અનુભવીઓ કહે છે કે સટ્ટો કરવો નહીં; પણ રસિકને એ ધંધા વગર ચેન પ-

હતું નહતું. તેનું ધ્યાન બીજા ધંધામાં, કિંવા નોકરીમાં લાગતુંજ નહતું. તે મનહર જેટલુંજ ભણેલો હતો. તેની સ્ત્રીનું નામ સુમતિ હતું આ દંપતિનો સંસાર, સરળ અને સુંદર ચાલતો હતો. જોકે સુમતિના ગુણો કાંઇ સુશિલાં જેવા ઉત્તમ પ્રકારના નહતા પરંતુ ખરાબ તો નહોતાજ. તે **સુશિલા** જેવી ભલી અને ભોળી નહોતી પરંતુ લાંઠ હતી. ફક્ત એટલુંજ સારૂં હતું કે **રસિક** પોતાની સ્ત્રીને સન્માન આપતો હતો એટલે તેને લાંઠપણું અજમાવવાનો લાગ મળ્યો નહતો. જો મનહર જેવો તેને પતિ મળ્યો હોત તો કદાચ તે પોતાના ખરાબ સ્વભાવનો અને લાંઠપણાનો પડછો બતાવત ખરી. રસિકના શુદ્ધ અને સ્નેહમય સ્વભાવને પરિણામે **સુમતિ**, પતિની આજ્ઞા માનવામાં પોતાની મુક્તિ સમજતી. **સુશિલા**ં પણ એમજ સમજતી હતી પરંતુ **સુમતિ**ની બાબતમાં ફેર એટલોજ હતો કે તેના ગુણોની કદર થતી જ્યારે **સુશિલા**ના ગુણોને ઠોકર વાગતી. સુમતિ, કદરને લીધે ઉત્તેજિત બનતીઃ સુશિલા નિરુત્સાહી અને દીન બનતી. **રસિક** અને **સુમતિ** ઘણુંખરૂં હસી ખુશીનેજ વાતો કરતાં. સુમતિને ત્યાં ક્રોધનાં કોઇકજ દિન દર્શન થતાં, જ્યારે સુશિલાને ત્યાં હર્ષનાં કોઇકજ દિન દર્શન થતાં ! સુમતિને વહિવટ માટે જોઇતી સર્વ સામગ્રી, રસિક વારંવાર પુરી પાડવામાં આળસુ બનતો નહીં અને સુશિલાને ત્યાં આળસનું સામ્રાજ્ય હતું. ભરવા ગુંથવા માટેનાં સાધનો, વાંચવાનાં સારાં સારાં પુસ્તકો અને બીજી પણ યોગ્ય માગણીઓ, સુમતિને યથાશક્તિ પુરી પાડવામાં આવતી. સુમતિ અને રસિક અન્યોન્ય એકબીજાની સ્થિતિ સમજીને ઉપયોગી બનતાં જેને પરિણામે તેમનો સંસારરથ, સરલતાથી સુમાર્ગે અને વગર નુકશાનીથી ચાલ્યો જતો. વાચક ! સંસાર તે એનુંજ નામ છે. સંસારમાં એથી વધુ દિવ્યતા ન હોઇ શકે. જ્યાં આવી પણ અન્યોન્યની પ્રીતિ નથી હોતી અને અનેક નાની કિંવા રજ સમાન બાબતોમાં

તકરારો અને માથાકીક થાય છે તે સંસાર નથી પણ ધગધગતો અંગાર છે !

× × × ×

૪

મનહરે, સુશિલાને તમાચો માર્યો; તે દિવસ પછી સુમતિ સુશિલાને ત્યાં વધુ આવ જા કરવા લાગી હતી કારણ કે રસિકે તેના સ્વભાવનાં બહુ વખાણ કર્યાં હતાં. સુમતિ અને સુશિલાને તે પહેલાં બહુ પરિચય નહતો. ફક્ત તેઓ એકબીજાને ઓળખતાં હતાં. પેલા અકારા બનાવ પછી સુમતિને સુશિલા ઉપર દયામિશ્રિત સ્નેહની લાગણી ઉપજી હતી. ધીમેધીમે તેઓને બહુ સારાં સહીપણાં થઈ ગયાં. તે એટલે સુધી કે એકને બીજી વગર ઘણીવાર ચેન પડતું નહીં.

એક દિવસ રસિક ઘેર આવ્યો તે વખતે તેણે સુમતિને કહ્યું: " વ્હાલી, એક મોટો અનર્થ થયો છે. આજ મને રૂા. ૨૦૦ ની ખોટ ગઈ છે; અને અધુરામાં પુરૂં એ રૂપિયા મારે કાલને કાલ એક જણને આપવાના છે. જો તેને નથી આપતો તો ત્રીજે દિવસે તે આપણે ત્યાં જપ્તિ લાવીને ઉભો રહે અને આબરૂના કાંકરા કરી નાંખે તેમ છે. મને જેમાં ખોટ ગઇ તેમાં નફો થવાની ઉમેદ હતી. હાલ મારી પાસે એટલા રૂપીઆયે નથી. બોલ, તું કાંઈ મદદ કરી શકે કે રસ્તો સૂચવી શકે તેમ છે ? "

સુમતિએ અત્યારે તેને ઠપકાના ઘા મારવામાં સાર ન જોયો. તેમ કર્યાથી જરૂર બન્ને વચ્ચે તકરારની પરમ્પરા થાય અને ફજેતી થાય. આથી તેણે રસિકના દોષ માટે તેને એક પણ શબ્દ ન કહેતાં મદદ આપવા સંબંધી કહ્યું કે: વ્હાલા, તમારે માટે કહેશો તે કરવા તૈયાર છું. મારી બેંકની ચોપડીમાં અઢીસો રૂપીઆ છે તે તે તમે જાણો છો. તેમાંથી બસો રૂપીઆ ઉપાડો.

રસિકઃ—પણ—તારામાંથી લેવું પડે એવું શામાટે કરીએ ?... સુઃ—બીજો તો કોઇ રસ્તો નથી. કોની પાસે આપણે માગવા જઇએ ?

અંતે કેટલાક વિચાર પછી, કચવાતે મને પણ, રસિકને પોતાની સ્ત્રીના રૂપીઆ ઉપાડવા પડયા. તે દિવસે તેણે પોતાની ટેક જાળવી. થોડા દિન પછી તેને રૂા. ૫૦૦ ) નો નફો થયો. આ મુજબ સટ્ટાના ધંધામાં રસિકે પૂરપાટ ઘોડો છોડી મૂકયો હોવાથી કદિક લાભ તો કદિક ગેરલાભ થતાં થતાં, છએક માસ વીતી ગયા. ત્યારપછી ઉપરના જેવીજ સ્થિતિ એક દિન આવી. આ વખતનો લ્હેણદાર ઘણોજ ભલો આસામી હોવાથી રસિકને દોડાદોડ કરવી પડી નહીં પરંતુ એ સ્થિતિમાં ધીમે ધીમે એવો વધારો થતો ગયો કે નાણાંની ભીડ તેને પડવા માંડી. ૧૫ દિવસ આ દંપતિને કષ્ટથી કામ લેવું પડયું. એટલે કે કમાણી મુદ્દલે થઈ નહીં અને ઘરનાં નાણાંથી ખર્ચખુટણ ચલાવવું પડયું. રસિકની સ્ત્રીનાં નાણાંની બેંકની ચોપડીમાં હવે ફક્ત બે ત્રણ રૂપિયા રહ્યા. રસિક તો ખાખી બંગાળી જ હતો. આ વિટંબણાવાદળમાંથી દૂર થવા સુમતિએ પોતાના પિતા પાસેથી નાણાં મંગાવવાનો વિચાર કર્યો પણ રસિકે ના કહી. એથી પોતાની બતંગ હાલત બહાર પડી આવે એવો તેને ભય લાગ્યો. ટેક નિભાવવો અને નાણાં તો મળે નહીં ! ત્યારે કરવું શું ?

"હાર્યો જુગારી બમણું રમે." રસિકને એમ થયું કે આજ ખોટમાં છું પણ કાલ કદાચ તડાકો લાગી જાય તો ? લોભે લપટાચલો આ યુવક, એ વિચારે સટ્ટામાંથી બીજા ધંધામાં ન પડયો અને એજ વમળમાં વીંટળાયા કર્યો. તેનું પરિણામ તે ધારતો હતો તેવું આવ્યું નહીં. એક દિન તેની આબરૂ જવાની ખરેખરી વારી આવી. એકાએક, એક વેપારીએ બઝાર એકહાથ કરી લેવાથી

મંદીવાળાઓને ખોટમાં ઉતરવું પડયું. રસિક તેઓમાંનો એક હતો. તેને લગભગ રૂા. ૭૦૦ ની ખોટ ગઈ. ૫૦૦ તો માંડ કમાવાની આશા હતી ત્યાં આ સ્થિતિથી તે ઘેરાઈ ગયો: બહુ મુંઝાયો: હવે તો આ ધંધો છોડવોજ જોઇએ: પણ આ દશામાંથી બહાર નીકળાય તો ને? જો એ રૂપીઆ વળી ન રહે તો તેને ઘેર જપ્તિ આવે, અને લોકમાં તેની આબરૂના કાંકરા થઈ જાય. સુમતિ પાસે પોતાનું કાંઇ એટલી બધી કિંમતનું ઘરેણું નહતું. માબાપે તેને પરદેશ મોકલેલી તેથી તેઓ ડરતાં હતાં કે રખેને છોકરી પાસેથી ખોવાઈ કે ચોરાઈ જાય. આથી રસિકને આ ફેરો તે કાંઈ મદદ કરી શકે એવી હાલતમાં નહતી. પરંતુ તે હિમ્મત હારી નહીં. પતિહિત માટે તેને એક વિચાર સૂઝયો: અને તે અમલમાં મૂકવા બપોરની વખતે જયારે, મનહર ઘરમાં નહતો ત્યારે સુશિલાને ત્યાં ગઈ. વાતમાંથી વાતમાં પોતાની હાલતથી તેને વાકેફ કરી. ચતુર, ડાહી અને ભલી સુશિલાએ એકદમ પોતાની સોનાની મોહનમાળા સુમતિને આપી અને કહ્યું: "મારી આપત્તિ વખતે મને મદદ કરનાર, મારા સુખના વિચારોમાં રમનાર મારા રસિકભાઇ માટે હું ગમે તે આપવા તૈયાર છું. વધુ નાણાં જોઇતાં હોય તો મારા પિતાને લખીને તારથી મંગાવી આપું. આ માળા રૂા. ૯૦૦ની કિંમતની છે. એટલે તેમાંથી રૂા. ૭૦૦ તો સ્હેજ મળી જશે. જા, ફત્તેહ કર. અને મારા બંધુને હવે ચેતવ કે એ અંધારા કુવામાંથી હવે તો બહાર નીકળો અને તેને ઢાંકણું વાસી, લોઢાનું મોટું તાળું દ્યો." થડકતે હ્રદયે ગયેલી સુમતિ મલપતે મ્હોંએ અને ઉછળતે હૈયે પોતાને ઘેર પાછી આવી. પતિને સ્નેહદાન દઇને, તેના હાથમાં માળા મૂકી. પરંતુ તુર્તજ તે તે પાછી લઇને તેને કહ્યું: મને વચન આપો કે હવે તમે કદી સટ્ટો નહીં કરો. ગમે તે કોઇ બીજી નોકરી કરો અથવા તો ઘેર બેસી રહો પરંતુ આ ધંધાનું મ્હોં કાળું કરો. રસિક પણ પસ્તાયો હતો એટલે તેણે વચન આપ્યું અને આ વિપત્તિવાદળ દૂર થયું. છબી-

લદાસ નામના એક વાણીઆને ત્યાં જઇને આ માળા ગીરવીને, રસિકે તેનાં નાણાં લીધાં.

રસિકે તે પછી સટ્ટાનો માર્ગ છોડયો અને મનહરની માફક કોઇ નિશાળમાં નોકરીએ જવાનો ઈરાદો રાખ્યો. વખત કઢંગો હતો એટલે તુર્તમાં એકકે નોકરી મળી નહીં. આથી થોડા દિવસ ઘેર રહ્યો અને કંઇને કંઈ ઠેકાણે અરજીઓ ફેંકતો રહ્યો.

## ૫.

ઉપરની બિનાને લગભગ ૧૦—૧૨ દિવસ થયા છે. રસિક સુશિલાનો અત્યંત આભારી બની ગયો છે. એક રવિવારે મનહર ફરતો ફરતો છબીલદાસને ત્યાં જઈ ચઢયો. તેને અને છબીલદાસને સારી ઓળખાણ હતી. ત્યાં બેઠા બેઠા તે વાતચિત કરતો હતો તેવામાં અચાનક તેની નજર વાણીઆના કાચના કબાટ ઉપર પડી. તેમાંનાં ઘરેણાંમાંની એક સાંકળી ઉપર નજર પડતાં તે ચમકયો. તેણે છબીલદાસને પૂછયું: “ભાઇ, આ કોની છે ?' વાણીઓ: ભાઈ, તમારા જેવા એક માસ્તરની છે. મનહર: કંઇ નામ ઠામ? વાણીએ પ્રથમ તો નામ આપ્યું નહીં. કારણ એમ કોઇ આબરૂદારનું નામ જેને તેને મોઢે દેવું તેને વાજબી લાગ્યું નહીં પણ મનહરે ઘણા કાલાવાલા કર્યાથી તેણે નામ દીધું. તે પછી એને લગતી બીજી હકીકત પણ કહી. આ સાંકળી સુશિલાની છે એમ તે સારીપેઠે જાણતો હતો. પહેલાં રસિક વિષે તેને જેવો વ્હેમ ગયો હતો તેવોજ બલ્કે હવે તો તેથી પણ વધારે વ્હેમ ગયો અને તેને એટલો બધો ગુસ્સો ચઢયો કે રસિકનું ખૂન કરી નાંખું. તેણે વાણીઆને જય જય કરીને આ સાંકળી આપ્યા વિના ઉતાવળે ઉતાવળે ઘર તરફ પ્રયાણ કર્યું.

ઘેર આવીને જુએ છે તો બારણાં બંધ હતાં અને માંહે “હા હા હી હી” થતી હતી. તેણે અંદરથી રસિકનો પણ હસવાનો અવાઝ

સાંભળ્યો. રસિક બોલતો હતો કેઃ—બધો તારો વાંક છે. તેંજ મને આ ફાંદામાં નાંખ્યો છે.

સુશિલાએ જવાબ આપ્યોઃ ના, એમ તમારાથી ના કહેવાય. તમે મારે માટે ઓછી મહેનત લીધી નથી અને હજી પણ તમે ક્યાં મારા ઉપર ઉપકાર કરવા ચૂકો છો. એનો આ ઘણો ઓછો બદલો છે.

બહારથી મનહર ગુંચાયો. "અરે આ શું ? રસિકને ફાંદામાં નાંખનારી સુશિલા ? શું ત્યારે સુશિલા, સ્વેચ્છાએ તેને શરણ થઇ ? તેનો ઉત્તર શો છે ? 'એનો આ ઘણો ઓછો બદલો છે' એટલે ? ઓ પાપી સ્ત્રી ! તારો તથા તારા...નો પ્રાણ લઇશ. તેણે બારણાને એકદમ જોરથી લાત મારી. બારણાને કાંઈ અંદરથી સાંકળ દીધેલી નહતી તેથી તે એકદમ ઉઘડી ગયું અને રસિક પડી ગયો. તેને થોડુંક વાગ્યું પણ દરકાર કર્યા વગર તે પાછો ઉઠ્યો. પોતાની પાસેનું ચપ્પુ કાઢી, તે અંદરના ઓરડામાં ધસી ગયો. બહારનો ખડખડાટ સાંભળી અંદરનાં માણસો બહાર આવ્યાં. મનહર તે વખત આભો બન્યો કેમકે સુશિલા અને રસિક ઉપરાંત ત્યાં રસિકની પત્ની પણ હતી ! શું રસિકની સ્ત્રી પણ આ પાપકર્મમાં સામેલ છે? તેને કાંઈ પણ બીજો વિચાર આવ્યો નહીં. ક્રોધાવેશમાં રસિકનું કાંડું ઝાલીને તે બોલ્યોઃ "લુચ્ચા, મારી ગેરહાઝરીમાં મારા ઘરમાં પાછો કેમ આવ્યો ? હરામી, તારાં કારસ્થાનનો ખુલાસો કર; નહીં તો તારા પ્રાણ લઇશ."

રસિકે નમ્યું આપવાને બદલે કાંડું જોરથી છોડાવ્યું અને તે આઘો જઇને બોલ્યોઃ મનહર, તું ગાંડો થયો છે કે શું ! તને શું થયું છે ?

" Mania, સમજ્યો ! મારે તારી સાથે તકરાર કરવી નથી સમજ્યો. લે, આ તારાં કારસ્થાનનો બદલો" તે પોતાના હાથમાંના

ચાકુ સાથે રસિક તરફ ધસ્યો. રસિક ચેત્યો. એકદમ નજર ચુકાવીને પાસેની ખુરશી ઉચકીને, તેણે તેની સામે ઉગામી. તથા કહ્યું: "ચાકુ ગજવામાં મૂક. નહીં તો મારૂં છું માથામાં. તારા કરતાં હું વધારે બળવાન્ છું. તારા જેવો અવિચારી, બાયલો નથી. મૂક ખિસ્સામાં મૂક. નહીં તો લગાવું છું—

બન્ને વચ્ચે જબરી જામવાની હતી ત્યાં દોડયો દોડયો છબીલ દાસ વાણીઓ આવી લાગ્યો. આ દૃશ્ય જોઇ તે ગભરાયો પણ હિમ્મત રાખી, મનહર પાસે ગયો અને કહ્યું: વાહ ભાઇ, પેલી સાંકળી લઇને કયાં નાઠા ? મ્હેરબાન, એ કાંઇ તમારી રીત છે ?

મનહરનું ધ્યાન વાણીઆ તરફ ગયું. પણ તેજ વખત તેણે વાણીઆને પૂછ્યું: છબીલદાસ, સાચું કહેજો આ સાંકળી તમને આપવા આ ગૃહસ્થ આવેલા કે ? "હા."

તમે એને કેટલા રૂપીઆ આપેલા ?—"૭૦૦".

મનહરે આ ઉપરથી રસિકને કહ્યું: બોલ બદમાશ, આ સાંકળી કોની ?

"કોની કેમ ? સુશિલા બહેનની !"

"એમ, તેં કેમ આપેલી ?

સુશિલા: એમને વિપત્તિ હતી તેથી આપી હતી.

"વિપત્તિ શેની ? વિપત્તિ કાંઇ નહોતી. હું જાણું છું. એતો તારાંજ કારસ્તાન: એ સાતસો રૂપીઆવડે લ્હેરો મારી અને "એનો આ ઘણો ઓછો બદલો છે" એમ કહી લ્હેકા કર્યા, લુ- તે સુશિલાને મારવા દોડયો પણ રસિકે તેને પકડી લીધો. "ખબર- દાર જો મારી બહેનને મારી છે તો, સમજ્યો ?"

"એટલે ?"

"એટલે એજ કે તારી દેન નથી કે મારા દેખતાં તું તેનો વાળ વાંકો કરી શકે. 'નબળો માટી બૈયર પર શૂરો.' લે ચાલ

તારી સત્તા હોયતો આવી જા મારી સાથે. હું તને જોઇતો સ્વાદ ચખાડવા તૈયારછું."

રસિકનો બાંધો એકંદરે કદાવર અને ભવ્ય હતો એટલે મનહર ડઘાઇ ગયો તેને બીજો વિચાર સ્ફુર્યો. "હું પોલીસ કોર્ટમાં જઇને, રસિક, તારા ઉપર ઘરપ્રવેશની ફરીઆદ માંડું છું. આ છબીલદાસ સાક્ષી છે. એમાં પછી મારી આબરૂ જવાની હશે તો જશે. હું જરા પણ ડરતો નથી—"

એમ કહી તે ચાલતો થયો તે લફરલફર જતો હતો તે દરમ્યાન તેના ખિસ્સામાંથી અચાનક એક કાગળ નીકળી પડયો, જેનું તેને ભાન રહ્યું નહીં. છબીલદાસ તેની પછવાડે ગયો અને રસ્તામાંથી મનહર પાસેથી સાંકળી મેળવીને, સાક્ષી પૂરવા આવવાની હા કહી ચાલતો થયો.

આ બાજુ, રસિકે ચિકિત્સાની ખાતર પેલું કાગળીઉં ઉઠાવ્યું તો તે તાર જણાયો. તેમાં લખેલું હતું કે:

"Navanidhrai died to-day send Sushila at once—નવનીધરાય આજ રોજ મરી ગયા છે. સુશિલાને એકદમ મોકલો." તેણે તાર ફરી ફરી વાંચ્યો. તારીખ જોઇ તો તે ૨૫ મીની હતી. આજ તારીખ થઇ અઠ્ઠાવિશમી ! તે ચોંકયો. તેણે સુશિલાને પૂછ્યું: બહેન, મનહરની ફોઝદારીનો તો હમણાં હું જઇને નિકાલ કરૂં છું પણ તમારાં સગાંમાંથી હમણાં કોઇનું મરણ થયું છે કે !

"ના, ભાઈ, હમણાં તો બધાં ખુશીમાં છે."

રસિકને વિચાર આવ્યા: ત્યારે શું મનહરે પોતાના સસરાના મરણની વાત પણ શુશિલાને કરી નથી ? અને તેમાં લખ્યા પ્રમાણે મોકલી પણ નથી ? અજબ થવા જેવું છે.

તેણે સુશિલાને કહ્યું: આજથી ચાર દિવસ ઉપર તમારા બાપ-

માં તમારૂં એક સગું મરી ગયું છે.

સુશિલાઃ એમ ? એમણે તો મને વાત કરી નથી.

રસિકઃ હરકત નહીં. હવેજ હું મનહરને પુરા સકંજામાં લઇશ અને તેના પ્રબળ વ્હેમનો ખરેખરો ચૂરો કરીને તેને દીન બનાવીશ. રસિકે તે વખતે સુશિલાને બીજું કાંઇપણ ન કહેતાં પોતે તપાસમાટે જાયછે એમ જણાવ્યું અને તે ગયો. પાસેની પોલીસ ચોકી ઉપર જતાં તેણે મનહરને એક પોલિસ કારકુનને કાંઇક લખાવતો તેણે જોયો. તેણે એકદમ તેની પાસે જઇને કહ્યું: મી. મનહર, તમારા સસરા મરી ગયા અને તમારી "વાઇફ" ને તેને ગામ બોલાવી છે ત્યાં તો તમે ન મોકલી તે તમારી મરજી; પણ મ્હેરબાન, તેને તમે તેના મરણની ખબર પણ કરી નથી કે ?

મનહર હિંમ્મતથી કહેવા લાગ્યોઃ કોણ કહે છે ?

રસિકઃ હું કહુંછું. આ તાર ૨૫ મીનો છે અને આજ તારીખ થઇ ૨૮ મી. અત્યારે આ કારકુન સાહેબ તારે ત્યાં જઇને તારી "વાઇફ" ને તેના પિતાના સમાચાર પૂછે અને આપણે બે અહીં રહીએ. પછી જોકે તે શો જવાબ આપે છે ? વારૂ, આ તાર ખરો કે ખોટો ?" તેણે આગ્રેથી આ તાર મનહરને બતાવ્યો. પછી પેલા કારકુન પાસે ગયો અને તેને કહ્યું: જુઓ, સાહેબ, આ મીસ્ટર તો મારા એક ખાસ મિત્ર અત્યાર લગી હતા. આ જરાક બાબતમાં તકરાર થઇ એટલે ઘરપ્રવેશની ફરીઆદ લાવ્યા છે. પણ એમના પગ નીચે દવ બળેછે તેનું એમને કાંઇ ધ્યાન નથી. આ તાર હું, સાહેબ, અમારી નાતનું પંચ બોલાવીને તેની આગળ રજુ કરીશ. અને એક નાતીલાનાં મરણના સમાચાર ચાર દિવસ સુધી છુપાવવા માટે તથા ધર્મભ્રષ્ટતા અને દુષ્ટતા કરવા માટેનો આરોપ હું આ સાહેબ ઉપર મુકીશ. તે પછી સાહેબ, એઓ પોતાની સ્ત્રી ઉપર જે જુલ્મ ગુજારે છે તેને-કેવળ વગર વાંકે માર મારે છે. તેની વાત જાહેર કરીશ.

અત્રે મનહર બોલી ઉઠયો: રસિક, આ પોલીસ કોર્ટમાં તું આડું અવળું બોલીશ તે નહીં ચાલે. તેણે કારકુનને કહ્યુ: મીસ્તર, તમે તમારે આપણું કામ ચલાવોને ? નાંહક એની તરફ શું કરવા લક્ષ આપો છો ? એનાથી કોણ ડરે છે ?

રસિકનો મિજાજ ગયો. " મનહર, બહુ પતરાજી ના કર. તેણે ફરીને કારકુનને ગરીબ સુશિલાના સંબંધમાં આ કસાઈ જેવો મનહર કેવી વર્તણુક ચલાવેછે તેનું બ્યાન આપ્યું. અને એક ગૃહસ્થ તરીકે આ સંબંધમાં તેનું ખાનગી મત માગ્યું. કારકુન સમજી ગયો કે આ મનહર બહુજ વ્હેમી અને કરડો તથા ઉતાવળીઓ છે તેને પરિણામે આ ફરીઆદ કરવા આવ્યો છે. તેણે રસિકનો પક્ષ કર્યો તથા આ તારના સંબંધમાં કેટલાક પ્રશ્નો મનહરને કર્યા. તારની બાબતમાં મનહરનો વાંક હોવાથી તે જવાબ દેવામાં ગુંચાઈ ગયો અને તે સાથે ચીડાઈ ગયો. એકદમ ગુસ્સો ચઢાવી તેણે કહ્યું. " બળ્યો આ કેસ અને બળી એ બાયડી. મારે કાંઈ કરવું નથી હું તો આ ચાલ્યો. "

મનહર ગયો. રસિકે કારકુનને થોડુંક મહેનતાણું આપી ખુશી કર્યો અને મનહરે લખાવેલું લખાંણુ પોતાની પાસે લઈને, તેની પાછળ ગયો અને રસ્તામાંજ તેને પકડી પાડયો. તેણે ધીમેથી કહ્યું: મનહર, મારો મિત્ર થઈને તું શામાટે આમ કરેછે ? જો, તું ધીમો પડે તો હું તને બધી વાત અથેતિ કહું. તું શાંતિ રાખે તો મારે ઘણા ખુલાસા કરવા છે તે કરૂં. પ્હેલો તો ખુલાસો એકે તારા મનમાં સજ્જડ વ્હેમ ભરાયો છે કે તારી સ્ત્રી સાથે મારે ખરાબ વ્યવહાર છે. મિત્ર, ભૂલ છે. મારી પોતાની સ્ત્રી સાથે તારા ઘરમાં આવીને એવાં ખરાબ કૃત્ય હું કદી પણ કરૂં ? અને તે પણ બારણાં ઉઘાડાં રાખીને ? અલ્યા, એતો મારી સગી બહેન જેવી

છે. તું જરાક સામાન્ય બુદ્ધિ વાપર અને પૂર્વશંકાઓ કરી તારૂં તથા તેનું જીવન ખરાબ માં કર.

મનહરઃ બોલ, સાંકળી માટે તારો શો ખુલાસો છે ?

રસિકે ખરેખરી હકીકત અથથી તે ઇતિ સુધી કહી. ત્યારે મનહરે પૂછ્યુંઃ પણ તે દિવસે એને તું એમ કેમ કહેતો હતો કે "બધો વાંક તારો છે. તેંજ મને ફાંદામાં નાંખ્યો છે." ત્યારે એ વળી કાલી કાલી થઇને એમ કેમ કહેતી હતી કે તમારા ઉપકારોનો આ ઓછો બદલો છે ? રસિકે તેનો પણ ખુલાસો કરતાં કહ્યુંઃ એ બધો તારો વાંક છે વગેરે શબ્દો મેં મારી "વાઇફ" ને ઉદ્દેશીને કહ્યા હતાઃ જો એણે સુશિલાને ત્યાંથી સાંકળી ના આણી હોત તો મારે તેનો ઉપકાર માનવા જવું ના પડત. સુશિલાએ આપેલો જવાબ પણ યોગ્ય હતો. પોતે તાવથી પીડાતી હતી ત્યારે હું દવાઓ આણી આપતો અને તેથી પોતે અંતે સાજી થવા પામી એ એને મોટો ઉપકાર લાગ્યો અને તેના બદલા તરીકે તેણે મને આ સાંકળી ઉછીની આપી હતી એમ તેણે કહ્યું હતું. અલબત્ત, તને આ વાત જણાવી ન હતી. એનું કારણ તારો ઉતાવળીઓ અને વ્હેમી સ્વભાવ"

રસિકે એવીજ ખુબીથી, ધીમાશથી અને શાંતિથી મનહરને આ તારની બાબતમાં ઠપકો આપ્યો. મનહરનું હૃદય અપરાધી હોવાથી એણે તે સહન કર્યો અને પછી કબુલ પણ કર્યું કે મારે એને મોકલવી પડે માટે મેં એ વાત કહી ન હતી.

રસિકઃ પણ ગાંડા, એ વાત કેટલા દિવસ છૂપી રહી હોત ? શું એ તે કાંઇ જન્મારા લાગી ગુપ્ત રહેત ? હશે, એ બધું જે થઇ ગયું તે થઇ ગયું. સઘળું દાટી દે. અને તારા ઘરમાં જે રત્ન છે તે

રત્નને સારી પેઠે સાચવ. જો તું એને દરેક વાતે સુખ આપે તો જા, હું કોઈ દિવસ તારા ઘરમાં તારી ઇચ્છા મુજબ નહીં આવું. તેના પિતાના મૃત્યુની વાત હું ધીમે રહીને તેની આગળ જાહેર કરીશ. તું તારી મેળે ચૂપ રહેજે.

તે પછી તેણે મનહરને સુશિલાના સદ્‍ગુણોના સંબંધમાં લંબાણુથી વર્ણન કર્યું અને છેવટે મનહર પાસેથી વચન લીધું કે કોઇ દિવસ તે તેને દુઃખ નહીં દે.

* * * * * * * *

૬

સુશિલાનો વિષમય સંસાર, અંતે રસિકની ચતુરાઈથી અમૃતમય બન્યો છે. રસિકે, મનહરને કહ્યું હતું તેમ' ઘણીજ ખુબીથી સુશિલાને તેના પિતાના મરણની વાત કહી છે. અને મનહર તથા સુશિલા—એ બન્ને જણાંને ચાર પાંચ દિવસ પછી, મર્હુમ નવનીધરાયને ગામ જવાનું ઠરાવ્યું છે.

ઉપરના બનાવ ને ત્રીજે દિવસે મનહરની વર્ષગાંઠ આવતી હતી. તે દિને બપોરના મિત્રોનો એક મેળાવડો મનહરને ત્યાં કરવામાં આવ્યો, જેમાં મનહરે સ્ત્રીઓના સંબંધમાં પોતાના વિચારો ફેરવાચલા જાહેર કર્યા. પોતાને આજ લગી એ જાતિ પ્રત્યે માન ન હતું, પરંતુ હવેથી તે તેઓ પ્રયે આદરની દૃષ્ટિથી જોશે એમ તેણે જણાવ્યું. અને એવા કોમળ વિચારોને માટે તે પોતાના સન્મિત્ર રસિકનો અત્યંત આભારી હતો એમ તેણે કબુલ કર્યું.

* * * * * * * *

તે દિને રાત્રે જ્યારે રૂપેરી ચાંદની છવાયલી હતી, અને તરૂણ ચંદ્ર મંદમંદ હસતો હતો, ત્યારે મનહર અને સુશિલા અગાસીમાં ઉભાં હતાં. સુશિલાએ કહ્યું: "કહો વ્હાલા, આ ચંદ્ર કેવો લાગે છે?"

મનહર: "વ્હાલી, તારા શુભ્ર, અને સુંદર જેવો."

સુશિલા શરમાઇ ગઇ: "એમ ના કહો વ્હાલા, કહો કે તેની ઉપરથી વાદળાં વિખરાઈ ગયાં છે અને તે નિર્મળ બન્યો છે." મનહરે સુશિલાના મુખચંદ્રને ઉદ્દેશીને કહ્યું: બરાબર છે. હું ખાત્રીથી કહું છું કે આ ચંદ્ર ઉપર હવે કોઈ દિવસ વાદળાં નહીં આવે.

એટલું કહી, તેણે તેની ઉપર પોતાના વ્હાલને મુદ્રાંકિત કર્યો.

---



---

# પવિત્ર પ્રેમનો વિજય.

( ૧ )

મેવાડનરેશ શ્રી **અજીતસિંહ** પોતાનું સ્વચ્છ ચિત્ત અને પોતાની પ્રસન્નપ્રકૃતિ માટે—સમસ્ત રજપૂતાનામાં વિખ્યાત હતા. શોક કે ચિંતા તેમની નિકટમાં આવી શકતાં નહતાં. દુર્દૈવ અને આપત્તિની પાછળ પડીને તેમને તેઓ પલાયન કરાવતા.

પરંતુ આજ સાયંકાલે એ પ્રસન્ન મૂર્તિ, ગંભીર, વિચારશીલ અને ઉદ્વિગ્ન મુદ્રા ધારણ કરી રહી છે. મહારાજાની પુત્રી **કીર્તિકુમારી** તેમના ખંડમાં આવી છે તથા તેમની પાસેજ ઉભી રહીછે પરતુ તેમનું તે તરફ લક્ષ ગયું નથી. પુત્રી ચિન્તાતુર બની. તેણે ધીમે સ્વરે કહ્યું, " પિતાજી ! "

મહારાજા ચોંકયા. કોણ મારી પુત્રી ?

કીર્તિઃ હા પિતાજી, આજ તમે કેમ ચિન્તાતુર જણાવ છો ?

મહાઃ પુત્રી મારે તારાથી થોડા વખતને માટે વિખુટા પડવું પડશે તેની મને ચિન્તા થયા કરે છે વળી મારી સાથે **રમણસિંહ** અને **સજ્જનસિંહ** પણ આવનાર છે.

કીર્તિઃ શું કોઈ યુદ્ધમાં જવાનું છે ?

મહાઃ હા, રજપૂતાનાની સરહદ ઉપર કેટલાક લૂંટારાઓ ગરબડ મચાવી રહ્યા છે, તેમનો સંહાર કરવા માટે સમસ્ત પ્રદેશના રાજાઓની વિનતિથી મારે જવું પડે છે.

પુત્રી કાંઇ બોલી શકી નહી. તેનાં મૃગનયનોમાંથી બે મોતિબિન્દુ સરી પડયાં ! પોતાની પુત્રીને છાતી સરસી ચાંપ્યા, પછી મહારાજા બોલ્યાઃ "કીર્તિ હવે તું મોટી થઇ, ડાહી થઇ. તારે ધીરજ રાખવી જોઇએ. ઇશ્વર કરશે તો હું તુર્તજ શત્રુઓનું દમન કરીને પાછો આવી પહોંચીશ" પોતાની ઇચ્છા હો વા ન હો પણ કીર્તિસુન્દરીને કહેવું પડયું કેઃ–ભલે પિતાજી જાવ અને વિજય કરી વહેલા વળો.

પિતાની પ્રસન્નપ્રકૃતિ અત્રે ખીલી ઉઠી. મહારાજાએ મધુર હાસ્ય સાથે પોતાની પુત્રીને બે ત્રણવાર છાતી સાથે ચાંપી તથા ઘણાજ વહાલથી તેના કપોલપ્રદેશ ઉપર પિતૃસ્નેહની છાપ પાડી.

( ૨ )

કીર્તિકુમારી અજીતસિંહની એકની એક કન્યા હતી તેની માતા ત્રણ ચાર વર્ષ થયાં આ લોક તજી ગઇ હતી. તે પછી પિતાનો સંપૂર્ણ પ્રેમ આ પુત્રીનેજ મળ્યો હતો. કન્યારૂપી વેલ, દિન પ્રતિદિન મોટી થતી જતી હોવાથી મહારાજાએ વિચાર કર્યો હતો કે તેને **રમણસિંહ** સાથે થોડા વખતમાં પરણાવવી. રમણસિંહ એક શૂરવીર અને ખાનદાન રજપૂતનો પુત્ર હતો. તેનો મર્હુમ પિતા મેવાડ રાજ્યનો બાહોશ સચીવ હતો. અને તેની સાથે હાલના મહારાજાના પિતાને અત્યંત પ્રીતિ તથા મૈત્રી હતાં. રમણસિંહ હમણાં મેવાડના સૈન્યમાં જોડાયો હતો. અત્યાર સુધીમાં તેણે એકંદરે સારૂં કામ કર્યું હતું.

મહારાજાના વિચારથી કીર્તિકુમારીનો વિચાર જુદો હતો. સજ્જનસિંહ નામક એક યુવક, જે મહારાજાને ત્યાં બાલપણથીજ

ઉછર્યો હતો, તેની સાથે તેને અત્યાર પહેલાં પ્રીતિ બંધાઇ ચૂકી હતી. સજ્જનસિંહનો સ્વર્ગસ્થ પિતા, પાસેના એકાદ રાજ્યનો માલીક હતો. તેના મૃત્યુ પછી મેવાડાધિપતિએ સજ્જનને પોતાને ત્યાં રાખ્યો હતો અને તેના રાજ્યનો વહિવટ પોતે ચલાવતા હતા. સજ્જન ઉમ્મરે આવતાં એ રાજ્ય તેને પાછું મળનાર હતું. સજ્જનસિંહ અને કીર્તિકુમારીની પ્રીતિ, ભ્રમરકમળવત્ હતી. આથી કીર્તિનાં લગ્ન કોની સાથે થશે એ અનિશ્ચિત હતું એમ કહીએ તો ચાલે.

( ૩ )

જે સાયંકાલે કીર્તિકુમારી અને તેના પિતાને વાતચિત થઇ તે સાયંકાલે તેનું ચિત્ત ઘણું અસ્વસ્થ રહ્યું; કારણ બીજે દિનજ પ્રાતઃકાલે મહારાજા પ્રયાણ કરનાર હતા. કીર્તિકુમારીએ પોતાનું મન શાન્ત પાડવા માટે બાગમાં જવાનો ઠરાવ કર્યો. તેણે પોતાની એક સખીને બોલાવી અને જણાવ્યું કેઃ મારૂં મન અત્યારે ઘણું ગુંચાઇ ગયું છે તેથી હું આપણા ઉપવનમાં જાઉં છું. જો પિતાજી બોલાવે તો મને ત્યાં કહેવા આવજે.

સખીએ હસતે હસતે કહ્યુંઃ "કોઇ ન ઇચ્છવાજોગ વખતે હું કહેવા આવું તો મને માર તો નહીં પડે ને ?" કીર્તિકુમારી આ વિનોદનો ઉત્તર આપવાની સ્થિતિમાં અત્યારે ન હતી. તેનો માર્મિક અર્થ તે અત્યારે કળીજ શકી નહીં.

બાગમાં જઇને તે એક પુષ્પકુંજ સમીપનાં ઉભી રહી, પુષ્પો ચુટવા લાગી. સાયંકાલ અત્યારે લગભગ પૂર્ણ થવા આવી હતી વિરહીજનોને દુઃખ દેનારો નિશાકર, પોતાની પ્રભા ધીમે ધીમે પ્રસારતો હતો. આકાશ મેઘરહિત હતું. એટલે ચાંદની સારી પેઠે ચમકવા લાગી હતી.

કેટલીક વાર સુધી પુષ્પો ચુંટયા પછી તેણે તે પોતાના ખોળામાં એકઠાં કર્યાં અને તેમની એક માળા બનાવવી શરૂ કરી. સોયદોરાનું સાધન તે પોતાની સાથેજ લાવી હતી. પુષ્પો પરોવતી આ પ્રમદાનો અત્યારનો દેખાવ ખરેખર આહ્લાદજનક હતો.

ચંદ્રકિરણો તેનાં શ્વેતવદનસરોજ ઉપર પડતાં હતાં અને તેણે પોતે શ્વેત વસ્ત્રો ધારણ કરેલાં હોવાથી ધવલતામાં ઔર શોભા જણાતી હતી. નિકટવર્ત્તી સરવરમાંથી સરસર કરતો અનિલ મન્દતાથી અહીંતહીં વિહરી રહ્યો હતો અને પુષ્પસુગંધ ચારે દિશામાં પ્રસરાવી રહ્યો હતો.

એ વખતે એક સુકુમાર યુવક એ સ્થાને આવી ચઢયો. તે ધીમે ધીમે કુમારી હતી ત્યાં આવ્યો. પોતાનો પગરવ તેણે અતિ ઘણો મન્દ કર્યો. સુન્દરની નજર તેની તરફ નહતી. તે શાંતિથી તેની પાછળ જઈને ઉભો રહ્યો. તેને તેની આંખો દાબવાનું મન થયું પણ તેમ કરતાં અચાનક તે સુન્દરી બુમ પાડી ઉઠે તો ફજેતી થાય એમ ધારીને તે અટકી ગયો. થોડીકવારે સુન્દરીની નજર પાછળ ગઇ. ઉભેલી આકૃતિને જોઇને પ્રથમ તો તે ચમકી પણ પછી મન્દસ્મિત હાસ્યથી બોલી: "જાઓ, મને બોલાવશો નહીં."

"કેમ ?"

"મને અહીં કેટલી બધી વાર સુધી ખોટી કરી ?

"એમ ? 'આતો ઉલટો ચોર કોટવાલને દંડે' મારે અહીં કેટલી બધી વાર સુધી રોકાવું પડયું તેનું તો કાંઇ નહીં કેમ ?

"ખોટું. તમારે બહુવાર રોકાવું નહીંજ પડયું હોય. પુરૂષોને વાત વાતમાં જુઠું બોલવાની ટેવ પડી હોય છે.

"એમ ? ત્યારે તો સ્ત્રીઓજ સાચી અને તેમાં પણ તમે વધારે.

"હા, હા, સત્તરવાર, મને ખોટી કરી તેનો તમારે દંડ આપવો પડશે.

"તમે દંડ કરનાર કીયાં સત્તાધારી છો ?

"સુન્દરી શરમાઇને નીચું જોઇને બોલી: મહારાજા અજીતસિંહની પુત્રી.

"એમ ? એ તો હું ભુલીજ ગયો હતો. તમે મહારાજાનાં પુત્રી તરીકે આ હુકમ ફરમાવો છો એથી હું તેનો અનાદર કરૂંછુ.

"એમાંથી તમે લ્હાણુ નહીં કાઢો."

"ભલે. હું મહારાજાની પુત્રીનો ગુન્હેગાર નથી. કદાચ હું પ્રેમરાજ્યની સર્વોપરી સત્તાનો ગુન્હેગાર હોઇશ એ કબુલ કરૂંછું."

"તો એજ સત્તાની રૂઇએ હું તમને શિક્ષા કરૂં છું."

પોતાના હાથમાંનો પુષ્પહાર તેને મારતી હોય એવી ઢબે તેણે તેને પહેરાવ્યો. પુરુષને આથી હસવું આવ્યું અને પ્રમદા પણ હસી પડી. તે પછી તે બોલ્યો: કીર્તિ, આપણો થોડા વખત માટે વિરહ થશે એ દિલગીરીભરી ખબર આજ મારે તને આપવાની છે.

સુન્દરીનું વદન આ શબ્દો સાંભળીને મ્લાન થઇ ગયું. તેણે પોતાનો એક હાથ તે પુરુષના ખભા ઉપર મુકીને કહ્યું. હું જાણું છું. વ્હાલા સજ્જન હું સર્વ જાણું છું. પિતાજીએ મને આજ કહ્યું કે તારે યુદ્ધમાં પ્રયાણ કરવાનું છે.

સજ્જન: પણ વ્હાલી, તેમાં તું દિલગીર શા માટે થાય છે !

કીર્તિ: સજ્જન, તારો એક ક્ષણપણ વિરહભાર મારાથી નહીં સહન થાય.

સજ્જન, તે સુન્દરીના કૃષ્ણ કેશકલાપ ઉપર હાથ ફેરવતો ફેરવતો બોલ્યો: રાણી, એનો કશો ઉપાય નથી. ઇશ્વરકૃપા હશે તો અમે શત્રુઓનો પરાજય કરીને બહુતો ૧૦-૧૨ દિનમાં પાછા ફરીશું. ફક્ત એટલા દિવસ માટે તું હિમ્મત શા સારૂ હારે છે? સખીઓના સહવાસમાં એ દિવસો પલકારામાં જતા રહેશે.

કીર્તિ: સજ્જન, પિતાજીને કહીને મને પણ રણક્ષેત્રમાં આવવાની રજા ન અપાવો ?

સ: તારા પિતાજી નહીં માને. વળી આ યુદ્ધ કાંઈ જેવું તેવું નથી. તેમાં આપણા સબળ ગણાતા યોદ્ધાઓને પણ કદાચ પોતાના પ્રાણ આપવા પડશે. શત્રુઓ મહા નીચ અને દુષ્કર પ્રકારના છે, પરંતુ કીર્તિ આજ મારે એક બીજીજ બાબત રજુ કરવી છે.

"એ બાબત શી છે ?"

'એજ કે આ રણક્ષેત્રમાં હું પોતેજ મારી આહુતિ આપનાર છું."

કીર્તિસુન્દરી આ શબ્દો સાંભળીને ગભરાઇ ગઇ. તેની આંખમાં આંસુ આવી ગયાં. તે બોલી: વ્હાલા, તું એમ ના બોલ. મારે મન તું મારો પ્રાણ છે. મારો રક્ષક, મારો પ્રાણેશ અને મારો પ્રભુ તું છે, તારી એવી કવાણી, મારૂં કાળજું કાપી નાંખે છે.

સ: પણ કીર્તિ, તુંજ કહેને કે તારા પિતાની ઇચ્છા તો તને રમણસિંહ સાથે પરણાવવાની છે ત્યાં મારે માટેની તારી લાગણીઓ શા કામની ? મારા પ્રત્યેના પ્રેમનો બદલો તને કેવળ મારા વિરહમાંજ મળનાર છે તો પછી મારી સાથેનો તારો પ્રેમ વ્યર્થ છે એમ હું માનું છું.

કીર્તિ: તારી ભૂલ છે, સજ્જન, પિતા જો મને એવા ખાડામાં ઉતારવા માગશે તો હું ચોખ્ખી ના કહીશ: અને જો મને ફરજ પાડવાની વાત કરશે તો હું ખાત્રી પૂર્વક કહું છું કે તું જેમ અત્યારે કહે છે તેમજ હું પણ મારો દેહ ડુલ કરીશ.

સજ્જન આ શબ્દોથી ઘણો આનંદિત થયો: પણ તેને એ દિલગીરી થઇ કે વખતે કીર્તિસુન્દરી કહે છે તેમજ કરવાનો તેને પ્રસંગ આવ્યો તો ? આથી તે બોલ્યો: પણ તેથીજ મારૂં કહેવું છે કે-તું મારી પ્રીત ઉપરથી હાથ ઉઠાવ. એવું જોખમ ખેડવાનો

પ્રસંગ ના આવે એમ કર તે જ હું વાજબી લેખું છું.

કીર્તિકુમારી આથી ક્રોધિત થઈ. તેણે કહ્યું: શું સજ્જનસિંહ ત્યારે તમારી સાથે પ્રીતિ કરૂં તેમાં તમારીજ ઇચ્છાજ નથી કે? તમારૂં કહેવું શું એમ છે કે એકવાર મેં તમને "પ્રાણેશ" નામથી સંબોધ્યા પછી મારે એજ મોંયે બીજાને–અવર પુરુષને "પ્રાણેશ" કહેવા? નહીં, નહીં, એ કદી બનનાર નથી. હું તો છેલ્લે પાટલે બેઠી છું. થવાનું હોય તે થાય. મારો નાથ સજ્જનજ છે.

સજ્જનને તેના આ શબ્દોથી ઘણોજ પ્રેમ ઉપજ્યો. તેણે તેને પોતાની પાસે ખેંચી અને તેના ગાલીપ્રદેશ પર એક ચુમ્બન લઇને કહ્યું: ભલે, તો હું મારી વ્હાલીને દુભાવવા માગતો નથી. સરલ હૃદયિની, તું હમેશાં મારી હૃદયેશ્વરીજ રહેશે અને હું વચન આપું છું કે જો તારે તારો દેહ અર્પવાની ફરજ પડશે તો તારી સાથે મારો પ્રાણ આપવા માટે પણ હું હરેક પળે તૈયારછું.

કીર્તિએ વ્હાલથી પોતાનું શીર સજ્જનની છાતીપર મુકયું અને વાચકવૃંદ! ચન્દ્રનાં રૂપેરી કીરણોમાં આ શુદ્ધ પ્રેમીઓ અનંગબાણથી અત્યંત ઘવાઇ, આહ્લાદમાં રસ બસ થઇ ગયાં.

(૪)

મહારાજાનું સૈન્ય સરહદ તરફ ગયું અને લૂંટારાઓ સાથે તેને ભારે ઝપાઝપી થઇ. રમણસિંહે આ ઝપાઝપીમાં બહુ શૌર્ય બતાવ્યું.

આ બે યુવકો તે સાથે મળીને લૂંટારાઓનાં ગુપ્તસ્થાનોની શોધખોળ કરવાનું કામ સોંપવામાં આવ્યું. તેઓ નદી કિનારાની ભેખડોમાં, પહાડ કરાડની ખીણોમાં અને ટેકરીઓ ઉપર ઘૂમવા લાગ્યા. અનેક ટોળાંઓને તેઓ શોધી કાઢી શકયા અને અનેક જણાઓને કેદીઓ બનાવીને તેમણે સૈન્યના મુખ્ય મથક ઉપર મોકલી આપ્યા.

એક દિન, આ બે યુવકો પોતાની આ પરિચર્યામાં પ્રવૃત્ત હતા તેવામાં કોઈકે પાછળથી તરવારનો એક પ્રખર ઘા રમણસિંહની ગર્દન ઉપર લગાવ્યો. બન્ને જણા તેથી ચોંકયા. પાછું ફરીને જોયું તો તેમણે એક પ્રચંડમૂર્તિ ભીલ દીઠો. તે બીજો ઘા સજ્જન ઉપર લગાવવાની તૈયારીમાં હતો તેવામાં ચપળતાથી સજ્જન જરાક પાછો હઠી ગયો અને ભીલનો ઘા અફળ ગયો. તુર્તજ સજ્જને એ ભીષણ શત્રુ ઉપર એક સચોટ ઘા લગાવ્યો અને એ એકજ ઘાથી તે ભીલનું ધડ, શિરથી જુદું થઈ ગયું.

આણીપાસ સજ્જનસિંહને વાગેલા ઘાથી તે મૂર્છિત થઈ ગયો હતો. સજ્જને હવે તેની તરફ પોતાની નજર દોડાવી. પોતાની બળવાન ભૂજાઓવડે તેણે તેને ઉઠાવ્યો અને થોડેક દૂર આવેલી પોતાની નાની છાવણીમાં આણ્યો. રાજવૈદ્યની સહાયથી રમણના ઘાને રૂઝાવવાના ઉપાયો લેવામાં આવ્યા. પહેલે દિન, એ ઘાની પીડામાં રમણને સખ્ત તાવ આવ્યો. તે દિને રાત્રીએ સજ્જન તેની પથારી આગળ બેઠાને બેઠા રહ્યો. રમણને ઘેન પુષ્કળ હતું. બીજે દિન પ્રાતઃકાલમાં તાવ જરાક નરમ પડયો અને તેણે આંખ ઉઘાડી. સજ્જનને પોતાની પાસે બેઠેલો જોઈને, તેણે ઘણાજ મંદ અને અસ્પષ્ટ સ્વરે કહ્યું; બંધુ, તમે શા માટે તસ્દી લ્યો છો? સજ્જન તે વાકય જેવું તેવું સમજી શકયો. તેણે ઉત્તર દીધોઃ ભાઈ શા માટે અસ્વસ્થ બનો છો? તમારી સેવામાં મારે જાતે હાજર રહેવાનું મહારાજાનું મને ફરમાન છે. તમે મુંઝાશો નહીં. વૈદરાજ પણ તમારી સેવામાં હાઝર છે, અને પૂર્ણ હિમ્મત આપે છે કે તમને સત્વર આરામ થઈ જશે. તમે શાંતિથી સુઈ રહો.

આ સાંભળતાં રમણની આંખો અશ્રૂપૂર્ણ બની ગઈ અને તે સજ્જન સામે આભારની નજરથી એકીટશે જોઈ રહ્યો.

બે ચારે દિનમાં રમણને સંપૂર્ણ આરામ થઈ ગયો. સજ્જ-

નસિંહ એ દિવસો દરમ્યાન અહર્નિશ તેની પાસે ખડેપગે ખડો રહે તો અને પોતાના સગા ભાઇની માફક તેની સુશ્રૂષા કરતો.

( ૫ )

મહારાજા અજીતસિંહની સેના જયઘોષ કરતી પોતાના દેશમાં આવી પહોંચી. જે સૈનિકોએ યુદ્ધમાં સારૂં કામ કર્યું હતું તેઓનાં ગૃહોમાં આનંદ છવાઈ રહ્યો જ્યારે જે સૈનિકો યુદ્ધમાં મરણ પામ્યા હતા તેમનાં ગૃહો શોકતિમિરથી પરાવૃત્ત થઇ ગયાં.

એકવાર ફરીથી કીર્તિસુન્દરી તથા સજ્જનનું મિલન થયું. કીર્તિએ સજ્જનની સુશ્રૂષાની વાત પોતાની એક સખી દ્વારા જાણી હતી. આથી સજ્જન સાથેના પોતાના મિલન વખતે તેણે તેને અભિનન્દન આપતાં કહ્યું: વ્હાલા, તમારી હું જેટલી પ્રશંસા કરૂં એટલી ઓછી છે. તમે નર નહીં પણ નરદેવ છો. તમે જાણતા હતા કે એ પુરુષને કદાચ ભવિષ્યમાં તમારીજ પ્રિયાનો ભરથાર બનાવવાના પ્રયત્ન કરવામાં આવશે તે છતાં તમે, તેને દ્વેષથી મારી નાંખવાને બદલે તેની સ્નેહથી સુશ્રૂષા કરી અને તેનો પ્રાણ બચાવ્યો. ધન્ય છે, વ્હાલા, ધન્ય છે તમને !

સજ્જન એ વખતે કાંઇક ઉત્તર આપવા જતો હતો પરંતુ એક દાસીએ આવીને ખબર આપ્યા કે: આપ શ્રી મહારાજા બોલાવે છે. આથી પ્રેમીઓ તે વખતે છુટાં પડયાં.

મહારાજા પાસે સજ્જન ગયો તે વખતે રમણસિંહ ત્યાં ઉભેલો હતો. મહારાજાએ તેને કહ્યું; સજ્જન, મારા રાજ્યમાંથી તને રહેવાની જતા હું આજ્ઞા કરૂંછું.

સજ્જન ચોંકયો: પણ કાંઇ બોલ્યો નહીં, મહારાજાએ કહ્યું: કેમ મેં કહ્યું તેની સમજ પડી ?

સજ્જને ખિન્ન અને ગળગળિત સાદે કહ્યું: “ હા જી ”

મહ: ત્યારે કેમ ઉભો છું ? ચાલ્યો જા.

સજ્જન: મહારાજા, એક શંકા છે. પૂછવાની આજ્ઞા કરો તો પુછું.

મ: પૂછ.

સ: મારો અપરાધ શો થયો છે તે હું સમજી શકતો નથી.

મ: મારા બગીચામાં છાનેમાને પ્રવેશીને ગુલાબનું ફુલ તોડવાનો અપરાધ તેં કર્યો છે.

સજ્જન ગુંચાઈ ગયો. પોતે કોઇ દિવસ ગુલાબનું ફુલ તોડયું હોય એમ એને યાદ ન હતું. તેથી તે બોલ્યો: કૃપાળુ, મેં કોઇ દિન તેવું ફુલ તોડયું હોય એમ મને યાદ નથી.

મહા: શેનું યાદ હોય ? વારૂ, ત્યારે તું છાને માને બગીચામાં પ્રવેશવાનો આરોપ આડકત્રી કબુલ કરી ચૂકયો છું કેમકે તેં એમ નથી કહ્યું કે હું કોઈ દિવસ આપના બગીચામાં છાનેમાને પ્રવેશ્યો નથી.

સ: હા જી બગીચામાં હું ઘણી વખત ગયેલો છું.

મ: વારૂ, હવે બીજા આરોપની વાત. તેં તોડેલું એક ગુલાબ અત્યારે મારી પાસે મોજુદ છે. એ આરોપ તું કબુલ કરે છે કે નહીં ? નહીં તો એ ગુલાબ હું તને બતાવું.

સજ્જન: મેં તોડયું તો નથી છતાં આપશ્રી કહો છો એજ હું પુરાવા રૂપ લેખુંછું. આપની શિક્ષા માથે ચઢાવું છું.

મહા: પણ મારે પુરાવો આપ્યા વિના તને દોષિત પુરાવાર કરવાની જરૂર નથી. જો આ તેં તોડેલું ગુલાબ !

મહારાજાએ તાળી પાડતાં સામેના બારણામાં એક સુન્દરીનો આકાર દેખાયો. મહારાજાએ તેને ઇશારત કરતાં તે અન્દર આવી. સજ્જન અજબ થયો. "શું આ મેં તોડેલું ગુલાબ !" એમ તે મનમાં બોલ્યો:

મહારાજાએ કહ્યું: સજ્જન, તને થયેલી શિક્ષામાટે હું ઘણો

દિલગીર છું. પણ તું એક શૂરવીર યુવક હોવાથી મારા રાજ્યમાંથી દૂર કરતાં પહેલાં હું તને છેવટનું એક અંગત માન આપવા ઇચ્છું છું અને તે આ છેઃ—

મહારાજા એટલું કહી પોતાના આસન પરથી નીચે ઉતર્યા અને કીર્તિસુન્દરીનો હાથ લઇને સજ્જનના હાથ સાથે મેળવ્યો. તે પછી એક તાળી પાડતાં રાજ્યપુરોહિત તથા અન્ય દરબારીઓ એક પછી એક ત્યાં આવ્યા, અને પુરોહિતે આ રાજવંશી યુગલનાં વિધિ પુરઃસર લગ્ન કર્યાં !

આ બધો સમય સજ્જન ચકિતજ થઇ ગયો હતો. લગ્ન પછી મહારાજાએ કહ્યુંઃ સજ્જનસિંહ, રમણસિંહ અને દરબારીઓ, લાંબા વખતથી મારા ઇચ્છા એવી હતી કે મારી પુત્રી કીર્તિકુમારી મારે સજ્જનસિંહને નહિં પરંતુ રમણસિંહને આપવી કેમકે તેથી મારા સદ્‌ગત પિતાના રાજ્યનિષ્ટ, શચીવની સેવાની, મેં મારૂં હૃદય રાજી થાય તેમ કદર કરી ગણાય. પરંતુ છેલ્લી લડાઇએ મારા એ વિચારો ફેરવી નાંખ્યાં છે. ગઈ લડાઇમાં રમણસિંહને એક ભીલે અણચીંતવ્યો એક ફટકો લગાવ્યાથી તે ઘાયલ થયો હતો. એ વખતે સજ્જનસિંહે પોતાની વીરતાથી એ ભીલને એકજ ફટકે મારી નાંખ્યો હતો અને તે પછી રમણસિંહની આખી માંદગી દરમ્યાન તેણે તેની દરેક સેવા કરી હતી. ( અત્રે મહારાજાએ હસીને કહ્યું ):—અલબત્ એમાં એણે કાંઈ વડું કર્યું નથી એમ આપણે કહીએ તો ચાલેઃ કારણ એ તેની એક ફરજ હતી. તેમ છતાં પણ તેની એ સેવાથી રમણસિંહનું હૃદય દ્રવ્યું છે. પોતાના પ્રાણ બચાવનારને તે પોતાનું સર્વસ્વ આપીદે તોપણ ઓછું છે એમ તે કહે છે. આજ મારી પાસે આવીને તેણે મને ખાસ આગ્રહ કર્યો કે મારે કીર્તિસુન્દરી, સજ્જનસિંહનેજ દેવી કેમકે તેથી એક પંથને બે કાર્ય થશે. અને મારે કહેવું જોઇએ કે

રમણુસિંહે, આ ખૂબસુરત ચોરને મારી વાડીમાં પ્રવેશ કરતો ઘ-ણીવાર જોયો હતો અને આ અત્રે ઉભેલી મારી ગુલાબની કળી આગળ તે વારંવાર જતો હતો. આમ હોવાથી એ બેનું પ્રિય કર-વાનો માત્ર આ એકજ રસ્તો હતો. અને તે મેં ગૃહણુ કર્યો છે. એ ઉપરાંત રમણુસિંહના આ ઉદાર અને દારૂણુ વિસર્જન માટે હું તેને અભિનંદન આપું છું તથા આજથી મદદનિશ સેનાપતિની જગ્યાએ તને નીમું છું. અને આ દોષ પાત્ર યુગલ ને મારા રાજ્ય-માંથી રજા આપું છું તથા સજ્જનસિંહના રાજમાં મોકલું છું !

વાચક વૃંદ ! આ વાર્તા અત્રે પરિપૂર્ણ થાય છે. મહારાજાના દેખતાં તે વખતે એ બે સ્નેહીઓ ભેટયા અને સજ્જન સિંહને મહારાજાએ ખુબીબંધ યુક્તિથી તેનું પોતાનું રાજ્ય આપ્યું તથા તે સાથે તેની વ્હાલી કીર્તિ આપી માટે તે તેમને વારંવાર પ્રણામ કરવા લાગ્યો. ભરદરબારમાં મહારાજાની આજ્ઞાથી અને કીર્તિની મલપતી સંમતિથી રમણુસિંહે પોતાની બ્હેનના હાથને વ્હાલભરી ચૂમીઓથી નહવરાવી નાંખ્યા અને સર્વત્ર આનંદ વ્યાપી રહ્યો. !

---

# મારા મિત્રની નોંધપોથીમાં નજર.

જાનેવારી માસના પહેલા અજવાડિયામાં એક દિન સાંજે હું દરિયા કિનારે ફરવા ગયો હતો. આશરે ૧૫ મિનિટ થઇ હશે ત્યાં મારો મિત્ર સુમનલાલ મળ્યો: "સાહેબજી, નટવર, એક વાત કહેવાની છે. આ મારી 'ડાયરી' લે અને તેમાંથી તા. ૨૫ મી ડીસેમ્બરવાળો બનાવ વાંચજે. મારે ઘણી વાતો તારી સાથે કરવાની છે પરંતુ મને વખત નથી. વળી કાલે કે પરમ દિવસે મળીશું એટલામાં હાલતો સાહેબજી—" તે મારૂં સાંભળવા ઉભોજ ન રહ્યો. મેં હવે એકાન્ત શોધવા માંડી. એક વાત હાથ આવી તે તેને તે ઘડીએ જાણવાની ક્યા દૃઢ સંયમીની જીજ્ઞાસા નથી હોતી? દરીઆ તરફના મોઢાના એક બાંકડ ઉપર હું બેઠો અને તેની ડાયરી–નોંધપોથીમાંથી તા. ૨૫ મી વાળો બનાવ વાંચવા લાગ્યો:—

## બળાત્કારે બનાવાયલો બાપ
## અથવા
## પારકાં છોકરાં રમાડનારની ફજેતી.

સાંજે ચાર વાગે મારા અભ્યાસ ભુવનમાં હું ટપાલના કાગળો લખતો હતો ત્યાં સાંજની ટપાલ આવી. તેમાં મારા મિત્ર નવનીધરાયનો એક પત્ર હતો પોતે આવનાર હોવાથી મને ગાડી ઉપર આવવા એણે તેમાં

લખ્યું હતું. એ કાગળ કોરણે મૂકીને, હુ લખવા માંડેલો અધુરો કાગળ પૂરો કરવા માંડુંછું ત્યાં મારી પત્ની આવી: " ટપાલમાં કોનો કાગળ આવ્યો ? " મેં રમુજમાં કહ્યું: " એતો મારો એક ખાનગી કાગળ છે. " ખરે ! તે ચીઢાઇ અને " બહુ સારૂ ત્યારે " એમ કહી પગ પછાડતી પછાડતી ગઇ. મેં જઈને તેને પાછી બોલાવી અને કાગળ આપવા માંડયો. ત્યાંતો માન ચઢયું. " પણ નથી જોઇ તો અમારે—તમારા ખાનગી કાગળો અમે શુ કામ વાંચીએ ? અમારા ખાનગી કાગળો વાંચવા આવશો ત્યારે ફોડયા વગર વાંચવા આપીશું હોં કે ? " " લે, લે, હવે. હું તો મશ્કરી કરતો હતો. " તેણે લીધો અને વાંચ્યો. મારે કહેવું જોઇએ કે તેને કાગળ વાંચવોજ હતો. એટલે વાંચીને પછી તે ચાલી ગઇ અને કાંઇ બોલી નહી. હું થોડી વારમાં બીજા કાગળો લખી રહ્યો અને ટીકીટો વગેરે ચોઢયા પછી બહાર જવા તૈયાર થયો. મેં એને બોલાવી અને કહ્યું " હું જરા સ્ટેશન ઉપર જઈ આવું છું અને જો નવનિધભાઇ માનશે તો તેનું ખાવાનું આજ અહીં રાખવાનો મારો વિચાર છે. કેમ તું શું ધારૂં છું. ? "

" મારે કાંઈ હરકત નથી. પણ તમે મહેરબાની કરી તમારા સ્વભાવ પ્રમાણે વાતોને પટ્ટે ચઢશો નહીં અને ઝટ ઘેર આવજો. "

" સારૂં સારૂં હવે. " એતો ગમે તે કહે. આપણે કરતા હોઇએ તે કરવું એવો મારો નિયમ હતો. હું બહાર પડ્યો. જતાં જતાં " વિકટોરીઆ બાગ " સ્ટેશન પાસેજ આવતો હતો એટલે મેં વિચાર કર્યો કે " હજુ ટ્રેનને આવવાને વાર છે. તો સ્ટેશન ઉપર બેસી રહેવાને બદલે બાગમાં જરાક લહાર મારીને, પછી જ જાઉં. " વિચાર આચારમાં મૂકાયો.

બાગ વિશાળ હતો. અનેક પુરૂષો, સ્ત્રીઓ અને છોકરાં ફરવા આવેલાં હતાં. સર્વ નિહાળતો નિહાળતો હું જતો હતો એવામાં એક ઠેકાણે ૩ છોકરાં ૧ પારસણ અને એક આયા બેઠેલાં હતાં. આમાંથી

એક છોકરો અને એક છોકરી આશરે પાંચ પાંચ વર્ષનાં હશે અને ત્રીજું બાળક બે એક વર્ષનું હશે. પેલાં બે મોટાં બાળક ચબરાક અને તોફાની જણાતાં હતાં. તેઓની પાસે ગોળ પૈડાંહતાં અને તે ફેરવીને આનંદ કરતાં હતાં. મેં ઘડીઆળમાં જોયું તો ૭ વાગ્યા હતા. ગાડી પોણાસાતે આવતી હતીઃ સ્ટેશન, બાગથી ૧૦ મિનિટમાં પહોંચી શકાય એટલુંજ દૂર હતું; આથી હું પેલાં બાળકોની સામેનાજ એક બાંક ઉપર બેઠો. દરમિયાન એક મેવાવાળો ત્યાં આવી ચઢ્યો. તેને જોઇને છેક નાના બચ્ચાએ જક્કુ કરવા માંડી. તેની માએ ધ્યાન ના આપ્યું અને મેવાવાળાને જતા રહેવા નિશાની કરી. મેવાવાળો જતો રહ્યો. પણ બાળકની હઠને પહોંચી વળવાને ઘણાઓ સમર્થ થતા નથી તો પછી આ પારસણુ તે કોણ માત્ર ? બાળકે તો રડવા જ માંડયું અને પેલાં બે રમતિયાળ પણ તેની કુમકે આવી પહોંચ્યાં અને તેનો પક્ષ લઇ મેવો લેવો માને કહેવા લાગ્યાં. મેવાવાળો જતો રહ્યો હતો એટલે માએ આયાને છોકરાંની સંભાળ લેવાનું કહીને પોતાનીજ મેળે મેવો લેવા પ્રયાણ કર્યું. પાંચેક મિનિટ થઈ પણ તે ના આવી એટલે નાના બાળકની ધીરજ ન રહી. આયા ને તે પોતાના નાજુક હાથથી મારવા લાગ્યું અને "મમ્મા, મમ્મા "એવા ભાગ્યાતુટયા શબ્દો બોલી ઈશારત કરી તેની માતા જે દિશામાં ગઈ હતી તે તરફ જવા હઠ કરવા લાગ્યું. આયાને છેવટે ઉઠવું પડયું. તે પેલાં બે બાળકોને ત્યાંજ રમવાની સૂચના કરી ને નાના બાળકને સાથે લઇને ગઈ; અને મારી કમબખ્તીની શરૂઆત થઇ. થોડીવારે પેલાં બે રમતાં બાળકોમાંથી પેલી છોકરીનું પૈડું પડી ગયું અને તે પોતે પણ તેની ઉપર પડી. તેને જરાક વાગ્યું પણ હશે અને કપડાં ધુળવાળાં થયાં હતાં એટલે તેણે રડવા માંડયું. આ સોહામણી નિર્દોષ, હસમુખી બાલિકાને આમ રડતી જોઈ, મને સ્વાભાવિક રીતે તેને છાની રાખવાનું મન

થયું. હું તેની પાસે ત્વરાથી ગયો અને એક પૈસો તેના હાથમાં મૂકી, તેનાં કપડાં પરની ધુળ ઝાટકવા લાગ્યો. ત્યાં પેલો બાળક પણ પાસે આવ્યો એટલે તેને પણ એક મેં આપ્યો. આ બાળકો જોડે જરા વાતચિત કરવાનું, કહો કે, મને મારા કમનસિબે, મન થયું ! અને એ છોકરીને ખોળામાં બેસાડી, તેને કાંઇક પ્રશ્નો પૂછી તેના કાલા કાલા બોલો સાંભળવા લાગ્યો. એટલામાં ગાડી ઉપર જવાનું એકદમ મને સાંભર્યું. ઘડીઆળ જોતાં તેમાં ૬।। થયેલા જણાયા. આથી તે છોકરીને નીચે બેસાડી, મેં જવા માંડ્યું. એ બન્ને છોકરાંએ મને જતી વખતે " સાહેબજી " કહી પોતાના કોમળ કરોથી સલામ કરી અને મેં સ્મિત હાસ્યથી તે ઝીલી.

મેં એ બાળકોનાજ કાંઇક ખુશ વિચારોમાં ચાલવા માંડ્યું. જરા આગળ ચાલ્યો તો પાછળથી કોઈએ મારો હાથ પકડ્યો. પાછું ફરીને જોયું તો પોલીસ !

" કેમ ભાઇ ? હાથ શું કરવા ઝાલ્યો ? " મે કહ્યું.

" મ્હેરબાન, પેલાં **તમારાં** છોકરાંને એકલાં મૂકીને ક્યાં જાઓ છો ? આ સાંજનો વખત છે. ખુલ્લો બાગ છે અને ક્યાંક ખો-વાયાં તો પાછા અમારી પાસે બૂમો પાડતા આવશો. માટે જ્યાં જતા હો ત્યાં તેમને સાથે લઈ જાઓ કે કાંઇ મુશ્કેલી ઉભી થવાનો વારોજ ન આવે "

ફારસ નંબર ૧ ! ! હું તો આબોજ બન્યો !

" અરે ભાઈ—એ છોકરાં મારાં ન્હોય. એતો બીજા કોઇ-કનાં છે. "

" એમ કે ? પેલી છોકરીને તમારા ખોળામાં બેસારી હતી. અને છોકરો તમારા પગ પાસે ઉભો હતો તથા તમે મ્હેરબાન, હસી

હસીને તેઓ સાથે વાતચિત કરતા હતા અને તમારાં છોકરાં નહોય એવું બોલો છો એ તમારા જેવાને ન શોભે ! તમે સારા માણુસ થઈને નક્કામા ખાલી પીલી પંચાત શું કરવા કરો છો ? લઇ જાઓને બાપું ! એટલે હું ને તમે બન્ને છુટીએ ? "

" એટલે ?—પણ મ્હારાં ન્હોય ને હું શેનો લઇ જાઉં ? મારે ગાડીનો વખત થઈ જાય છે. નક્કામો ગરબડ ન કર. હમણાં એની મા મેવો લેવા ગઇ છે તે આવશે. " આમાં અધુરામાં પુરૂં જાણે તેનાં સાક્ષી રૂપ હોય તેમ એ બાળકો અમને બેને વાત કરતા જોઈ મારી પાસે આવ્યાં અને મારી સામું જોઈ બે જણાં માંહો માંહે હસવાં લાગ્યાં. સિપાઇને આ જોઈને વધુ શૂર ચઢયું. તેણે તો મારૂં કાંડું મજબુત પકડયું. અને કહેવા લાગ્યોઃ—" સાહેબ, ધીમે રહીને કહું છું તે માનો. નહીં તો નક્કામી ધાંધલ થશે. "

" થઈ થઈ હવે ? છાનો માનો રસ્તે પડ રસ્તે."

" એમ કે ? ત્યારે તમારાં ન્હોય તો એનાં માબાપ કોણ છે અને કયાં છે ? એમની મેળે બાગમાં આવ્યાં હશે, કેમ ? અને જુઓ તેઓ તમારી પાસે કેવાં દોડી આવ્યાં ?

" અરે ભાઇ, એમની મા અને આયા હમણાં આવશે. અને હું ગાડી ઉપર જઇને હમણાં આવું છું એટલામાં તો તેઓ આવશે અને તારો શક એની મેળે ભાગી જશે "

" તમે જશો એથી મારો શક લગારપણ ભાગવાનો નથી, સાહેબ ! સીધોને સટ રસ્તો એ છે કે એમનાં માબાપ બીજાં કોઈ હોય તો તેઓ આવે ત્યાં લગણ ઉભા રહો. પછી બેલાશક જજો. નહીંતો એ છોકરાં ને તમારી સાથે લઈ જાઓ એ બીજો રસ્તો છે.

" અરે યાર, તુંયે જક્કો છે તો. ક્યારનો લઈ જાઓ લઇ જાઓ કરી રહ્યો છે પણું કાંઈ સમજે છે કે નહીં ? એકવાર તો કહ્યું કે મારાં નથી તો લઇ જઇને ક્યાં રાખું ? આ બચ્ચાં પારસણનાં છે ને હું હિંદુ છું તે એમનો બાપ કદી હોઉં ખરો ? ભલા માણુસ, નાહક શું કામ જક્ક કરે છે ?

" સાહેબ, મારે કશું સાંભળવું નથી. મહેરબાની કરીને હું કહું છું તેમ કરો. નહીં તો મારે કાયદેસર પગલાં લેવાં પડશે.

આ ન્યાયમૂર્તિ (!) એ ચુકાદો આપ્યો ! મે વિચાર્યું " મુઓ એ, લાવને પીડા પતવું. " મેં એ છોકરાંને મારી આંગળી ઝાલી ચાલવા કહ્યું કોણ જાણે શાથી પણ એ છોકરાંને હું મુદ્દલે અજાણ્યો ના લાગ્યો અને તેઓ ખુશીથી પોતાની માને સંભાર્યા વગર, મારી સાથે ચાલવા લાગ્યાં. હું યે અજબ થયો ! એક એકાન્ત જગ્યા કે જ્યાં ઝાઝો અવરજવર નહોતો ત્યાં આવી પહોંચતાં મેં આજુ બાજુ જોયું તો સિપાઇ "દાદો " નહોતો. "લુચ્ચો ! નક્કામો પજવતો હતો ! હશે, ચાલો પીડા પતી. " પેલાં છોકરાંને મેં બેંચ પર બેસાડયાં અને તેઓને પોતાનાં પૈડાંવતી રમવાનું કહીને મેં ચાલવા માંડયું. હું બબડયો: 'આવા પોલીસો જો બધે હોતા હશે તો તો બહુ ગરબડ થતી હશે. છોકરાં એકલાં પડયાં તેમાં શું થઇ ગયું ? પણ ના, એતો ફરજ બજાવનારાના બેટા ખરાને ? એમને તો દુનિયામાં બધું ઠીકઠાક જોઇએ. ગાંડીઓ—"

મારી પાછળથી કોઈ કે મારો હાથ પકડીને મારા વિચારોમાં ભંગ પાડયો. પાછો ફરું છું તો તેજ મહામૂર્તિ પોલીસ!

" સાહેબ, હવેજ પકડાયા છો. અત્યાર સૂધી તો હું તમને સારા માણુસ ગણીને તમારી વાત ખરી માનતો હતો પણ હવેજ તમે ઠગારા છો એમ જણાયું. " એણે તર્ક કરીને કહ્યું:—જુઓ, એ છોકરાં તમારાં નહોતાં તો મેં તમને કહ્યું તે વખતે તમારે

ત્યાંજ થોભી જવું હતું અને તેમની મા આવત ત્યાર પછી બેલા-શક હું તમને જવા દેત. સાહેબ, તમે તેમ ન કરતાં એઓને લઇ લીધાં અને હવે પાછાં એકાન્તમાં તેમને છોડી દ્યોછો. આથી મને પક્કી ખાતરી થઇ છે કે આપનામાં કાંઈ પણ કાળુધોળું લાગે છે અને આવાં ગુલાબનાં છોડ જેવાં કુમળાં બચ્ચાંને તમે કાંઇક પણ કારણથી છોડી દેવા માંગો છો. માટે હવે આપની એક પણ ખુલા-સાની વાત હું સાંભળવાનો નથી. આપ ચાલો આ પાસેને સ્ટેશને. ત્યાં અમારા ઇંસ્પેક્ટર સાહેબ પાસે ફાવે તે ખુલાસો કરજો. આપ નહીં માનો તો એંહ ! જુઓ આ સિસોટી. ( તેણે નીચા પડી, લગાર હ્હેકો કરી, મારી આંખ આગળ ધરી. ) જરાક વગાડીશ કે ચાર જણા આવી પહોંચશે અને તમને નાહક તકલીફમાં ઉતરવું પડશે. માટે આ છોકરાંને આંગળીએ વળગાડીને છાનામાના ચાલો મારી સાથે-" ફારસ નંબર ૨ ! ! હું જબરો ગુંચાયો. મને થયું કે મારે આ માણસનો શક દૂર કરવા ત્યાંજ ઉભા રહેવું જોઇતું હતું અને ન ઉભો એટલે આ લાંબી પરડ થઇ, તોયે મેં ખુલાસો કરવા કહ્યું:-ભાઇ, એમ નથી--

" બોલી દો, સાહેબ ! હવે શું ઠગાઇ રજુ કરો છો ?

મેં કહ્યું: મારે જાણે કે ગાડી ઉપર જવું હતું. તું નહોતો માનતો. મારે વખત થઇ જતો હતો એટલે આ છોકરાંને આઘે જઇને મૂકી દઇશ એમ ધારી લઇ લીધાં હતાં. " મેં સમજાવવા માંડ્યો: " ભાઈ, મારે વખ્‌ત થઇ જાય છે. પતવી દેને આ પીડા ઝટ. મને ક્યાંથી ફાંદામાં નાંખ્યો ! "

" સાહેબ, ફાંદામાંથી ઝટ છૂટવાનીજ વાત હવે હું કરૂં છું. હું ક્યાં કશો ખુલાસો તમારી પાસે માગું છું ? મારા ઉપરી આગ-ળ બારીસ્ટરો, વકીલો ને મોટા સોલીસીટરો રજુ કરજો ને ? મારી

ક્યાં ના છે ? ચાલો સાહેબ, ચાલો.” તેણે વક્રોક્તિમાં કહ્યું: “પછી આપને ગાડીની વાર થઇ જાય છે, ચાલો ! ”

“ તોબા, તોબા, ” હું પણ શું કરૂં ? મેં શુદ્ધ બુદ્ધિથી આ કામ કર્યું હતું પણ તેનું પરિણામ આમ આવશે એમ જાણતો હોત તો એ લલચામણાં છોકરાં ને રમાડતજ નહીં ! મારી એ છોકરાં તરફ દૃષ્ટિગઇ. તેઓ તો આબધો મામલો જોયાંજ કરતાં હતા. સમજતાં હશે કે નહીં તે હું કેમ કહી શકું ? છતાં મેં તેમને કહ્યું: “ બચ્ચાંઓ, જાઓ તમારી મા ત્યાં ખોટી થતી હશે–”

પોલીસ વચ્ચે બોલી ઉઠયો: “ સાહેબ, એનો પણ હું એક રસ્તો બતાવું છું. ” તેણે પાશોટી વગાડી એટલે જરા દૂરથી એક પોલીસમેન આવ્યો. તેને તે આઘો લઇ ગયો. થોડી ગુસપુસ કર્યા પછી તે મારી પાસે આવ્યો. “ચાલો સાહેબ, આ માણસને મેં આપણે જ્યાં પહેલાં હતા ત્યાં મોકલ્યો છે. જો છોકરાં તમારાં નહીં હોય અને કોઇ તેમની મા ત્યાં શોધા શોધ કરતી હશે તો એ માણસ તેને લઈને અમારી હારીસે આવશે. ચાલો સાહેબ, પછી વાર થાય છે.” તેનું આ પણ કહેવું ખરૂં હતું. એમનાં માબાપ તો છેજ ને ? એ પારસણ ત્યાં શોધશે એટલે તુર્તજ ફેંસલો થઇ જશે. જવાદે પોલીસ ઓફીસમાં. મને પણ લગાર શૂર ચઢયું. સાહેબ આગળ આ માણસની હુજ્જત માટે જરા બેચાર શબ્દો કહીશ એમ મેં ધારી મૂકયું. અમે ચાલવા માંડયા. મેં ઘડીઆળમાં જોયું તો ૭ા થયેલા ! “ અરે રામ, રામ ! ગાડી ગઈ. નવનીધ આવી ગયેલો. પણ હું શું કરૂં ? હું આમાં કેવળ નિર્દોષ છું. આ મૂર્ખો ગેરસમજથી મને લઇ જાય છે ! પણ આ પોલીસ નોયે શો વાંક ? મુર્ખાઇતો મારીજ એ થઇ કે મેં એમને પહેલાં રમાડયાં અને બીજીવાર લઇ લીધાં ! હશે. ચાલો થઇ તે થઇ. ” બાગમાંથી અમે બહાર નીકળ્યા. સામે પોલીસ સ્ટેશન હતું પણ વચમાં જે મોટો રસ્તો હતો

તે સ્ટેશને જવાનો હતો અને જેવા અમે બહાર નીકળ્યા કે હું અચાનક ચમકયો ! એ અને એનો ભાઇ સ્ટેશન તરફ જતાં હતાં ? શું એ ખરૂં છે ? અરે, બીજાં કોઈ હશે. ના, ના, મારીને તે લોકો- ની દષ્ટિ એકમેક થઇ. અને તેઓ પણ ચોંકીને મારી તરફ આવ્યાં. ફારસ નંબર ૩ ! !

તેનો ભાઇ બોલ્યોઃ "મી. નટવરલાલ ! કયાં જાઓ છો? આ છોકરાં અને આ પોલીસમેન કયાંથી ? શું કાંઇ પંચાત થઇ છે ?" પોલીસમેન સાંભળીજ રહ્યો. છોકરાં ને મન કોણ જાણે આગ- મ્મત થઈ હોય કે કોણ જાણે તેઓ પેલા મેં પૈસા આપેલા તેથી મને પોતાનો જ સમજી ગયાં હોય કે ગમે તે હોય પણ તેઓના મ્હોંપર જરાપણ ગભરાટ જણાતો હતો અને બિચારાં નિર્દોષતાથી જે અમે કરતા તે જોઇ રહેતાં હતાં. મેં બધીવાત કહી અને મારી પત્ની ઉકળીઃ—ત્યારે શું કરવા આ છોકરાંને રમાડયાં ! તમારી જ ભૂલતો ? તમારે એવું શું છોકરાં છાનાં રાખ્યાવગર વહી જતું હતું. બહુ ડાહ્યલા છોતો ? તમે કાંઇને કાંઇ ફાંદામાં જ્યારે ત્યારે પડો છો. તમારી મેળે સીધે રસ્તે જવું હતું ? બાગમાં ગયા વગર પણ શું નહોતું ચાલતું ? કોણ જાણે કયાંથી આવી પીડામાં પડો છો વારે વારે ?—

પુષ્પાંજલી ચાલ્યાજ કરત પણ તેના ભાઇએ પોલીસને આ- ઘોલઇ જઇને ખુશીનું કાંઇક આપવા માંડયું એટલે તે ચીઢાયો. "નાજી, આ ગૃહસ્થ જો નિર્દોષ હોય તો પછી સાહેબ આગળ ખુશીથી ખુલા- સો કરે. અને આ છોકરાંને હવે મારે કયાં લઇ જવાં ? મારાથી એઓને મારી પાસે શી રીતે રખાય ? તમે કહો છો તે બધું સાચું માનીએ પણ કદાચ તેઓની મા હોય પણ નહીં એ કેમ ન બને ? માટે મારા કામમાં આપ આડે ના આવો. મને ઈશ્વર બધું આપે.

છે. મેં ત્યાં માણસ રાખ્યું છે. તેઓની મા હશે તો હમણાં ૧૦ મિનિટમાં સહુ આવશે ને બધાંએ છૂટાં છે !"

મારી પત્નીએ અહીં કહ્યું: ચાલ ભાઈ, આપણે સ્ટેશને જઈ આવીએ. બધું એ એમની મેળે ભોગવશે. બહેનને મળીને પછી આપણે ઘેર પાછાં ફરતી વેળા તું પોલીસ ચોકીએ તપાસ કરી આવજે કે એમનું શું થયું. થઇ પડશે એતો."

મે કહ્યું:—હા મી. હરિપ્રસાદ ! તમે જોયું ને ? આ મામલો નાનો છે પણ નકામો ગેરસમજુતીથી વધી પડયો છે. હમણાં આ છોકરાંની માને લઈને પેલો માણસ આવશે એટલે હું છુટો થઇશ. શું તમારી નાની બહેન આવનાર છે ?

તે બોલ્યો હા, મારે ત્યાં આજ સવારે કાગળ આવ્યો હતો કે તે પુને જવાની છે અને અહીં ઉતરી શકે તેમ નથી એટલે હું સાડા છએ તમારે ત્યાં આવ્યો ને મોટી બહેનને ખબર કરી. હવે અમે ગાડી ઉપર જઇએ છીએ ત્યાં આ તમારૂં ફારસ જોયું. ઠીક છે. હું ધારૂં છું ત્યારે અમે જઇએ. તેણે મને કાનમાં કહ્યું: સાહેબ, પાસે આ પોલીસની વર્ત્તણુકનો ખુલાસો માગજો ને જણાવજો કે આમ ગૃહસ્થોને પજવે એ પહેલાં તેણે વધુ ચોકસાઈ કરીને પગલાં ભરવાં જોઇએ. હું હમણાંજ ત્યાં આવું છું તો "—

તેઓ ચાલ્યાં: અને અમે પણ ચાલ્યા. પોલીસ હસતો હસતો બોલ્યો: સાહેબ, એ ભાઇ મને ચેરીમેરી આલવા આવ્યા પણ વિચાર ન કર્યો કે વાત આટલી બધી વધી ગઇ છે તે શી રીતે દબાવી શકાય ?"—

"સારૂ હવે હું તને બોલાવતો નથી. તારૂં કામ કર્યો જા" એ ગુસ્સામાં કહ્યું.

પોલીસસ્ટેશને અમે પહોંચ્યા: અને તેણે બધું સાહેબને

લખાવવા માંડયું. દરમિયાન મને તથા છોકરાંઓને ખુરશી ઉપર એસાડવામાં આવ્યાં. છોકરાં પણ ઉસ્તાદ હતાં એક ઉપરથી બીજી ઉપર અને બીજીથી ત્રીજી ઉપર બેસવાની રમત તેમણે ચાલુ કરી. કાળા પોષાકવાળાઓનો તેમને જરા પણ ડર લાગ્યો નહીં. ત્યાં પેલી પારસણ આયા, નાનું બચ્ચું અને પોલીસમેન આવી લાગ્યાં. છોકરાંઓ માને જોતાંજ તેને વળગી પડયાં અને બાઈએ શરૂ કર્યું: "સાહેબ, મુને તો આય પોલીસે બધી વાત કીધી. તમુને આય બચ્ચાંઓ રમાડવાનો હક જ સું હતો? સું તમારાં બપવાંનાં પોરીઆં ઉતાં! મારાં બચ્ચાંએ કાકલુદીથી કેટલું રરવા માંડીઉં હોસે! (ઇંસ્પેકટર તરફ ફરીને) સાહેબ, હું તમોને અરજ કરૂંચ કે આય માતીડાને સખત સજા કરજો. તેવણે મારાં બચ્ચાંને ફોસલાવીઆં. ખોલામાં બેસારી તેવણે તેમને રમારીઆં. (મારી તરફ જોઇને) ભેજું ઉતું કે નહીં? બીજાંનાં બચ્ચાંને તમો સી રીતે એક બી આંગલી અરકારી સકો? (ઇંસ્પેકટરને) સાહેબ, હું કાયદાનો આસરો માંગુંચ.—

મેં કહ્યું:—"બાઇ, આ તમારી રીત નહીં, સમજ્યાં? તમારી છોકરી પૈડું ફેરવતી હતી અને પડી જવાથી રડવા લાગી તેવારે શું એક ગૃહસ્થ, તેવાં બચ્ચાંઓની વ્હારે ચડે અને બીચારાંને છાનાં રાખે એ માટે આવી રીતે તેને વઢો એ વાજબી છે? આતો તેને કાંઇ વાગ્યું નથી. અને કદાચ વાગ્યું હોત અને તમો ત્યાં હાજર હોત ને મારી મદદ માગી હોત તો શું મેં તમને મદદ આપી હોત તો તમે આમ ગાળો દેત કે?"

હવે ઇંસ્પેકટર બોલ્યો: તે પણ એક પારસી હતો: મીસ્તર આયતો તદ્દન ગેરસમજુતી થઈ ગીએલીચ. તમારો હું ફક્ત એટલોજ વાંક કાઢુંચ કે તમોએ બંધેઉં બચ્ચાંને બીજીવાર કાંય પદતાં મેલીઆં? જો તેવનની માંય આંઇ આવી નંઇ હોતે તો તમોને કાયદે-

સર અમો " પ્રોસીક્યુત " કરી સકતે. અને માંય, તમોએ ગુસ્સે નંઇ થવું જોઈએ. એવનની ભલમનસાઇ માટે તમોએ તેવણુનો ઉપકાર માંનવો જોઇએ. એક ઇન્સાન બીજાનું ભલું કરે એ તેની ફરજ છે એવું સમજીનેજ તેવણે તમારી બુચીને રરતી છાંની રાખી. કબી ખોલામાં બેસારીને રમારી તોબી સું થઇ ગયું ? માફ કરજો માંય. પન ભુલ કાં એવાં ચબરાક છે કે આંઇ પોલીસ કોર્તમાંબી તેવને ખુરસીઓ સાથ રમત કરવા માંદેલી. એક પરથી બીજી પર ને બીજીથી તીજી પર બેસી તેઓ જે ગમત કરતાં ઉતાં તેથી એક મમતાલુ ઇન્સાનનેબી આનંદ થાય. માંય, હું તમોને તમારાં બચ્ચાં પાછાં સુપુરદ કરૂંચ અને આય ગૃહસ્થનેબી બીનતકસીરવાર જાહેર કરી ખુશાથી જાવાને ફર્માવુંચ. તોબી તેવનને આંઇ એક ધરો મલેચ. અને તે એ કે કબી એક પોલીસમેનના સકમાં વધારો કરવા જેવું કાંમ કરવું નહીં. તે જે મારગ બતલાવે તે પરમાને વરતવું. સાહેબ, તમારી ગારી ગઇ તે માતે હું ગનોજ દલગીર છવું. અને માંય તમોને આંઈ આવવા તસદી પરી તે માતે બી દલગીર છવું,

ભાષણ ખલાસ થયું. બાઇ સંતોષ ન પામી. જતાં જતાં પણ બરબડવા લાગી કે: આજના જમાનાના લોકબી કેવા થઇ ગીઆચકે પારકાં બુચાંબુચીઓને રમારવા મંડી પરેચ ! બચારાં કેવાં દધાઈ ગીઆંચ. કાંય નહીં દધાએ ? અનજાનોઓ માનસ અને કાલા દગલાવાલો બીઆમનો પોલીસ–તે લોકથી કોન નહીં ડરે ? મારાં બચ્ચાંઓને આમ રમાદવાનો એવનને કાંઇબી હક્ક નહીં ઉતો–ઇત્યાદિ.

હું ઘરના રસ્તા તરફ ચાલ્યો: ત્યાં પાછળથી મારો સાળો અને એ આવી પહોંચ્યાં: " કેમ પતી ગયું ? " " હા, હા, એમાં તે વળી શું હતું મોટું ? "

" પણ નવનીધભાઈ આવ્યા કે નહીં તેની કાંઇ ખબર છે ? "

" ના, એ બહું ખોટું થયું કે એ બિચારાને મારાથી સાંમા લેવા ન જવાયું. " રસ્તામાં તો મારી સ્ત્રી કાંઈ ન બોલી. ઘેર આવ્યો ને તેણે પોત પ્રકાશ્યુંઃ—એ છોકરાંને કેમ આપણે ઘેર ન લાવ્યા ? એ તો તમારાં છોકરાં થાય ને ? જરા લાજ્યા કે પારસ-ચુનાં છોકરાંને હું હિંદુ થઇને રમાડું છું તે કેવો લાગું છું ? એ તો ઠીક છે કે હું કાંઇ મનમાં લાવતી નથી પણ ધારૂં તો તમને આ નાના પ્રસંગપરથી એવી ફજેત કરૂં કે તમેયે જાણો કે હું માથાની મળી હતી. બીજાનાં છોકરાં રમાડવાં બહુ ગમતાં હોય તો એક કામ કરોને ? કાલે નીશાળે જઈ. જેવાં નીશાળનાં બધાં છો-કરાં છુટેને એટલે તેમને આપણે ઘેર લઈ આવજો અને પછી બધાં સાથે કાલા કાલા થઇને રમજો. નહીંતો છાપામાં જાહેર ખબર આપજો કે મને છોકરાં રમાડવાં બહુ ગમે છે માટે આખાં ગામનાં છોકરાંઓએ રોજ મારે ત્યાં આવવું અને મારી સાથે રમવું. તમારો ધંધો મૂકી દ્યો અને " છોકરાં છોકરાં " કરી કુદો ને નાચો, સમજ્યા ?—ભા-ષણ હજુ પણ ચાલ્યા કરત પણ કોટને ટોપી પહેરી' હું નવનીધને ત્યાં ગયો. "

\+　　　　+　　　　+　　　　+

મારા મિત્ર સુમનની નોંધપોથીમાંની હકીકત–વાર્ત્તા અત્રે સં-પૂર્ણ થતી હતી. મને વાંચીને બહુ આનંદ થયો–ઘણું હસવું આ-વ્યું, દરિયા કિનારા ઉપર હવે દીવા થઇ ગયા હતા. આથી હું ઉ-ઠયો અને ડાયરી ખિસ્સામાં મૂકી, એજ બનાવ ઉપર હસતો હસતો ઘેર ગયો.

# બે સખીઓ.

પ્રમોદા અને કૌમુદિ વચ્ચે બહુ પ્રેમ હતો. પરસ્પર એક બીજાને હરનિશ જોયા વિના તેમને ચેન પડતું નહીં. તેમનો પ્રેમ સખીઓના જેવો નહતો પરંતુ તેથી અધિક-તર–પ્રિયપ્રણયિનીનો–હતો. તેમના પત્રો પ્રેમપત્રો હતા. માન 'અભિમાન' પ્રેમ અને આદર સાથે સહૃદયતાથી તે પત્રો ભરપૂર હતા. તે બે જ્યારે એક બીજાને મળતી ત્યારે હમેશાં એકાન્તસ્થાનમાં જતી. તેમની વાતો એવા પ્રકારની થતી કે કોઈ ત્રીજો શ્રોતા તેમાં આવી જતો તો એકદમ એ વાતો બંધ પડી જતી કિંવા વિષય બદલાતો.

કૌમુદી ઘણીવાર પોતાની બાહુપાશ પ્રમોદાને ગળે નાંખી, પોતાનું ચંદ્રવદન તેના સરોજવદન સરસું લઇ જઈ, પ્રશ્ન કરતી "પ્યારી, સાચું કહેજે, તું સૌથી વધારે કોને ચાહે છે ? તારા પતિને કે મને ?" પ્રમોદા હરહમેશ તેને ચુમ્બન કરીને કહેતી "તને",

કૌમુદી ૧૭ વર્ષની યુવતિ છે. તેનાં વસ્ત્ર શ્વેત છે. તેના ભાલમાં સૌભાગ્ય ટીલડી સોહાતી નથી. તેના બન્ને સુંદર હસ્તકમલમાં માત્ર હેમની નાની નાની બંગડીઓ જ છેઃ શિવાય કાંઇ પણ નથી. આપણા દેશમાં આ વેશ

વિધવા શિવાય અન્ય કોઇનો હોઇ શકતો નથી. કૌમુદી વિધવા છે. તે આઠ વર્ષની હતી ત્યારે તેનો સૌભાગ્યચંદ્ર સદાને માટે નષ્ટ થયો હતો. તે પછી કૌમુદી પોતાના શ્વસુરગૃહમાં જ રહેતી. તેની સાસુ તથા વડસાસુ તેમજ સસરા જીવિત હતાં. પ્રમોદા તેની પાડોશણ હતી. બન્નેનાં ઘરની અગાશીઓ અડોઅડ હતી. ઘણીવાર તેઓ એ અગાશીઓમાં સામસામી ઉભી રહી, વાર્તાવિનોદ કરતી.

એક દિન પ્રમોદા પોતાના ઘરની અગાશી ઉપર પણ ન દેખાઇ. તેમ હમેશ મુજબ કૌમુદી પાસે પણ ન આવી. આથી કૌમુદી ચિંતાતુર બની. પોતાના શ્વસુરગૃહમાંની એક દાસીને તેણે પ્રમોદાને ત્યાં મોકલી તપાસ કરાવી તો ઉત્તર આવ્યો કેઃ "મારા પતિને કોલેજની રજાઓમાં મારા પિતાએ ખાસ બોલાવ્યા હતા તે આવી પહોંચ્યા છે. તેમની સેવનામાં રોકાઇ હોવાથી મળી શકીશ નહીં." કવિકુલ ગુરુ ભગવાન્ કાલિદાસે ખરૂં કહ્યું છે કેઃ अति प्रेमः पापशंकी કૌમુદીએ વિચાર કર્યોઃ—"તેનો પતિ આવ્યો તેમાં મારી પાસે એક ક્ષણ પણ આવવાની તેને નવરાશ ન મળી ? નક્કી એનો મારા પ્રત્યે ચાહ નથી. અથવા તો પતિને જોતાં એ મારો પ્રેમ વિસરી ગઈ છે—મને ભૂલી ગઇ છે." પતિ વિનાની આ બાળાને મન પ્રમોદા તેનું સર્વસ્વ હતું. તેનો તેની પ્રત્યેનો અનુરાગ એટલો બધો ઉત્કટ, દ્દઢ અને સબળ હતો કે આજના આવેલા સંદેશાથી તે વિહ્વલ બની ગઈ. તેનું અન્ય કોણ હતું ? પોતાના ખંડમાં જઇ, દ્વાર વાસી, એકાન્તમાં તે ઘણું રોઇ. એ શિવાય તે બીજું કરી શકી નહીં—કરી શકે એમ નહતું.

× × × ×

( ૨ )

એક દિન શીતલ સન્ધ્યાકાલે જે વખતે મંદ મંદ પવનની

સુલલિત લહરીઓ વિહરી રહી હતી તે વખતે પોતાના શ્વસુરગૃહના એક ખંડમાં બારી પાસે બેઠી બેઠી, કૌમુદી નીચેના ગાનનો ગણુગણાટ કરી રહી હતીઃ

રૂઠા હે પ્યારા મેરા ઉસે કોઇ મના દે રે;
કોઇ મના દેરે–ઉસે કોઇ બુલા દે રે,

સખીરી કોઈ બુલા દે રે.

આ વિધવા બાળા જેણે પોતાનો સર્વ પ્રેમ પોતાની સખીને અર્પણ કરી દીધો હતો તે પ્રમોદાને વારંવાર "પ્રિયે અથવા તો "પ્રિયતમ' કહીને સંબોધતી હતી. ઘણીવાર તે એવા પત્રો લખતી કે જે પત્રોનો અર્થ એક સ્ત્રી પોતાના વ્હાલા પતિને લખતી હોય એવો નીકળે. એ પત્રોમાં પ્રેમના ઘણાજ હૃદયંગમ શબ્દો લખવામાં આવતા અને ખરે, જો કોઇ શુદ્ધ હૃદયની પત્નીએ તે પોતાના પ્યારા પતિને લખ્યા હોય તો તેનો પતિ પ્રસન્ન પ્રસન્ન થયા વગર રહે નહીં.

પ્રમોદા પોતાના પિતાને ત્યાં રહેતી હોવાથી જેટલી સ્વતંત્ર હતી તેટલી કૌમુદી નહતી; એટલે પ્રમોદા કૌમુદીને ત્યાં ધારે એટલી વખત આવી શકે એમ હતું. જ્યારે કૌમુદી તેમ કરે એ તેનાં સાસુસસરાને ન રૂચે એ સ્વાભાવિક હતું. છતાં કૌમુદીએ તેને ત્યાં એકવાર જઇ આવવાની ધારણા રાખી હતી.

જે દિન સાયંકાલે કૌમુદી પોતાના ખંડમાં ગણગણી રહી હતી તે દિને પ્રમોદાને તેને ત્યાં ન આવ્યાને ચાર દિન થયા હતા. તેનો પતિ ઘરમાંથી બહુવાર બહાર નિઃસરતો ન હોવાથી પ્રમોદાને તેની તહેનાતમાં રહેવું પડતું. કૌમુદીએ ઠપકાના બે ત્રણ પત્રો લખ્યા હતા જેના ઉત્તરમાં પ્રમોદાએ ક્ષમાયાચનાના પત્રો લખ્યા હતા.

આજ થોડીવાર સુધી તરંગવશ થયા પછી કૌમુદી કંટાળી ગઈ. એક કાગળ લઇ તેણે તેમાં કાંઇક લખ્યું અને તે એક પરબીડીઆમાં મૂકી, તેની ઉપર “ પ્રિયતમને પહોંચે ” એ શરનામું કર્યું. આ પત્ર દાસી સાથે મોકલવાના આશયથી પોતાના ટેબલપર મૂકી’ તે ખંડમાંથી બહાર નીકળી. આ પત્રનો જો સંતોષકારક ઉત્તર ન આવે તો તેણે જાતે જવાની ધારણા રાખી હતી પરંતુ આજ તેનું ચિત્ત એકલુંજ અસ્વસ્થ નહોતું, તેના તનને પણ આજ અસ્વસ્થતા હતી. તેનું માથું કે જે સખ્ત દુઃખ્યા કરતું હતું તેમાં લેશ પણ ફરક પડયો નહોતો. ઉપરાન્ત તેના હાથપગ ચુંથાતા હતા અને શરીર ગરમ હતું. આથી તે પાછી પોતાના ખંડમાં ગઇ. તેને સુઈ રહેવાનું મન થયું અને સુતી.

અર્ધા કલાકમાં તેને સખ્ત તાવ ચઢી આવ્યો. ઘરની દાસીએ આવીને જોયું તો તે સુતી હતી અને તેના શરીરમાં તાવ હતો. કૌમુદીની સાસુને ખબર કરવામાં આવી. તે એકદમ દોડી આવી. દાક્તરને બોલાવવાની જરૂર નહતી કેમકે કૌમુદીનો કાકોજી ડાક્તર હતો. તેણે તેને “ મેલેરીઆ ” થયેલો જણાવ્યો.

× × × ×

## ( ૩ )

આ ઘટના બની તેનાં બે ત્રણ દિન પહેલાં કૌમુદીનો કાકોજી કે જે પરગામ રહેતો હતો તે પોતાના પુત્રને જનોઈ દેવા માટે આવ્યો હતો. જનોઈ એક બે દિનમાં હતાં. કૌમુદીનાં વડીસાસુ જીવિત હતાં એટલે તેના શ્વસુર તથા કાકાજીએ હજી સંયુક્ત કુટુંબ વહેંચ્યું નહતું. કૌમુદીના કાકાજીનું નામ ભીખારરાય હતું; પરંતુ તેમને બધા રાયજી કહીને બોલાવતા હતા.

કૌમુદીને તાવ આવવાથી કાંઇ જનોઈ અટકવાનાં નહતાં. તેથી

તેજ દિને તેની સાસુ સગાંઓને અમુક શુભ કાર્યના પ્રારંભ સારૂ નિમન્ત્રણ કરવા ગઈ. તે વખતે શ્રીધરરાય અને તેની પત્ની કમલાવતિ, કૌમુદીના ખંડમાં તેની પાસે બેઠાં હતાં. કૌમુદીને અત્યારે ઉંઘ આવી ગયેલી હોવાથી, તેની કાકીજી ઓરડામાં આમતેમ ફરતી હતી. એકાએક તેના જોવામાં એક પરબીડીઉં આવ્યું. તેની ઉપર "પ્રિયતમને પહોંચે" એ શબ્દો લખેલા હતા. તે ચોંકી. કૌમુદીનું ચારિત્ર તેને દૂષણવાળું લાગ્યું. આજલગી કૌમુદીનો કુલ્યાગરો અને સરલ સ્વભાવ હોવાથી તે ઘરનાં બીજાંને જેમ પ્રિય થઈ પડી હતી તેમ તેની કાકીજીને પણ પ્રિય થઈ પડી હતી. પરંતુ આ કવર અને તે પણ કોઈ પુરુષને લખાયલું જોઈને કાકીજીને એકદમ તે બાળા ઉપર તિરસ્કાર આવ્યો. પોતાની ચોળીમાં એ પરબીડીઉં તેણે સંતાડી દીધું અને તે વખતે બીજા કામકાજમાં પરોવાઈ.

રાયજી અને તેની પત્ની રાત્રે જ્યારે પોતાના શયનગૃહમાં એકલાં મળ્યાં ત્યારે કમલાવતિએ પ્રશ્ન કર્યોઃ—કૌમુદી માટે તમારો કેવો મત છે? શ્રીધરઃ—તેને એક બે દિવસમાં મટી જશે. કાંઇ ગભરાવા જેવી માંદગી નથી.

કમલાઃ—મને તો લાગે છે કે એ મરી જાય તો સારૂં થાય.

રાયજી કૌમુદીના ગુણોનો પૂજારી હતો. આ વાત સાંભળી, તે ગુસ્સે થઈ ગયો અને બોલ્યોઃ મૂર્ખી, એવું બોલતાં તારી જીભ કેમ કપાતી નથી? એ બિચારી આપણને શું ભારે પડે છે? હું તો કહું છું કે તેની માંદગી ગંભીર હોય તોપણ તેને બચાવવા હું મારા દરેક પ્રયત્ન કરવા બાકી રાખું નહીં.

કમલાઃ—"એમ? તમે એનું એટલું બધું ઉપરાણું લ્યોછો? તો લ્યો આ કાગળ વાંચો એટલે જણાશે, તમારાં ડાહ્યાં ડમકાં ગણાતાં વહુજીનાં લક્ષણ!" શ્રીધરરાયે તે પત્ર લીધો. તેમાં લખ્યું હતું કેઃ—

" પ્યારા–પ્રિયતમ !

તું કેવો નિર્દય બન્યો છે ? શું વારંવાર તું મારે મોઢે કહેતો હતો તેવોજ પ્રેમ તુ મને હાલમાં બતાવે છે ? પહેલાં તેં આવવું બંધ કર્યું અને હવે પત્રોયે લખવા બંધ કર્યા ! ગઈ કાલના મારા પત્રનો ઉત્તર કેમ નથી આવ્યો ? વ્હાલા, તને ન જોયાથી હું ગાંડી બની ગઈ છું. તું વિચાર. તારા શિવાય મારૂં કોણુ છે ? મને રાત-દિવસ કાંઇ ચેન પડતું નથી. કાંઇ નહીં તો ક્ષણુપણુ મને દર્શન દે. હું માની લઇશ કે તેં મને અહોરાત્ર દર્શન દીધાં. પ્રિયતમ, શું તારી આ તરૂણી પ્રિયપ્યારી જુની પુરાણી બની એટલે એનો ત્યાગ કર્યો ? જો મને તું ખરેખરજ ચહાતો હોય તો આ પત્ર દેખીને જરૂર આવજે અને મારી હૃદયવેદના દૂર કરજે.

લી. તારી જ " આજ્ઞાધારિણી. "

પત્ર વાંચી શ્રીધરરાયે કમલાવતિને પૂછ્યું, પત્ર કોણે લખ્યો છે ?

" એજ તમારાં વહુજીએ જેમનાં તમે વખાણુ કરો છો !"

" જા, જા, ગાંડી. એમ બનેજ નહીં ! "

" તો તપાસ કરો. આ અક્ષર કોના છે ? "

" અરરર, એવું હોય તો ઘણુંજ ખોટું !

" હાસ્તો, ઘણુંજ શરમભરેલું. એવી વહુઓને ચાર લાત મારી ઘરબહાર હાંકી કાઢવી જોઇએ. "

" ત્યારે હવે આપણે શું કરવું ? "

" એજ કે એને કોઇ વિધવાઆશ્રમમાં મોકલી આપો. "

રા. " પણુ એમ કર્યાથી કેવું ખરાબ દેખાશે ? "

ક. " પણુ એનાં પાપ ઉઘાડાં પડશે ત્યારે આપણી આબરુ ઉપર પાણી ફરી વળશે તેનું કેમ ? "

રાયજી: પણ મને તો એ બાબતમાં હજી પણ શંકા છે. આપણે આ કાગળજ જોયો છે ને ? એ શિવાય આપણી પાસે બીજી કાંઈ સાબિતી છે? મતલબ કે તેઓ પાપકર્મ હવે કરનાર છે. હજી સુધી કર્યું નથી.

ક.–જાઓ, જાઓ, કોઈ તમને ગાંડા કહેશે ગાંડા ! સ્ત્રી સ્વભાવ તમે શું જાણો ? હું તો નક્કી માનું છું કે એ છોકરી બગડી છે.–વંઠી ગઈ છે.

રાયજી: સારૂં ત્યારે. એનાં શાં પગલાં લેવાં તે હું વિચારી જોઇશ

શ્રીધરરાયે તે રાત્રે પથારીમાં આમથીતેમ આળોટયા કર્યું તેને ઉંઘ આવી નહીં. વારંવાર આ કહેવાતી દૂષણવતી વહુ કે જે બહારથી કેટલી બધી ભલી, ડાહી અને કહ્યાગરી હતી તેનાજ વિચારો તેને આવ્યા કર્યા. તેનો સ્વભાવ એવો હતો કે કોઇ પણ કામમાં તે એકદમ વિશ્વાસ મૂકી દે નહીં અને જો તેને કોઇ વસ્તુ ઉપર વિશ્વાસ બેસી ગયો તો તે સજ્જડ બેસી જતો. તે વિચારવા લાગ્યો: “આ છોકરી શૈશવાવસ્થાથીજ વિધવા છે. આથી સંસારનાં હઝારો પ્રલોભનનો અતિક્રમ કરીને બ્રહ્મચર્ય પાળવું એ કામ કે જે કાંઇ સહેલું નથી તેમાં તે પાછી પડે એ દરેક રીતે બનવાજોગ છે. વળી તે લખી વાંચી જાણે છે. સ્ત્રીઓને કેળવણી નહીં આપવાના વિચારના વિરોધીઓ કહે છે કે લખતાં વાંચતાં જાણ્યાથી સ્ત્રીઓ પ્રેમપત્રો લખેછે. એ બાબતમાં બીજાના ગમે તે મત હો પણ મારે ત્યાં તો આ પ્રત્યક્ષ અનુભવ મેં જોયો. ખરે ! એ છોકરીએ હિંદુસંસારના પવિત્ર નિયમોનું ઉલ્લંઘન કર્યું છે અને મારી કીર્તિને મોટું કલંક લગાડયું છે. છતાં એટલું સારૂં છે કે લોકોએ આ વાત જાણી નથી પરંતુ જાણશે ત્યારે જબરો ભડકો થવો છે:

કૌમુદી ઉપર તેની સાસુને બહુ પ્રેમ હતો. પોતાના ગૃહને લગતા કામકાજમાંથી પરવારી, કૌમુદીના માંદગીના દિવસોમાં તે તેનીજ પાસે આવીને બેસતી. શ્રીધરરાય અને તેની પત્નીએ જાણેલી ગુપ્ત વાત સંબંધી તે કશું જાણતી નહતી.

આજ રાતના તે કૌમુદી પાસેજ સુતી. ઘરનાં બીજાં બધાં કહેતાં કે: " વિધવા વહુ છે. મરી જશે તો શું મોટું દુઃખ થવાનું છે. બિચારી હમેશ માટે હેરાન થતી બચશે. " એ કહેવું ખરૂં હો કે ખોટું હો પરંતુ કૌમુદીની સાસુને તે પસંદ ન હતું. તે તેને પોતાની પુત્રીવત્ ગણતી હતી તેથી તેની સારવારમાં ખામી આવે એ જોવા તેનું અંતર રાજી ન હતું. આથી ઘરનાંબીજાંબધાં જ્યારે બેદરકાર હતાં ત્યારે તે બરોબર કાળજી રાખતી હતી.

એ રાત્રે ૧૨ વાગતાં કૌમુદીનું દુઃખ વધ્યું. તાવમાંથી તે લવરી ઉપર ચઢી. તેના પેટમાં અતિશય દુઃખાવો થવા લાગ્યો. અને તાવ એકદમ ૧૦૫ ડીગ્રી સુધી ચઢી ગયો. ડો. રાયજીને એકાએક જગાડવામાં આવ્યો. તે નિદ્રામાં પડેલો ન હતો, પણ વિચારોમાં વિલીન થયેલો હતો. તે કૌમુદીના ઓરડામાં આવ્યો પણ તેનું મન તેને સાજી કરવા કબુલ કરતું ન હતું. તેને એમજ થતું હતું કે ભલે એ બાળા આ સંસારમાંથી છૂટે !

તેણે બરોબર ચિકિત્સા કરવાનો ડોળ કર્યો. અને તે પછી ઘરનાં સર્વને દર્દીથી દૂર લઈ જઇને ખબર આપી કે આપણી દવાના સખ્ત ઉપચારો હોવા છતાં કેસ ઘણો ગંભીર થઈ ગયો છે અને બે એક કલાકમાં તેનો ફેંસલો થઈ જશે ? કૌમુદીના સાસુ સસરાએ કોઇ વધુ હોશિયાર ડાક્ટરની સલાહ લેવા અને તે વખતે થાય એટલી ફી આપવા માટે સૂચના કરી પણ રાયજીએ કહ્યું એ ડાક્ટર આવીને નાહક ધાંધલ કરશે. એ ડાક્ટર આવીને મારા કરતાં

કાંઈ પણ વધુ કરી શકનાર નથી; અને આ બિચારીનું મૃત્યુ કે જે આજ રાતમાં થશે તેમાં તે કાંઇ પણ ફેર કરી શકનાર નથી.

આથી બિચારાં સાસુ સસરો કપાળ કૂટી રહ્યાં. રાયજી વિચારમાં પડયો કે આ લોકો શા માટે નાંહક એ વહુ ઉપર મરી ફીટતાં હશે ? તેણે પોતાનાં ભાઇ ભાભીને બતાવવા, કૌમુદીને અમુક દવા પાઈ.

(૪)

રાત્રિના બે વાગે ઘોર અન્ધારૂં છવાઇ રહ્યું છે. ગામમાં સર્વત્ર શાંતિ છે. કૌમુદીના શ્વસુરના ઘરમાં અત્યારે ગભરાટની છાયા પ્રસરેલી છે; કારણ કૌમુદીની ઘડીપળ ચાલે છે. તે ખૂબ લવરી ઉપર ચઢી છે. તેની લવરીના એકકેક શબ્દો સાંભળી તેની સાસુ, આંખમાંથી અશ્રુધાર પાડે છે. શ્રીધરરાય અને તેની સ્ત્રી ગુસ્સે થાય છે, અને ઘરનાં બીજાં બધાં દિલગીર થાય છે "પ્યારા" "વ્હાલા" "પ્રિયતમ"માં રિસાવ. જુઓ હું તમારે પગે પડું. તમારાં ચરણ રજ મારે શિર ચઢાવું. મને દર્શન દો. એક ઘડીની ઝાંખી કરાવો. પરકૃપા કરો અને મને અનાથને સનાથ જેટલું સુખ આપો. " કૌમુદીની આ લવરી હૃદયભેદક હતી. એક બિચારી વિધવાના આ શબ્દો ખરીરીતે જોતાં કાંઇ અન્ય પુરુષને ઉદ્દેશીને બોલાયલાજ નહતા. તે તેની સખીને માટેજ હતા. પરંતુ તેનો રેફાટ કમન સિબ ડાકટર રાયજી આગળ કે તેની સ્ત્રી આગળ કમનસિબ સંયોગોને લીધે થયો ન હતો !

કૌમુદીની સાસુ રડતી હતી ત્યાંથી એકદમ ઉભી થઈ અને દાસીને ફાનસ લઇને પોતાની સાથે આવવાનું કહીને ઘરની બહાર નિકળી. ઘરનાં સર્વ, આશ્ચર્ય સાથે વિચારમાં પડયાં.

કૌમુદીની સાસુ મન્દાકિની, પ્રમોદાને ઘેર ગઈ અને તેની માતાને ખાસ કહીને, તે ઉંઘતી બાળાને જગાડીને તેજ વખતે

પોતાને ત્યાં લઈ આવી પોતાની વ્હાલી સખીની આવી પરિસ્થિતિ જોઈને પ્રમોદા રડી પડી. તે કલ્પાંત કરવા લાગી કે "હાય હાય મેં અભાગિની અને અવિચારિણીએ તેને એકજ વાર દર્શન દીધાં હોત તો બહુ સારૂં થાત" પણ તેનો વલોપાત વ્યર્થ હતો. તેણે કૌમુદીને બોલાવી. પણ તે કેવી રીતે ? "વ્હાલી શાંત થા. તારો " પ્રિયતમ તારી પાસે હાઝર છે. "

એ શબ્દોએ આબાદ અસર કરી. " કોણ મારો પ્રિયતમ ? મારી વ્હાલી સખી ? આવ 'આવ' મને ભેટ અને શાંતિ આપ. વ્હાલા અત્યાર લગી કયાં સંતાઇ ગયો હતો ? એવું થાય ? એમ ગાંડાઇ કરી તુ શા માટે મને મળવા ના આવ્યો ? છતાં પ્રિયતમ ! આખરે આવ્યો એજ બહુ છે. આવ આવ—"

એ વખતે સર્વના આશ્ચર્ય વચ્ચે કૌમુદીમાં કાંઇક અજબ જોર આવ્યું અને તે ખાટલામાં બેઠી થઇ. તેની સખી તેની પાસે બેઠી અને બન્ને ભેટયાં. પણ હા ! તે પછી તુર્તજ એક ક્ષણમાં તેનો પ્રાણ કિરતાર સમક્ષ પોતાનાં પુન્ય પાપનો હિસાબ આપવા ઉપડી ગયો ! " તાંસા બજ ગયા: રણુકા રૂહે ગયા !" પુષ્પ ચીમળાઇ ગયું; તેની મીઠી સુગંધિની યાદ સર્વને રહી ગઇ !

(૫)

કૌમુદીના મૃત્યુથી તેનાં સાસુસસરો અતિ દિલગીર થયાં. શ્રીધર રાય આભો બની ગયો, કેમકે તેણે છેવટની ઘટના જોયાથી તેને કાંઇક શંકા ગઈ હતી કે કાંઇક કાચું કપાયું છે ! કમલાવતિ—અવિચારી સ્ત્રી, એજ વિચારથી ખુશી હતી કે કુલકલંકિની મૃત્યુદશાને પહોંચી એ ઠીક જ થયું છે.

એક દિન શ્રીધરરાયની શંકાનો સંપૂર્ણ સ્ફોટ થયો; અને તેજ વખતે એ ભલો ડાક્ટર કૌમુદીના મૃત્યુ માટે પોકેપોક મૂકીને રડયો.

સાંયકાલનો સમય હતો. શ્રીધરરાય પોતાના ઓરડામાં બેઠો બેઠો વાંચતો હતો. તેની વહુ કોઈક સગાને ત્યાં મળવા ગઈ હતી. અને મંદાકિની ગૃહકાર્યમાં પરોવાયલી હતી. એકાએક મન્દાકિનીને પોતાની મૃત થયેલી વહુ યાદ આવી અને તે મોટે સાદે રડવા લાગીઃ " ઓ મારી લાડકવાયી વહુ ! અમને દગો દઇને તું શીદને ચાલી ગઈ ? "

રાયજી આ સાંભળીને એકદમ દોડી આવ્યો અને જોયું તો મન્દાકિની રડતી હતી. તેણે કહ્યુંઃ ભાભી, એ ગઇ તે તમારા કલ્પાંતથી હવે પાછી આવે એમ નથી. નાહક તમારા જીવને કઢાપો કરી, તમે તમારૂં શરીર બગાડશો. જે બનવાનું હતું તે બની ગયું છે; અને તે છતાં પણ ભાબી, એ બિચારી આ સંસારમાંથી છૂટી એમ કહોને, એ જીવી હત તો તેથી આપણને સુખવારો ન હતો !

મન્દાકિની આ સાંભળી અજબ થઈ. તેનાથી પોતાની ડાહી મૃત વહુ માટે આવું વેણ સાંખી શકાયું નહીં. તે બોલીઃ દીયરજી, એમ કેમ કહો છો ? એ જીવી હત તેથી આપણને શું દુઃખ હતું ? એનાથી મારા ઘરનાં તો બધાએ સુખી હતાં.

રાયજીઃ ભાબી, આજ ઘણા દિવસથી મારે તમને એક વાત પૂછવાની હતી. અત્યારે જ્યારે વાત નીકળી છે ત્યારે કહુંછું કે શું મરનારીની ચાલ ખરાબ ન હતી ?

મન્દા૦ હેં ? શું બોલો છો ? હું માનું નહીં. મારી એ સુલક્ષણી વહુનું નસીબ ફક્ત એટલુંજ વાંકું હતું કે તે વિધવા હતી. એ શિવાય એનામાં કંઇપણ કવેણું નહતું એની મને પક્કી ખાત્રી છે.

રાયજીઃ ભાબી, એનો લખેલો કાગળ તમને બતાવું તો ?

મંદાઃ શું કાગળ ? કોની ઉપર લખેલો ?

રાયજીઃ અંદર કાંઇ નામ નથી પણ તે કોઈ પુરુષ ઉપર લખેલો છે !

મંદાઃ એમ ? બતાવો જોઇએ.

શ્રીધરરાયે પોતાના ખંડમાં જઈને એ પત્ર આણ્યો અને ઉછળતે હૈયે તે મંદાકિનીના હાથ આપી, તેની લાગણીઓ તપાસવા લાગ્યો.

મંદાકિનીએ તે કાગળ અજવાળામાં લઈ જઇને વાંચીને કહ્યું: “બસ આજ કાગળને ? ઓહો ! ત્યારે તો તમારો વહેમ તદ્દન ખોટો છે. મારી વહુ મારા કુળને લેશપણ ડાઘ લગાડયા વિનાજ સ્વર્ગે સિધાવી છે. પરમાત્મા તેને મોક્ષ આપો.”

રાયઃ કેમ ? એમ કેમ ! શું આ કાગળ એણે પોતાના કોઈ વહાલા ઉપર નહતો લખ્યો ?

મંદાઃ દીયરજી, એણે આ કાગળ પોતાના વહાલા ઉપર નહીં; પણ પોતાની વહાલી ઉપર લખ્યો હતો. ફક્ત સંબોધન “વ્હાલા” “પ્રિયતમ” રૂપે કર્યું હતું.

રાયજીઃ એ કોની ઉપર લખ્યો હતો તે તમે જાણોછો ?

મન્દાઃ હા. આપણા પાડોશી મન્મથનાથની પુત્રી પ્રમોદા ઉપર. મરનારી બિચારીને ફક્ત પ્રમોદા સર્વસ્વ હતી. એ બે જણીઓ આ દુનિયામાં ખરેખરા શુદ્ધ સ્નેહથી જોડાયલી હતી. એ બે જણીઓ આનંદની ખાતર પતિપત્ની તરીકે પત્રો લખતી હતી. કૌમુદી ઉપર પ્રમોદાના પત્રો પતિરૂપે આવતા અને કૌમુદી તેની ઉપર પત્નીરૂપે લખતી. અમે બધાંયે એ વાત જાણતાં હતાં. તમે કેમ ભૂલી ગયા ? છેક છેલ્લી ઘડીએ કૌમુદીને પ્રમોદાએ કહ્યું કે “ જો હું તારો પ્રિયતમ છું,” તે વખતે તે કેટલી બધી ખુશી થઈ હતી અને એજ વખતે તે બિચારી એજ ખુશાલીમાં મરણ પામી હતી ! રાયજી, હું તો એટલે સુધી કહુંછું કે એ વહાલસોયી વહુ કે જે વિધવા હતી છતાં પોતાનાં સાસરીઆં ઉપર પ્રેમ રાખતી તેના જેવી આ દુનિ-

યામાં બહુ થોડી વહુઓ હશે. ધન્ય છે એને! આજ હું એને સંભારીને રડું છું તે બીજા કશા કારણથી નહીં પણ તેના એ ગુણના સ્મરણથી. એ કોઈ દહાડો પોતાને પગવાળીને બેઠી નહોતી. વારંવાર એક નહીં તો બીજું અને બીજું નહીં તો ત્રીજું કામ કરતીજ દેખાતી. તેના એ ગુણથી અમે પ્રમોદ સાથે તેને દરેક છૂટ લેવા દીધી હતી. અમે ફક્ત એટલુંજ જોતાં કે એનામાં કળી ન પ્રવેશે તો સારૂં. અને આખર લગી એ બિચારી શુદ્ધતા અને પવિત્રતાવાળીજ રહી હતી એ જાણી મને ઘણો સંતોષ થાય છે.

રાયજીઃ એમ? ત્યારે હું તો તેના મરણ વખતે પ્રમોદાએ પોતાને "પ્રિયતમ" જણાવી ત્યારે એમ સમજ્યો હતો કે તેને કાંઇક શાંતિ મળે માટે તમે એ શબ્દો ખાસ કહેવરાવ્યા હશે!

મન્દા; ના. એમ નહતું.

રાયજીનું મુખમંડળ આ વખતે તદ્દન ફિક્કું પડી ગયું. સારૂં થયું કે તે વખતે અન્ધારૂં હતું એટલે મન્દાકિની તે જોઇ શકી નહી; ઘણાજ ગાઢ અને ઉદ્વેગપૂર્ણ વિચારોમાં શ્રીધરરાય ગુંચાઇ ગયો. મન્દાકિનીએ પૂછ્યું; કેમ શાન્ત થઇ ગયા, દીયરજી?

શ્રીધરઃ મને અફસોસ એટલોજ થાય છે કે આ બાબત હું પહેલાંથી જાણતો હોત તો બહુ સારૂં થાત.

મન્દાઃ કેમ એમ? શું તમે જાણત તેથી એનો જીવ બચાવી શકત? અમે જાણતાં હતાં છતાંયે તેનો જીવ કેમ બચ્યો નહીં?

શ્રીધરરાય ચૂપ રહ્યો. પોતાનું હૃદય હવે તેણે વધુ ખોલીને પોતાને મૂર્ખો અને ફિટકારને પાત્ર ઠરાવવો વાજબી ન ધાર્યો કારણ મન્દાકિની કે જે ઘણી લાગણીવાળી સ્ત્રી હતી તે જો જાણે કે રાયજીએ ઉપચાર કરવામાં જાણી જોઈને પાછી પાની કરી હતી તો રાયજીને ભોંય ભારે પડયા વિના રહે નહીં! આથી તેણે પાઘડી ફેરવીને બાંધીઃ ના, ના, એમ નહી. હું એ વાત પહેલેથી જાણતો

હોત તો એ બિચારી ઉપર વધારે વહાલ કરત. બાકી, જેના દિવસો પૂરા થઇ ગયા હોયછે, તેને કોટી ઉપાયે પણ કોણ બચાવી શકે છે ? એતો મેં તમને તેજ દિવસે કહ્યું હતું. પ્રારબ્ધના લેખ પ્રમાણે માણસના મરણકાળ માટે જે ઘડી નિર્માણ થઇ ચૂકી હોય છે તે તો, ભાભી, હું તમે કે બ્રહ્મા પણ મિથ્યા કરી શકવા સમર્થ નથી."

મન્દાકિની ચતુર સ્ત્રી હતી તેને રાયજી માટે વહેમ ગયો અને તેજ ઘડીથી તેના મનમાંથી રાયજી ઘણોજ ઉતરી ગયો !

બિચારો ડાકટર ! પોતાના ખંડમાં જઇ કૌમુદી માટે-એ વિશુદ્ધ વિધવા માટે તે પોશેપોશ આંસુ પાડવા લાગ્યો. કૌમુદીની મરણ વખતની સ્થિતિ તેની આંખ આગળ તરવરી રહી તેનો સરલ સ્વભાવ, તેની મીઠી અને નમ્ર વાણી અને તેની આજ્ઞાપાલક વૃત્તિ તેને અતિશય યાદ આવ્યાં. પણ હા ! હવે એ સર્વ વ્યર્થ હતું. જે કેસ, પહેલાં તે સુધારી શકે એમ હતું તે કેસ માટે હવે તે કાંઇ કરી શકે નહીં એવી સ્થિતિમાં હતો. તેને પોતાની જીંદગી સુધી પોતાની વહેમી ઇર્ષાખોર અને અભણ પત્ની અકારી લાગી અને પોતાના વિશુદ્ધ ગણાતા હાથોએ એક નિર્દોષ અને અનાથ બાળાનું ખૂન કર્યું છે એ વિચાર તે કદાપિ વિસારી શકયો નહીં !

---

# સ્નેહીઓના સબૂરી
## અને
# તેનાં મીષ્ટ ફળ.

૧.

બે આકૃતિઓ લતામંડપ નીચે ઉભી છે; એ મંડપ શ્રીનગરમાં આવેલો છે, શ્રીનગર સમુદ્રતટે વસેલું છે. સમુદ્રમાં જ્યારે ભરતી આવે છે ત્યારે હમેશાં એમ પ્રતીત થાય છે કે તેની લહરીઓ શ્રીનગરનાં ચરણયુગલ ધોઇ રહી છે. સમુદ્ર તીરે એક સુંદર અટ્ટાલિકા આવેલી છે. તેની અડોઅડ શ્રીનગરના ધનવાન શેઠ વિલાસરાયની એક સુંદર વાટિકા આવી રહી છે. આ વાટિકાના લતા મંડપમાં શેઠની પુત્રી નિર્મલા એક યુવક સાથે વાતચિત કરી રહી છે.

સદ્‌ગુણી સ્વામીની પ્રાપ્તિ માટે આજ પાંચ વર્ષથી નિર્મલા ઉદધિતટવાસિની ભૂવનેશ્વરી દેવીની પૂજા કરતી હતી. આજ તેનું વય ૧૩ વર્ષનું છે, સ્વામીજ મળ્યો નહતો તો પછી સદ્‌ગુણી કે દુર્ગુણીની વાતજ શી કરવી ! તેનો મનોરથ અદ્યપિ સફલતાને પામ્યો નથી. પ્રાપ્તયૌવના કુમારી, એકાન્તસ્થાનમાં કોઇ યુવાન્ પુરુષ સાથે વાતચિત કરે એ ઉચિત નથી; પરંતુ જે યુવક સાથે નિર્મલા વાર્તાલાપ કરી રહી છે તે પૂર્વપરિચિત છે. જ્યારે તે માત્ર ૪ વર્ષની હતી, ત્યારે આ યુવકનું વય ૮ વર્ષનું હતું. અને ત્યારથી તેઓ આજ લગી સાથે જ હસી ખુશી ખેલતાં

હતાં. યુવકનું નામ **ચંદ્રરાય** હતું. તેનો પિતા શ્રીમંતરાય, 'વિલાસ-રાયનો પાડોશી હતો. તેઓ બન્નેને બહુ સારો સમ્બન્ધ હોવાથી આ બાલબાલિકાનું સંમેલન મૂળથી થયા કરતું હતું.

બન્નેજણાં વખત વીતતાં મોટાં થયાં છે; અને સાથે સાથે તેમનો પરસ્પરનો પ્રેમ પણ વધી—ખીલી ગયો છે. તેમનાં માતા-પિતાથી આ પ્રેમીઓનાં લક્ષણ અણજાણ્યા ન હતાં. તેઓએ આ બન્નેનાં લગ્ન કરી દેવાનો નિશ્ચય કરી રાખ્યો હતો. પરંતુ આજ તેમાં મોટું વિઘ્ન આવ્યું છે. વિલાસરાયે એકદમ જાહેર કર્યુંછે કે આ બન્નેનો વિવાહ હું નહીં કરૂં. પરિણામે આ પ્રેમીઓની આશાઓ ધૂળધાણી થઇ છે. અમૃતથી ભરેલું પાત્ર ઢોળાઇ ગયું છે. તેમને પરસ્પર મળવાનો પ્રતિબંધ થયો છે. આજ નિર્મલાને ઘણી નમ્રતાથી ચંદ્રરાયે બોલાવી છે—પિતાથી છાની રીતે તેઓ લતા-મંડપમાં મળ્યાં છે.

નિર્મલાએ કહ્યું: મને શા માટે બોલાવી છે ? હવે હું કાંઇ નાની છોકરી નથી. મારાને તમારાથી હવે મળાય કે વાતચિત થાય નહીં. હવે તમે બોલાવશો તો નહીં આવું.

“હવે હું કાંઇ નાની છોકરી નથી” એ શબ્દો, આ તેર વર્ષની બાળાએ ભોળપણમાંજ કહ્યા હતા. ચંદ્રરાય પોતાના વિચારોમાં એવો મસ્ત હતો કે તેનું એ શબ્દો પ્રત્યે ધ્યાન ખેંચાયું નહીં; પણ છેલ્લું વાકય તે સાંભળી શકયો. તેણે ઉત્તર આપ્યો:—“હવે હું તને ફરી-થી નહીં બોલાવું. હું દૂર દેશ જાઉંછું. કેવળ એ કહેવાને જ મેં તને બોલાવી છે.” લતામંડપમાંનું ગુલાબનું એક ફુલ તોડી, તે તેની પાંખડીઓ વિખુટી કરવા લાગ્યો.

નિ૦ તમે કિયે દેશ જાવ છો ? ચંદ્ર:–અવન્તિપુર.

નિ૦ શા માટે ! એમ કેમ ? અહીં રહોને !

"હવે તમે બોલાવશો તો નહીં આવું" એ શબ્દો બોલનારી બાળાની કેટલી બધી સરળતા!

ચંદ્ર: "શા માટે જાઉં છું? મારા પિતાનો ત્યાંનો વ્યાપાર સંભાળી લેવા." તેણે ઉત્તર તો આપ્યો પરંતુ તેની આંખોમાંથી આંસુનાં થોડાંક બિન્દુ સરી પડયાં. નિર્મલા વિમના બની ગઇ. તે કાંઈ પણ બોલી શકી નહી; ચંદ્રરાયની અશ્રુપૂર્ણ આંખો તરફ તે જોઈ શકી નહીં. પ્રાત:કાલનો મંદમંદ શીતલ વાયુ વહતો હતો. સૂર્ય કિરણો સમુદ્રજલ ઉપર પડી તેને લાલાશ આપી રહ્યાં હતાં. તરંગો ધીમે ધીમે તટપર અથડાઇ, પાછાં હડસેલાતાં હતાં. પક્ષીઓ ઉડી રહ્યાં હતાં. નિર્મલા આ સઘળું જોતી હતી પરંતુ તેનું લક્ષ તેઓ પ્રત્યે બિલકુલ નહતું. તેના ચિત્તમાં ફક્ત ચંદ્રરાયનાજ વિચારો મન્થન કરી રહ્યા હતા જમિનપર પડેલા, વિખરેલી પાંખડીઓવાળા એક શુષ્ક પુષ્પને તેણે હાથમાં લીધું. થોડીવાર લગી તે જોઈ રહી અને બોલી:-તમે ના જાવ તો? તમારા પિતાજી વારંવાર આવજા કરેછે ને?

'ચંદ્ર: મારા પિતા વૃદ્ધ થયા છે. હવે મારે તેમનું કામ ઉપાડી લેવું જોઇએ. મારા પિતાજીની પણ એજ ઇચ્છા છે.

લતામંડપની એક ઝુકેલી વૃક્ષવેલી ઉપર નિર્મલાએ પોતાનું વદન ટેકવ્યું. ચંદ્રરાયે જોયું કે લલાટ જાણે વલાણ સંકુચિત બની ગયું હોય તેમ જણાતું હતું વદન ફિકકું પડીગયું હતું અને આંખમાંનાં અશ્રુ તેના ગુલાબ સમાન ગાલને' ભીંજવી, ખરી રહ્યાં હતાં કઠોર હૃદયના ગણાતા પુરુષોમાંનો એક—આ ચંદ્રરાય તેથી કોમલ બની ગયો. નિર્મલા તરફથી દૃષ્ટિ ખસેડી, તેણે ઉંચે ગગનમંડળ તરફ જોયું અને તુર્તજ હિમ્મત એકઠી કરી કહ્યું: નિર્મલા સાંભળી લે. તારા પિતાએ, આપણો એનો વિવાહ થઇ શકશે નહીં એમ કહ્યું છે તેથીજ મારી ઇચ્છા આ ભૂમિમાંથી જતા રહેવાની થઇ છે. મેં નિશ્ચય કર્યો છે કે હું પાછો

ફરીશ નહીં. જો તું મને ભૂલી જશે અથવા તો હું તને ભૂલી જઇશ તો કદાચિત્ હું પાછો આવીશ. પરંતુ જો તું મને નહીં ભૂલે અને મને પણ તારી યાદ રહ્યાં કરશે તો હું કદાપિ પાછો રહીશ નહીં. કારણ આપણા પુનઃ સંમેલનથી આપણે પરસ્પરનો ધર્મ ચૂકી જઇએ એવો દરેક રીતનો સંભવ છે. આપણે હવે એક બીજા સંબંધી વિચારો કરવાજ નહીં." તેનો સાદ ગળગળો થઇ ગયો. "હું જાણું છું—હું સમજું છું; પણ ભાવિ આગળ હું ને તું બન્ને લાચાર છીએ. મારે મન સમસ્ત સંસાર એક બાજુએ છે અને બીજી બાજુએ તું છે—પણ એક દિવસ એવો આવશે કે તું બીજાની પત્ની થઇશ. માટે મને ભૂલી જા. આ જન્મમાં હું અને તું હવે એકત્ર થવાનાં નથી !"

ચંદ્રરાય ત્યાં ઉભો રહી શકયો નહીં. એકદમ તે જતો રહ્યો. પરંતુ નિર્મલા પાસેના એક બાંક ઉપર બેસી ગઇ. પોતાના બન્ને હાથોથી પોતાનું મોં ઢાંકીને તે રોવા લાગી. થોડીવારે તે સ્વતઃ બોલી: "અહા ! જો હું આજે જ મરી જાઉં તો ચંદ્રરાય અવન્તિપૂર જતા બંધ રહેશે. ઝેર ખાઇને કિંવા ગળામાં ફાંસો નાંખીને કિંવા સમુદ્રમાં ઝંપલાવીને હું શા માટે મરી જતી નથી ? પણ...હું મરી જાઉં તો પછી, ચંદ્રરાય વિદેશ જાય કે ન જાય તેની સાથે મારે શી નિસ્બત ? 'જીવતો નર ભદ્રા પામશે.'

× × × ×

## ( ૨ )

ચંદ્રરાય સાથે નિર્મલાનાં લગ્ન નહીં કરવાની વાત, વિલાસરાયે કોને મોઢે કહી હતી તે કોઇ જાણતું નહતું. તે કોઇની સાથે એ સંબંધમાં વાતચિત કરતો નહતો. કોઇ, એ વાત છેડતું તો તે ટાળી દેતો હતો. "વિવાહ ન કરવાનું કારણ શું ?" એમ સહુ કોઇ વિચારતું પણ કાંઈ દેખીતું કારણ કોઇને સુઝતું જ નહીં.

કોઈવાર વિલાસરાય કહેતો કે " ગુરૂ મહારાજની આજ્ઞા છે કે એ બેને ન પરણાવવાં. " બસ. એટલુંજ. પણ નિર્મલાને ક્યાં લગી કુંવારી રાખવીછે કે બીજા કોને પરણાવવી છે તેનો કાંઈ ઉત્તર નહીં !

ચંદ્રરાય અવન્તિપૂર ગયો છે. લગભગ બે વર્ષ વીતી ગયાં છેઃ પણ હજી કોઈની સાથે નિર્મલાને પરણાવ્યામાં આવી નથી. ચંદ્રરાય પાછો આવ્યો નથી. વિલાસરાયના ગૃહમાં નિર્મલા, સુશિલ અને ડાહી ગણાતી હતી. તેનું બધાંએ માન રાખતાં હતાં. વિલાસ એટલું ખાસ જોતો કે તેને ઓછું ન આવે અથવા તો કોઈ કાંઇ મ્હેણાં ટુંણાં ન મારે. પરંતુ નિર્મલાનું માનસિક દુઃખ તે કે કોઇ પણ દૂર કરી શક્યું નહતું. વિવાહની જ્યારે પણ વાત થતી ત્યારે નિર્મલાને ચંદ્રરાય સાંભરતો. તેનું નામ ક્યાંયે પણ તે સાંભળતી કે તેનું મુખમંડળ મ્લાન થઈ જતું. તે અવાક્ બની જતી. લાખો યત્ન કરવા છતાં તે પોતાનાં અશ્રૂ રોકી શક્તી નહીં. તને હજી સુધી અન્ય કોઇ સાથે પરણાવી નહતી એટલીજ તે સુખી હતી; કારણ તેને બીજા સાથે પરણવું ગમતું નહતું.

* * * *

## ( ૩ )

ચંદ્રરાયને અવન્તિપૂર ગયે આજ ત્રણ વર્ષ થઇ ગયાં છે. તે શ્રીનગરમાં પાછો આવ્યો નથી. તેમજ, આવવા સંબંધી એણે કોઇને પણ પત્ર લખ્યો નથી. નિર્મલાના હ્રુદયમાં તેની મૂર્તિ જેવીને તેવી વિરાજિત છે. તેને હમેશાં વિચાર આવતો કે " ચંદ્રરાય મને ભૂલ્યો નથી; કારણ તે પાછો આવ્યો નથી. "

અકસ્માત્ એક દિવસે વિલાસરાયે પોતાના ઘરમાં કહ્યું કેઃ આપણે કાશીપૂરી જવાનું છે. ગુરૂ મહારાજે આજ્ઞા કરીછે અને આપણને ત્યાં બોલાવ્યાં છે. ત્યાં નિર્મલાનાં લગ્ન કરવાનાં છે. એનો

વર, ગુરૂ મહારાજે પોતે શોધી કાઢયોછે અને લખે છે કે તે વિદ્વાન્ અને ગુણવાન્ છે. ”

વિલાસરાય પોતાની પત્ની અને કન્યા સાથે કાશીપૂરી ગયો. ગુરૂમહારાજ સચ્ચિદાનંદ સ્વામીએ તેનો ઘણોજ આદરસત્કાર કર્યો. નિર્મલાનાં લગ્ન કરવાનો શુભ દિવસ નક્કી કરવામાં આવ્યો પણ તેમાં તે પોતે, તેનાં માતપિતા, વર અને વરના પિતા શિવાય બીજું કોઇ નહતું. કશી ધામધુમ પણ નહતી, વિલાસરાયનાં બીજાં સગાંઓ વર કેવો છે એ સંબંધમાં કશું જાણતાં નહતાં. બીજાંઓએ વિશ્વાસ ફક્ત એટલો રાખ્યો હતો કે વર ગુરૂમહારાજે શોધી કાઢયો છે એટલે ઉત્તમ હશે. પુરોહિત કન્યાદાનને લગતી સર્વ સામગ્રી લાવ્યો. નિર્મલાને યોગ્ય આભૂષણો પહેરાવવામાં આવ્યાં. તે ચૂપચાપ બેઠી હતી. તે પોતાના મનમાં વિચારતી હતી કેઃ ભલા ભગવાન્ ? આ વિવાહ કેવો ? વિવાહ છે કે વેપ ? કેવો ભેદભર્યો અને રહસ્યપૂર્ણ વિવાહ ! જો મારો વિવાહ ચંદ્રરાય સાથે ન થયો તો બીજાને હું સ્વામી શી રીતે કહીશ ? મારો નાથ–મારો એકજ સૌભાગ્યચંદ્ર—ચંદ્રરાય છે.

લગ્નમંડપમાં જતા પહેલાં વિલાસરાયે કન્યાની ઉભય આંખો એ પાટો બાંધ્યો ! પુત્રીએ પૂછયુંઃ પિતાજી, આમ કેમ ? ઉત્તર મળ્યોઃ “બેટા, તારે મુંઝાવાની જરૂર નથી. ગુરૂજીની આજ્ઞા છે કે તને આ દશામાં પરણાવવી. તને ત્યાં કશું પણ બોલવા દેવામાં આવશે નહીં. મંત્ર પણ મોટે સાદે ન બોલતાં મનમાં ને મનમાં ભણવા પડશે. ”

“ દીકરીને ગાય દોરે ત્યાં જાય. ” નિર્મલાનું શું બળ ? દષ્ટિહીન કન્યાને દોરીને વિસાસરાય લગ્નમંડપમાં ગયો. પતિને જોવાની આતુર ઇચ્છાવાળી નિર્મલા, પતિને જોઈ શકી નહીં અને તેનાં સંલગ્ન થઇ ગયાં ! વરને આંખે પણ પાટા બાંધવામાં આવ્યા

હતા. પુરોહિતે વરકન્યા પાસે ઘણાજ ધીમા સાદે મંત્ર ભણવામાં ખાસ કાળજી રાખી હતી અને વરકન્યા પાસે એકપણ મંત્ર બોલાવ્યો નહતો ! લગ્ન થઇ રહ્યા પછી ગુરૂમહારાજ પધાર્યા. તેમણે વરકન્યાને કહ્યું: સાંભળો. તમારો ઉભયનો વિવાહ થઇ ચૂકયો છે. તમે પતિપત્ની ઠરી ચૂકયાં છો; પરંતુ તમે એક બીજાને જોઈ શકયાં નથી. કન્યા સદૈવ કુંવારી ન રહે એ જ હેતુથી આ લગ્ન કરવામાં આવ્યાં છે. તમે બે આ જન્મમાં હવે એક બીજાને મળી શકશો કે નહીં તે હું કહી શકતો નથી. છતાંયે તમે મળશો તો એક બીજાને ઓળખી શકશો નહીં. પરંતુ તમારા ભવિષ્યના સમ્મેલનમાં તમને પરસ્પર ઓળખાણ થાય તે માટે મેં એક ઉપાય કરી રાખ્યો છે. હું તમને બેને એકકેકું માદળીઉં આપું છું. આ માદળીઆમાં અકકેકો કાગળ મૂકેલો છે. એક કાગળ વાંચવાથી કન્યા પોતાના પતિને, અને વર પોતાની પત્નીને લગતી માહિતી મેળવી શકશે. બન્ને માદળીઆં એક બીજાની નકલ છે. આ માદળીઆં તમને શા માટે આપવામાં આવ્યાં છે અને લગ્ન આવી રીતે કેમ કરવામાં આવ્યાં છે તેને લગતી સર્વ વિગત તેમાં લખી છે. પરંતુ એ માદળીઆં ઉઘાડવાની ઉતાવળ તમારાથી પાંચ વર્ષ સુધી કરી શકાશે નહીં. આજ આષાઢ માસની શુકલ પક્ષની પંચમતિથિ છે. રાત્રીના ૧૧ વાગી ગયા છે. આજથી છઠ્ઠા અષાઢના શુકલ પક્ષની પંચમીને દિન રાત્રિના ૧૧ વાગ્યા પછી તમારે આ માદળીઆં ખોલવાં. એ પહેલાં જો તમે ખોલશો અને એક બીજાને મળવા યત્ન કરશો તો તમારૂં હિત થશે નહીં. એ પાંચ વર્ષ દરમ્યાન તમારી ઉપર ગમે તેટલી આપત્તિ પડે પણ એ માદળીઆં ઉઘાડશો નહીં. કારણ તમારા પોતાનાં જીવનોનાં રક્ષણાર્થે એ અપાયાં છે. વધુ ખુલાસો હું કરી શકતો નથી.”

એટલું કહી સ્વામી મહારાજ વિદાય થયા. વિલાસરાય કન્યાને લઇ ઘરમાં ગયો; અને તેની આંખોના પાટા છોડી દીધા.

રાત્રે નિર્મલાને બિલ્કુલ ઉંઘ આવી નહીં. પોતાને ન ગમતા પતિ સાથે અને તેમાં પણ ભેદભરી રીતે જે કન્યાનાં લગ્ન થાય તેનું ચિત્ત શી રીતે શાન્ત થઈ શકે ?

\+ \+ \+ \+

(૪)

લગ્નપછી વિલાસરાય અને તેનું કુટુંબ પોતાને દેશ પાછું આવ્યું. ત્યારપછી પણ ચંદ્રરાયના કાંઈ સમાચાર મળ્યા નહીં. તેનો પિતા પણ અવન્તિપૂર જઈને રહ્યો હતો એટલે ચંદ્રરાયનું કોઈ પણ ખાસ સગું શ્રીનગરમાં રહ્યું ન હતું.

વિલાસરાય, નિર્મલાના લગ્ન પછી કંઈક અણજાણ્યા કારણે ચિન્તાગ્રસ્ત રહેતો હતો. એ ચિન્તાએ ધીમે ધીમે તેનું શરીર ક્ષીણ કર્યું. પ્રથમતો જીર્ણજ્વર આવવા લાગ્યો પરંતુ ધીમે ધીમે તેની માંદગી વધી. ઉંડી, અચિંતવી અને અન્ય સર્વથી અજાણી, અમુક ચિન્તાએ વૈદ્યોનાં ઔષધો અફલ કર્યાં અને અંતે એક દિન તે, પોતાની વિધવા સ્ત્રી અને લાડકી પુત્રીને મૂકીને આ સંસારમાંથી સીધાવ્યો. વિલાસરાયની સ્ત્રી સંસ્કારી બાઈ હતી. થોડા દિનમાં તે પણ કોગળીઆના અચાનક હુમલાથી મરણ પામી. એ સમયે નિર્મલા, મૃતમાતાનાં ચરણકમળ પકડીને બહુ પ્રકારના વિલાપ કરવા લાગી. “ માતા, હું અસહાય બની છું. સંસારમાં મારૂં હવે કોણ છે ? મારી તરફ જુઓ. આ તમારી કન્યા કેવી રીતે પોતાનો નિર્વાહ કરશે ? ” પરંતુ તેના પ્રલાપ વ્યર્થ ગયા. તેની રડાપીટ નક્કામી બની. તેની માતાને તેના પિતાની માફક અગ્નિદેવે પોતાના સ્વરૂપમાં સહર્ષ તલ્લીન કરી દીધી !

માતાપિતાના મૃત્યુ પછી, નિર્મલાને કોઈ આશ્રય આપનાર રહ્યું નહીં. પિતાની પાછળ દેવું વિશેષ રહી ગયું હતું. અધીરા લોકોએ જાણ્યું કે તે મરણ પામ્યો એટલે બધાયે આવીને, આ

કોમળ બાળા પાસેથી પોતાનું લ્હેણું માગવા લાગ્યા. નિર્મલાએ બિચારીએ આવી સ્થિતિ કોઈવાર ભોગવેલી નહીં તેથી તે ઘણી જ ગભરાઇ ગઈ. ધીમે ધીમે ઘરમાંનું રાચરચીલું વેચીને, તેણે દેવું ચુકવવા માંડયું તોપણ તે બાકી રહ્યું. એક માગનારે સૂચના કરી કે બાપનું નામ રાખવું હોયતો ઘરવેચીને પણ દેવું ચૂકવ. એ સૂચનામાં મસ્કેરીનો ભાવ રહેલો હતો તોપણ નન્દિનીને લાગ્યું કે તેમ કર્યા વગર છૂટકો નથી. પણ ઘર વેચ્યા પછી પોતે કયાં જઇ રહે ? નાનપણમાં માતાપિતા મરણને શરણ થતાં એક પુરૂષબાળક ઘણું આકળવિકળ થઇ જાયછે તો બિચારી કોમળાંગી બાળાની શી વાત ? બે ત્રણ દિવસ સુધી મનમાં ગડભાંગ કર્યા પછી તેને એજ નિશ્ચય ઉપર આવવું પડયું કે ઘર વેચવું અને તેના ઉત્પન્નમાંથી દેવું વળતાં જે થોડાક પૈસા બચે તેના વડે એક નાની સરખી ખોલી, કોઇ એકાન્ત સ્થાનમાં ભાડે રાખીને રહેવું. તેણે કાશીક્ષેત્રમાં સચ્ચિદાનંદ સ્વામીને એક બે પત્ર લખ્યા પણ તેના ઉત્તર ફરી વળ્યા નહીં. દુર્ભાગ્યવશાત્ પોતાનો સ્વામી કોણ છે તે પણ તે જાણતી ન હતી. તેમ પાંચ વર્ષ શિવાય તેનો સ્વામી પણ કોણ હશે તેની શોધ તે કરી શકે તેમ પણ ન હતું. ખરેખર આ સમયે તેનું કોઈપણ સંબંધી, સહચારી કે સલાહકાર નહતું. ખરૂં કહ્યું છે કે:

દિનનકે ફેર સોં, સુમેરૂ હોત માટીકૌ,
વૈરિ નિજ બાપ હોત, સોપ હોત સાંટી કૌ.

× × × ×

( ૫ )

નિર્મલા જેવી હલેતી અને તદ્દન ગભરૂ બાળાએ કોઇ એકાન્ત સ્થાનમાં અને તે પણ એકલીઅટૂલી રહેવું, એ ઉચિત ન હતું. જે સ્ત્રીઓ યુવતી અને સુન્દર હોય છે તેમની ઉપર અન્ય સ્ત્રીઓ

કરતાં અધિક આપત્તિ આવી પડે છે: પરંતુ સંસારમાં જેમનું કોઇ ન હોય તેવી બાળાઓ પોતાની રક્ષાનું કામ, અનાથના આધાર, અભાગીના બેલી અને રંકના રખવાળ રામનેજ સોંપે છે.

અનાથ નિર્મલાએ પોતાનો, ગૃહ વેચવાનો વિચાર, આચારમાં મૂકયો અને તે વખતે કોઇ લેનાર પણ મળી ગયો. તેના આવેલા પૈસામાંથી પિતાનું દેવું વાળીને, તેણે બાકીના પૈસા પોતાની પાસે રાખ્યા. નવું ઘર કયાં ભાડે લેવું, એ સંબંધમાં વિચાર કરતાં તેને દુર્ગા નામની એક વિધવાની સહયોગિની થવાનું દુરસ્ત લાગ્યું. દુર્ગા, શ્રીનગરમાં એક સદાચારિણી અને ધર્મિષ્ઠ બાઇ ગણાતી હતી વિધવાઓ માટે થતી બદબોઇમાં તે બાઇનો સમાવેશ થતો ન હતો તેથી નિર્મલાએ તેના મકાનમાં એક ઓરડી ભાડે રાખવાની ગોઠવણ કરી અને તદનુસાર એક શુભદિવસ જોઇ, પોતાનું બાપીકું વહાલું ઘર તજીનેં, તે નવા ઘરમાં રહેવા ગઈ.

દારિદ્ર એવી ચીજ છે કે તેમાં સપડાયલું પ્રાણી ન કરવાનું કરી બેસે છે. ઘણા દાખલાઓ એવા સંભળાયલા છે કે જેમાં દરિદ્રી સ્ત્રી પુરૂષો અનાચારને રસ્તેજ વહેલાં છે; તેમને એવી અનેક લાલચો મળેલી આપણે સાંભળી છે અને અંતે તેઓનાં પાપમય જીવન, અભાગી અંતને પામેલાં આપણે સાંભળ્યાં છે. પરંતુ નિર્મલામાં એવું કાંઇપણ જોવામાં આવ્યું નહીં. કનકની જેમ જેમ કસૌટી થાય છે તેમ તેમ તે શુદ્ધ નીવડે છે; ચન્દન જેમ જેમ ઘસાય છે તેમ તેમ વધારે સુવાસ આપે છે અને મણિ ઉપર સૂર્યનો પ્રકાશ જેમ વધુ પડેછે તેમ તે વધુ દેદીપ્યમાન દેખાય છે. આવીજ રીતે નિર્મલા જેમ જેમ વધારે આપત્તિદળમાં પ્રવેશતી ગઇ તેમ તેમ તેની શુદ્ધતા, પવિત્રતા અને શીયળની સાચવટમાં વૃદ્ધિ થતી ગઇ.

દુર્ગા અને નિર્મલા સાથે રહેવા લાગ્યાં છે. એક બીજાને પરિચય પણ વધતો ગયો છે. એક દિવસ સાંજના દુર્ગા, બહારથી

આવીને, નિર્મલાને કહેવા લાગી: બહેન ! તે કાંઇ નવું નવું સાંભળ્યું કે ? નિર્મલા "ના, મેં તો કંઇ સાંભળ્યું નથી."

દુર્ગા: "ચંદ્રરાય આજ સાત વર્ષે આપણા શહેરમાં પાછો આવ્યો છે. તે બહુ પૈસાવાળો થઈ ગયો છે. બિચારાનો પિતા અવન્તિપૂરમાંજ ગુજરી ગયો એટલે બધો વેપાર ત્યાંથી સમેટીને તે હવે અહીં આવ્યો છે."

નિર્મલાના હૃદયમાં આ શબ્દોથી ભારે આઘાત થયો. હાય ! જેને તે ચહાતી હતી તેણે તેને હવે વિસારી ! જો ચંદ્રરાયને નિર્મલાની સ્મૃતિ રહી હોત; તેને જો અદ્યપિ નિર્મલાનો પ્રેમ સાંભરતો હોત તો તે શ્રીનગરમાં કદાપિ પગ મૂક્ત નહીં. તે એવુંજ બોલ્યો હતો અને નિર્મલા આજ લગી એવુંજ સમજતી હતી. લોકો કહે છે કે વિરહમાં પ્રેમ ઉત્તેજિત થાય છે પરંતુ નિર્મલાને ખાત્રી થઈ કે વિરહમાં પ્રેમ ઉત્તેજિત થતો નથી. જો થતો હોય તો ચંદ્રરાય, તેને કેમ ભૂલી ગયો ? નિર્મલા વિચારમાં પડી: ખરેખર, હું એક કુલટા સ્ત્રી છું. નહી તો એક પરણેલી સ્ત્રીએ પરપુરૂષનું સ્મરણ ન કરવું—પરપુરુષ સંબંધી વિચાર સરખોયે ન કરવો એ નિયમ હું વિસરૂં ખરી ?"—

એટલામાં દુર્ગાએ કહ્યું: "કેમ, બેન ? શા વિચારમાં પડી છું. ચંદ્રરાય સાથેનો નાનપણનો સ્નેહ યાંદ આવતો હશે, નહીં ? તારો એની જોડેજ વિવાહ થવાનો હતો. પણ તારા પિતાએ હઠ લઇને તને તેની સાથે ન પરણાવી એ ખોટું કર્યું; નહીં તો આજ તું એક મોટી ધનવાન શેઠાણી હોત. પ્રભુ ! પ્રભુ !"

નિર્મલાની લાગણી આથી બહુ ઉશ્કેરાઈ. દુર્ગાનું કહેવું અક્ષરશ: ખરૂં હતું. પોતાના પવિત્ર પિતા ઉપર નિર્મલાને અત્યારે તિરસ્કાર છૂટયો. ચંદ્રરાય સંબંધી અનેક વિચારો તેને ઉપજ્યા. પોતાના અદીઠ સ્વામી માટે તો તેના હૃદયમાં કાંઈ સ્થાનજ ન હતું. પોતાનો બાળસખા એટલુંજ નહીં પણ લગભગ નક્કી થઇ ગયેલો પોતાના

હૃદયનો માલીક, કેમ બદલાઈ શકે? શું જેમ અમુક પેઢીમાં નોકરોનો માલીક બદલાય છે તેમ, સ્નેહ જેવી મધુરી અને રસિક લાગણીથી ભરેલા હૃદયનો માલીક પણ બદલાઈ શકે? નિર્મલા સોએ સો ટકા માનતી હતી કે એવું કદી ન થઈ શકે. આજ કારણે આજની દુર્ગાની વાતે નિર્મલાના હૃદયને જબરૂં હચમચાવી નાંખ્યું. તે એકાન્તમાં જતી રહી. બેબાકળી બની ગઈ. મનની એવી માઠી અવસ્થામાંજ અંતે થાકીને તે ઉંઘી ગઇ.

* * * * *

( ૬ )

કેટલાક દિવસ પછી નિર્મલાને દુર્ગાએ પૂછ્યું, બહેન, શું આ તારો ધર્મ છે?

નિર્મલાએ ગભરાઇને ઉત્તર આપ્યો: કેમ, મેં શું કર્યું છે?

દુર્ગા:—તું બીજા સાથે પરણેલી છે છતાં ચંદ્રરાય સાથે હજી તેં પ્રેમભર્યો વ્યવહાર કેમ ચાલુ રાખ્યો છે?

નિર્મલા: કોણે કહ્યું? માજી, તમને કોઇએ ખોટી ખબર આપી છે. તમે જાણો છો કે હું કોઇવાર તમારી સાથે દેવદર્શનેજ આવું છું. એ શિવાય હું ક્યાંયે બહાર જતી નથી. મેં ચંદ્રરાયને, તેમના અહીં આવ્યા પછી કોઇ દિવસ જોયા નથી.

એ સાંભળીને દુર્ગાએ પોતાની પાસેથી એક ડબ્બો કાઢયો અને તેમાંનો એક હીરો નિર્મલાને બતાવ્યો અને કહ્યું: "જો આ હીરો કોનો છે તે તને ખબર છે?" નિર્મલા અજબ થઇ! દુર્ગા જેવી એક પવિત્ર મનાતી સ્ત્રી પાસે હઝારો રૂપીઆની કિંમતનો એક હીરો ક્યાંથી? તેના આશ્ચર્યમાં વધારો ત્યારે જ થયો કે જ્યારે એવાજ કેટલાક હીરાઓનો એક હાર દુર્ગાએ એ જ ડાબલામાંથી કાઢી બતાવી, નિર્મલાને પૂછ્યું? "બહેન. આ તને ગમે છે? નિર્મલાએ અકળાઇને ઉત્તર આપ્યો:"આ શું?! તમે આ કયાંથી લાવ્યાં? આવો એક અમૂલ્ય હાર તમારી પાસે હોય તો લોકો તમારે માટે કેવું ધારે?

આ હાર મને ગમે તોયે શા કામનો ? ” દુર્ગાએ હસીને કહ્યું: “ગભરાઈ ગઇ ? જો સાંભળ. ચંદ્રરાયે ગામમાં આવીને તારે માટે ખબર કરાવી; અને ખબર મેળવી કે તું અહીં રહે છે. તારી સ્થિતિ માટે એમને દયા આવી અને તેથી તેમણે આ હાર તને પોતાની બાલસખી તરીકેની યાદમાં મોકલેલો છે. તેમણે મને બોલાવીને આ ખાસ તને આપવા કહ્યું છે. બિચારો તારે માટે બહુ દયા બતાવતો હતો.”

નિર્મલા વિચારમાં પડી “જો આ હાર લઉં તો સદાને માટે દારિદ્રયને રજા આપી શકું. પણ ચંદ્રરાય એક પરપુરૂષ મને એક પરસ્રીને એવો કિંમતી હાર મોકલે એ મારાથી લેવાય ? દીર્ઘ નિઃશ્વાસ નાંખીને તેણે દુર્ગાને કહ્યું: માજી શેઠપુત્રને કહેજો કે એ હાર હું લઇ શકતી નથી.

દુર્ગાઃ કેમ બેન, ગાંડી થઇ છે કે શું ? મારી વાતમાં તને અવિશ્વાસ આવ્યો ?

નિર્મલાઃ ના, મને તમારી બાબતો ઉપર વિશ્વાસ છે. હું ગાંડી બની નથી પણ હું એ હાર લઈ શકતી નથી.

દુર્ગાએ તેને બહુ બહુ સમજાવી પણ તે એકની બે થઈ નહીં; આથી તે હાર દુર્ગા પાછો લઇ ગઇ.

કેટલાક દિવસો પછી, ચંદ્રરાયની એક દાસી. નિર્મલા કને આવીને કહેવા લાગી: “મારા શેઠે કહેવરાવ્યું છે કે તમે આ પર્ણકુટીમાં વસવાને બદલે કાંતો તેમના ઘરમાં વસો કે તમારા પિતાના ઘરમાં વસો. મારા શેઠે તમારા પિતાવાળું ઘર હમણાં વેચાતું લીધુ છે અને તમે તેમનાં બાલ્યકાળનાં સખી હોવાથી તમારી આવી દરિદ્રી દશા જોઇને તેમનું હૃદય ભરાઈ આવે છે. તેમણે તમને તમારા પોતાના ઘરમાં રહેવા જવાનું એક મિત્રને ખાતર-ક

હેરાવ્યું છે અને ખાસ આશા બતાવી છે કે તમે તે માન્ય રાખશો.

નિર્મલા દરિદ્રતાને લીધે બહુ દુઃખી બની ગઇ હતી. તેમાં પણ પોતાના પિતાનું ઘર વેચીને ભાડે રહેવા જતાં તેને અત્યંત દુઃખ ઉપજ્યું હતું. તેને ઘણીવાર એવી ઇચ્છા થતી હતી કે હું મારા બાપના ઘરમાં રહેતી હોત તો સારૂં થાત. મનુષ્ય જ્યાં બાલ્યકાળમાં વસેલું હોય છે અને તેમાં પણ જેની સાથે ખેલેલું હોય છે તેને પોતાના જન્મમાં ભૂલતું નથી. ચંદ્રરાયે એક મિત્ર અને શુભેચ્છક તરીકે પોતાને બીજીવાર સુખી કરવાની માગણી કરી, એ વિચારતાં નિર્મલા ઉપર બહુ અસર થઈ. આંખમાં આંસુ લાવીને તે ચંદ્રરાયની દાસીને કહેવા લાગી: "હું ઘણું ઇચ્છું છું કે તારા શેઠની માગણી સ્વીકારૂં નહીં પરંતુ એ ઇચ્છા પરિપૂર્ણ થવી મુશ્કેલ લાગે છે. તારા શેઠને કહેજે કે બાલ્યકાળની મૈત્રી સંભારી તમે મને ઘણી આભારી કરી છે. આ તમારી એકજ નિર્દોષ માગણી છે તો સ્વીકારૂં છું પણ હવે પછી બીજી કોઇપણ નહીં સ્વીકારૂં. ઇશ્વર તારા પ્રભુનું કલ્યાણ કરો"

પરિચારિકા પ્રણામ કરી ચાલી ગઈ. નિર્મલાએ દુર્ગાને કહ્યું: "માજી! તમે મારી સાથે જ રહેવા આવશોને?" દુર્ગાએ એમાં કાંઇ વાંધો લીધો નહીં અને ત્યાર પછી આ બે પાડોશણો, નિર્મલાના પિતાના ઘરમાં એકત્ર રહેવા લાગી.

થોડા દિન પછી નિર્મલાને દુર્ગાની વાતચિત ઉપરથી એમ લાગ્યું કે ચંદ્રરાયને ત્યાં તેણે પોતાની આવજા વધારી દીધી છે. આ અવરજવર અયોગ્ય લેખી, નિર્મલાએ દુર્ગાને જણાવ્યું કે તમે જો ત્યાં વધુ અવરજવર કાયમ રાખશો તો આપણે બેને બનશે નહીં આથી દુર્ગાએ આવવું જવું બંધ કર્યું.

એક દિવસ દુર્ગાએ કહ્યું: મને રાજ્યમહેલમાં નોકરી મળી

છે. મહારાજાએ મારી ઉપર કૃપા કરી, મને સારૂં ધન આપવાની ગોઠવણુ કરી છે. નિર્મલાને દુર્ગાના આ વર્તનમાં પણુ શંકા ઉત્પન્ન થઇ. શું દુર્ગા કોઈ ખરાબ ચાલની સ્ત્રી હશે? આજ લગી તેને રાજ્ય મહેલમાં નોકરી નં હતી અને હવે કેમ મળી? અને મહારાજાએ તેને એવી તે શી ઉપયોગી જોઇ કે પોતાની નોકરીમાં રાખી?

* * * * *

દુઃખી કે સુખી દિવસો વ્યતીત થતાં વાર લાગતી નથી. નિર્મલાનાં લગ્ન થયાને પાંચ વર્ષ વીતી ગયાં છે. આજ છઠ્ઠા આષાઢ માસના શુકલપક્ષની પંચમી છે. અને આવતી કાલે પષ્ઠી થશે. તે સાયકાલથી વિચારવા લાગી: "આવતી કાલે ગુરૂમહારાજની આજ્ઞાનુસાર મને અપાયલું માદળીઉં હું વાંચીશ અને પછી મારા પતિ વિષે તપાસ કરીશ. પરંતુ તેથી શું સ્વામી એકદમ વહેલા મળશે? હા! પણ મને સ્વામીને મળવાની ઇચ્છા પણ થતી નથી. ગમે તેટલું ઇચ્છુંછું કે મારા મનમાંથી મારા બાલસખાને દૂર કરૂં પણ તે અળગો થતોજ નથી. ખરે, મારા હૃદયમંદીરમાં તેના વિના કોઇને માટે જગ્યા નથી." પાછી થોડીવાર વિચારગ્રસ્ત થયા પછી તે બોલી: "અરે! પણ હું આ શું કરૂંછું? પરપુરુષનો વિચાર કરવાથી ખરેખર હું મારો ખરો ધર્મ ચૂકી ગઇછું"—

આવા વિચારોમાં તે હતી તેવામાં દુર્ગાએ આવીને કહ્યું:—બહેન, રાજમંદિરમાંથી તને બોલાવવાને અનેક દાસદાસીઓ અને તાવદાન સાથે એક રાજદૂત આવ્યો છે. તે જણાવે છે કે મહારાજા તને બોલાવેછે.

નિર્મલા: મને? મને શા માટે બોલાવે? મેં રાજાનું શું બગાડયું છે? મારે રાજા સાથે કાંઇ લેવાદેવા નથી. હું નહીં જાઉં."
દુર્ગાએ તથા બોલાવવા આવેલી મુખ્ય રાજદાસીએ નિર્મલાને સમજાવી કે રાજાનું તેડું અમાન્ય ન કરવું જોઇએ. રાજા વિમલસેન

તો ધર્માત્મા છે, કાંઈ અવિચારી કે ખરાબ કર્મ કરનાર નૃપાલ નથી. તેમના હુકમ અને પ્રતાપથી કોઇ રાજ્યભાયાત્ કદીપણુ રાજ્યની કોઇ સ્ત્રી ઉપર અત્યાચાર કરી શકયો નથી. ઉપરાંત રાજ્યમાં ચોરીના ગુનાહો બહુ થતા નથી અને દારૂ પીનારા, જુગારીઓ વગેરે પણ ઘણા ઓછા છે. માટે એવા ઉત્તમ નૃપતિ પાસે જવામાં કંઇ પણ અમંગલ શંકા કરવાની જરૂર નથી.

નિર્મલાને ગળે આ સલાહ ઉતરી, અને તે દાસી સાથે રાજ મહેલમાં ગઇ.

× ×   × ×   × ×   × ×

( ૮ )

નિર્મલા, મહારાજાને દેખીને વિસ્મિત થઇ ગઇ. રાજાનું શરીર પ્રચંડ હતું. કપોલપ્રદેશ વિશાલ હતો. તેમના બાહુ લાંબા હતા. આંખો કાળી અને સર્વાંગ હૃષ્ટપુષ્ટ હતું. નિર્મલાએ આવો એકપણ ભાગ્યશાળી પુરુષ અદ્યપિ દીઠો નહતો.

મહારાજાને પ્રણામ કરીને તે ઉભી રહી એટલે તેમણે કહ્યું: તારૂં નામ નિર્મલા છે ? નિઃ હા, મહારાજ.

રાજાઃ મેં તને શા માટે બોલાવી છે તે તું જાણે છે ? નિઃ નાજી

રાજાઃ તો સાંભળ, તને તારાં લગ્નનો દિવસ યાદ છે ? નિઃ હાજી

રાજાઃ એ રાત્રે તને ગુરૂમહારાજે આપેલું માદળીઉં યાદ છે ? એ માદળીઉં કયાં છે ?

નિઃ કૃપાલુ, આપ એ બધી વાત શી રીતે જાણી શકયા તે હું નથી સમજી શકી. મારાં લગ્ન ઘણીજ ગુપ્ત રીતે થયાં હતાં.

રાજાઃ એ પ્રશ્નનો ઉત્તર નહીં આપું. મારે જાણવું છે તે મને જણાવ. તારૂં માદળીઉં કયાં છે ?

નિઃ તે મારે ઘેર છે. સચ્ચિદાનંદ સ્વામીની આજ્ઞા હતી કે

પાંચ વર્ષ પૂરાં થાય ત્યાં સુધી તે ઉઘાડવું નહીં. આવતી કાલે એ પાંચ વર્ષ પૂરાં થશે.

રાજાઃ વારૂ, એ માદળીઆની એક જોડ તારા પતિને અપાઇ હતી કે ?

નિઃ હાજી.

રાજાઃ જો એ તને બતાવવામાં આવે તો તું ઓળખી શકે ?

નિઃ હાજી. કેમકે અમારાં બન્નેનાં માદળીઆં એકજ ઘાટનાં છે.

રાજાએ આ ઉપરથી એક નોકરને બોલાવી આજ્ઞા આપી કેઃ 'અંતઃપુરમાંથી સોનાનો ડબ્બો લાવ.' એ ડબ્બો આણી આપવામાં આવતાં તેમાંથી તેમણે એક માદળીઉં કાઢી, નિર્મલાના હાથમાં મૂકયુંઃ નિર્મલાએ તે બરોબર તપાસ્યું અને પછી બોલી ઉઠીઃ "કૃપાલુ, એ તો મેં જાણી લીધું કે આજથી હું વિધવા બની. મારો પતિ જો જીવતો હોત તો તે બીજા કોઇને આ માદળીઉં આપતજ નહીં. એ ન હોવાથી એનું સઘળું ધન કાયદા પ્રમાણે રાજા પાસે આવે તે મુજબ મારા પતિના ધનમાંથી આપને આ માદળીઉં મળ્યું. હાય !" એટલું બોલી નિર્મલા થોડીવાર લગી અચેતન બની ગઇ.

મહારાજાએ કહ્યુંઃ તારા જેવી અનેક કન્યાઓના પાલકનો જો તને વિશ્વાસ હોય તો હું કહુંછું કે તું વિધવા નથી. તારો પતિ હયાત છે—જીવે છે.

નિઃ ત્યારે આપે આ માદળીઉં છળકપટથી તેની કનેથી લઇ લીધું છે.

રાજા, નિર્મલાની વાક્પટુતાથી અજબ થયો. તેણે કહ્યુંઃ તું જબરી બોલનારી છે, હોં ? આજ લગી રાજા વિમલસેનને કોઇએ છળકપટ કરનાર—ચોર કહ્યો નથી.

નિઃ તો આપની પાસે એ શી રીતે આવ્યું ?

રાજા, વારૂ, ત્યારે તે બીજાકોની પાસે હતું તે તું કહી શકે છે ?

સામા પ્રશ્નથી નિર્મળા ગુંચાઇ. જેની પાસે પોતાના માદળીઆ જેવુંજ માદળીઉં હોય તે તેનો પતિ એમ ગુરૂ મહારાજે કહ્યું હતું. તે મહારાજા પાસે હતું. તેથી તેઓ તેના સ્વામી ગણાવા જ જોઇએ. માટે તેના મનમાં નિશ્ચય થયો કે આ જ મારા પતિ હશે.

રાજાએ કહ્યુંઃ તારાં લગ્ન પછી સચ્ચિદાનંદ સ્વામીએ તે મને આપ્યું હતું, બોલ હવે તું શો ઉત્તર આપે છે ?

નિર્મલા લજ્જિત થઇ. નીચું મુખ કરી કહેવા લાગીઃ કૃપાળુ ? હું ચપલા છું; નહીં તો આવી કટુવાદિની શી રીતે હોઇ શકું ?

* * * * * * * *

( ૯ )

નિર્મલા વિચારવા લાગીઃ " શું ત્યારે હું એક રાજાની રાણી હોઈશ ? પણ તોયે શું ? પૃથ્વી મળે કે પૈસો મળે તેથી કાંઈ પ્રેમ ઉપજતો નથી. મારા હૃદયમાં એ વિમલસેન નથી. ક્યાંથી હોઇ શકે ? મારૂં હૃદય કોનું છે ? એ જ—એ જ મારા બાલસખા ચંદ્રનું. અહો, એની સાથેનો ગયેલો મારો આખો બાલ્યકાળ મને પુનઃ કદાપિ મળી શકનાર નથી. હું ચંદ્રરાયની સ્ત્રી હોત તોપણ હાલમાં મને આવીજ ધનસંપત્તિ મળત કારણ હાલમાં તે ધનવાન બન્યો છે. એટલે કે તેની સાથે જો હું પરણી હોત તો પ્રેમ અને પૈસો બન્ને મળત; જ્યારે અહીંઆં હું જેમને આજ લગી ઓળખતી નહતી, જેમના વિષે હું હજીલગી મુદ્દલે જાણતી નથી તે રાજા સાથે, કહો કે કેવળ ધનને માટે, મારા પિતાએ મને પરણાવી અને મારો પ્રેમ કોરાણે મૂક્યો ! " તે વિચારમાં નિમગ્ન થઇ ગઇ. તેની

લાગણીઓ એટલી બધી ઉશ્કેરાઇ ગઇ કે પાસે પડેલી ખુરશી ઉપર માથું ટેકવીને તે રડવા લાગી. તેને ભાન ન રહ્યું કે તે હમણાં મહારાજા પાસે ઉભી હતી.

મહારાજાએ એકાએક પૂછ્યું: વારૂ. હું તને એક બીજી વાત પૂછવા માગુંછું. તું ભાડું ભર્યા વગર ચંદ્રરાયના ઘરમાં કેમ રહેછે?

નિર્મલાનું વદન મ્લાન બની ગયું. રાજાએ ફરીથી પૂછ્યું: "તારી સાથે રહેનારી વિધવા દુર્ગા વારંવાર ચંદ્રરાયને ત્યાં આવજા કેમ કરે છે?" નિર્મલા રોવા જેવી થઇ ગઇ. શું રાજા વિમલસેન સર્વજ્ઞ હશે? રાજાએ ત્રીજો પ્રશ્ન કર્યો: તું કાંઇ ચંદ્રરાય સાથે પરણી નહતી તો પછી તેં તેનો હાર કેમ ગૃહણ કર્યો?

નિ: મહારાજા, હું અત્યાર સુધી આપને સર્વજ્ઞ સમજતી હતી પણ હવે નહીં ગણું. આપની એ બાબતો ખોટી છે. દુર્ગા હમણાં ચંદ્રરાયને ત્યાં આવજા કરતી નથી તથા તેમનો હાર મેં તેમને પાછો આપ્યો હતો.

રાજા: તારૂં કહેવું ખોટું છે. જે હાર તું પાછો આપેલો કહે છે તે તો તેં મને વેચ્યો છે. જો આ તે હાર છે કે નહીં?

ખરે, મહારાજાએ, એ હાર કાઢીને નિર્મલાને બતાવ્યો, નિર્મલાએ કહ્યું: આર્યપુત્ર! શું એ હાર હું જાતે વેચી ગઇ હતી?

રાજા; ના. તારી વિધવા સખી દુર્ગા, તારી તરફથી વેચવા આવી હતી. શું એને બોલાવીને ખરૂં કરાવું?

નિર્મલાને નકકી થયું કે મહારાજા અને દુર્ગા મળી ગયા છે તેથી મારે માટે તેઓ આવું કહે છે. તેને દુર્ગા ઉપર ગુસ્સો આવ્યો. તેને દુર્ગા ખરાબ ચાલની સ્ત્રી લાગી. આથી પોતાનું બધું કહેવું

ખોટું જ ઠરાવવામાં આવશે એમ ધારી તેણે ઉત્તર આપ્યો: આર્ય પુત્ર ! અપરાધ ક્ષમા કરો. દુર્ગાને બોલાવવાની જરૂર નથી. મેં એ હાર વેચ્યો છે, એ હું કબુલ કરૂં છું.

રાજા, નિર્મલાના આ જવાબથી આશ્ચર્યચકિત થયો. તેણે ફ-રીથી પ્રશ્ન કર્યો: ત્યારે બીજા પુરૂષનો ઉપહાર ગ્રહણ કરવાની તારે શી જરૂર હતી ?

નિ:મહારાજ, હું કુલટા છું. હું સાચું કહું છું કે હું આપની ગૃહિણી થવાને યોગ્ય નથી, તેથી આપને મારી વિનતિ છે કે મારી સાથે આપનાં લગ્ન થયાં છે એમ આપ કહો છો એ બાબત ભૂલી જાવ.

એટલું કહીને નિર્મલા જવા લાગી. અકસ્માત્ રાજા હસવા લાગ્યો અને પછી બોલ્યો પુત્રી નિર્મલા, પાછી આવ. પાછી આવ. હું તારો પતિ નથી. તેમ તું કુલટા પણ નથી.

નિર્મલા, એ વાકયો સાંભળી વિસ્મિત થઇ. મહારાજા મારા પતિ નથી ત્યારે કોણ હશે ?

રાજાએ કહ્યું: જો સાંભળ. તારી એક મોટી ભૂલ થઇ છે. તેં બધી વાક્પટુતા વાપરી પણ એકજ પ્રશ્નથી તું બધો ખુલાસો મેળવી શકત અને તે એ કે આ માદળીઉં ઉઘડાવવાનું તારે મને કહેવું જો-ઈતું હતું. એ તેં મને કહ્યું નથી પણ હરકત નહીં. હવે હું જ એ ઉઘડાવું છું. પણ હજી અગ્યાર વાગ્યા નથી તેથી ત્યાં સુધી આપણે થોભવું જોઇએ.

નિ: કૃપાળુ. મને એક શંકા છે. આ બધી બાબત આપે શી રીતે જાણી ?

રાજા: પુત્રી, તારો પ્રશ્ન યથાર્થ છે. સાંભળ. એકાદ વર્ષ ઉપર તારા ગુરૂ મહારાજ અત્રે આવ્યા હતા. તેઓ ઉપર તે પહેલાં કેટ-

લોક પત્રો લખ્યા હતા પણ તેઓ યાત્રા કરવા ગયલા હોવાથી પત્રો કાશીમાંજ પડી રહ્યા હતા. તેઓ યાત્રાએથી કાશીપૂરીમાં પાછા ફર્યા અને તારા પિતાના મૃત્યુની તથા તારી સ્થિતિની વાત જાણી. તપાસ કરવા માટે તેઓ અહીં આવ્યા અને મને મળ્યા. તેમણે તને જાતે મળવાનું યોગ્ય ન વિચાર્યું તેથી મને તારો સર્વ ઇતિહાસ કહ્યો અને તારા પતિની હાલની સ્થિતિની સર્વ હકીકત મને કહી. તું મારી પ્રજા હોવાથી અને તેમાં પણ તારો ઇતિહાસ કરૂણાજનક હોવાથી તારી સંભાળ લેવાનું કામ મેં મારા હાથમાં લીધું. તેં પછી દુર્ગાને મેં ખાસ બોલાવી અને ત્યાર પછી જે કાંઇ સહાય્ય તને અપાઈ છે તે મારી તરફથીજ તેની મારફત અને બીજાને નામે અપાઈ છે. તારૂં ઘર મેં જ વેચાતું લીધું હતું. હાર પણ મેં જ મોકલ્યો હતો. એ સર્વ કેવળ તારી પરીક્ષા માટે હતું.

નિ: મહારાજ આપે મારી પરીક્ષા કરવા સાથે મારી જબરી હાંસી કરી છે.

મહારાજ:-પુત્રી, પણ એ પરીક્ષામાં તું સફલ નીવડી છો એ જાણી હું ખુશી થયો છું.

એ જ વખતે ઘડીઆળમાં ૧૧ ના ટંકોરા પડતા સંભળાયા. મહારાજાએ નિર્મલાને તેનું માદળીઉં લઇ આવવાની આજ્ઞા કરી.

* * * * *

## ( ૧૦ )

રાજ્ય આજ્ઞાનુસાર નિર્મલા પાલખીમાં બેસીને પોતાને ઘેર ગઇ અને માદળીઉં લઇને પાછી ફરી.

આવી પહોંચતાં તે જુએ છે તો ગુરૂમહારાજ ત્યાં હાજર હતા. તેણે તેમને પ્રણામ કર્યા. પછી ગુરૂમહારાજે કહ્યું: "બેટા, આજ પ્રભુકૃપાથી તું તારો યોગ્ય પતિ મેળવવા પામીશ. તારી ઉપર જે બધું દુ:ખ પડ્યું છે, તે હું જાણું છું. પણ તેમાં તું હિમ્મત હારી

નથી એ જાણીને હું બહુ ખુશી થયો છું. તારાં લગ્ન કોની સાથે થયાં છે તે તું નથી જાણતી. પ્રથમ, તેં મહારાજાને તારા પતિ ધાર્યા પણ તેમણેજ પાછી તને ના કહી એટલે હવે તે તારા પતિ નથી એ નક્કી થયું છે. તો પ્રશ્ન છે કે એ કોણ છે? બેટા, પ્રભુકૃપાથી હું હયાત છું એટલે હવે તારે કાંઇ વાંધો નહીં આવે; છતાં તારા લગ્નની વાતથી તને હું માહિત કરવા માગું છું. વાત એમ બની હતી કે તારા પિતાએ તને ચંદ્રરાય સાથે પરણાવવા માગી પરંતુ જ્યોતિષગણત્રી કરતાં જણાયું કે તેથી તું વિધવા થાય. આથી મેં ના પાડી. એ પછી તારે લાયકનો એક પતિ મને જડયો જેનું નામ તારા માદળીઆમાંથી નીકળશે. તોપણ તારા ગ્રહ એવા ખરાબ હતા કે જો તું ૨૧ વર્ષની અંદર તારા પતિને જુએ તો જરૂર તે મરણ પામે. આથી કાંઇક રસ્તો કરવો જરૂરનો હતો. તેથી અમે જે પતિને પસંદ કર્યો તે તને જુએ નહીં અને તું તેને જુએ નહીં તો તમારૂં કુશળ થાય એમ અમને લાગ્યું. એ મુજબ તારી અને તેની આંખે પાટા બાંધવામાં આવ્યા: અને અમે તમને પરણાવ્યાં. હવે આજ અમે તારા પતિને બોલાવ્યો છે અને તે બહાર આવી ચૂક્યો છે. તેને અમે બોલાવીએ છીએ અને તમો બન્ને પાસે એક બીજાનાં માદળીઆં વંચાવીએ છીએ.

એ પછી અગાઉથી થયેલી ગોઠવણ અનુસાર નિર્મલાનું મોં ઢાંકવામાં આવ્યું અને તેના પતિને બોલાવવામાં આવ્યો. નિર્મલાવાળું માદળીઉં તેણે ફોડયું અને વાંચ્યું તથા ખુશી થયેલો જણાયો. તે પછી તેનું મોં ઢાંકવામાં આવ્યું અને નિર્મલાનું ઉઘાડવામાં આવ્યું અને તેની પાસે તેનાં પતિનું માદળીઉં વંચાવવામાં આવ્યું: વાંચતાં સમેતજ હર્ષાવેશમાં તે એકદમ મૂર્ચ્છિત થઇ ગઇ. ઉપચારાદિ થયા પછી, બન્નેનાં મોં ઉઘાડવામાં આવ્યાં અને એક બીજાને જોઈ તેઓનાં નયન તૃપ્ત થયાં. માદળીઆમાં નીચે મુજબ લખવામાં આવ્યું હતું:—

## માદળીઉં.

"આ માદળીઆં પહેરનારાં બન્ને પતિપત્ની છે. પતિનું નામ ચંદ્રરાય શ્રીમંતરાય, શ્રીનગરનો અને પત્નીનું નામ નિર્મલા તે શ્રીનગરના વિલાસરાયની પુત્રી. તેમનાં લગ્ન ઘણીજ જુદી રીતે કરવાની અમને ફરજ પડી છે. કેમકે ગુરૂમહારાજ સચ્ચિદાનંદ સ્વામીને, જ્યોતિષગણત્રી કર્યાથી એમ માલૂમ પડ્યું હતું કે—એ એનાં લગ્ન થયા પછી, તેઓ ઉપર ભયાનક વિપત્તિ આવે અને તેઓ પરસ્પર એક બીજાને જુએ તો કન્યાને વિધવા થવાનો વારો આવે. આથી એમ ઠરાવ્યું કે એ એને પરણાવવાં તો ખરાં પરંતુ પાંચ વર્ષ પછી એટલેકે કન્યા ૨૧ વર્ષની થઇ જાય તે પછી એક બીજાનું તેઓ મોં જુએ એમ તેમને ફરમાવવું. તેઓને આંખે પાટા બાંધીને એટલા માટે પરણાવ્યાં કે તેઓ એક બીજાને જો દેખે નહીં તો કદીપણ તેઓ લાલચને વશ થઇને એક બીજાને મળવા પ્રયત્ન કરે નહીં. આથી તેમની ગ્રહશાંતિને અર્થે અને કેવળ તેમના સુખ-માટે અમે કન્યાના પિતા અને વરના પિતાએ તેમજ અમારા ગુરૂ મહારાજે આ માર્ગ ગ્રહણ કર્યો છે. દંપતિ સુખી થાવ એ અમારી આશિષ છે."

મહારાજાએ આ યુગલનો હસ્તમેળાપ કરી તેમનું દીર્ઘાયુષ ઈચ્છયું અને કહ્યું: ખરેખર, નિર્મલા અંતે તેં તારૂં નામ સાર્થક કર્યું છે. તું અત્યાર સુધી તારૂં શીયળ સાચવી રહી છે એટલુંજ નહીં પણ તારા પતિ ચંદ્રરાયમાંજ તેં અત્યારસુધી છુપો ચાહ રાખ્યો છે. પરપુરુષનો ઉપહાર ગ્રહણ કરવાનો મેં તારી ઉપર આક્ષેપ મૂક્યો ત્યારે તેં પોતાને કુલટા જણાવી એમ સૂચવ્યું કે તારૂં હૃદય સ્વાભાવિક રીતેજ ચંદ્રરાયનું થઇ ગયું છે એટલે તું લાચાર છે. જો કે એમાં વાસ્તવિક રીતે ચંદ્રરાય સંબંધી તું કાંઇ જાણતી નહતી છતાં તારી આવી ભાવના મને તો ખોટી લાગી હતી; પરંતુ તેમાં તારો

ખરેખરો સદ્દગુણુ દીપી આવેછે પુત્રી, મારી લાલચને અધીન ન થતાં કિંવા રાજ્યલોભ કે સ્ત્રીલોભ ન કરતાં તેં જે ઉત્તમ વર્તન બતાવ્યું છે તે માટે તને ધન્ય છે! ભારત વર્ષમાં તારા જેવી એક વચની. પતિવ્રતા અને ગુણવતી યુવતિઓ હોય તો સ્વર્ગ અહીંજ બની રહે એમાં નવાઇ નથી. હું શુદ્ધ હૃદયથી ઇચ્છુંછું કે તમે બન્ને અખંડ આયુષ્ય ભોગવો:—તમારી સદાય ઉન્નતિ થાવ અને સમજુ સ્ત્રીઓ, તમારાં ચારિત્રનું અનુકરણ કરીને ડાહી, સદ્દગુણી અને સુખી બનો.

એટલું કહી, મહારાજાએ પોતાના બન્ને પવિત્ર હાથો એ યુગલના શિરપર મૂકયા!

આનન્દથી આચ્છાદિત થઇ ગયેલાં આ હૃદયો, મહારાજાને અને ગુરૂવર્યને પગે પડયાં અને આજ લગી દુ:ખસાગરમાં ડુબી ગયેલી નિર્મલા, પોતાનો પતિરૂપ કિનારો મેળવી સુખી થઇ!

સમાપ્ત.

☞ **ખાસ સૂચના:**—આ પુસ્તકને લગતા સર્વ હક્ક લેખકે સ્વાધીન રાખ્યા છે.

# શુદ્ધિપત્રક.

દૃષ્ટિદોષથી રહી ગયલી નીચેની ભૂલો સુધારીને વાંચવાની વાચકોને નમ્ર વિનતિ છે.

| પૃષ્ટ | લીટી. | અશુદ્ધ. | શુદ્ધ |
| --- | --- | --- | --- |
| ૯ | ૬ | વર્ષેમાં | વર્ષોમાં |
| ૧૦ | ૧૩ | કૅાચ | કૅાચ |
| ૧૩ | ૧૦ | પેહેરેગીરછું | પેહેરેગીરછો |
| ૧૬ | ૧૨ | તૃષ્ણ, | તૃષ્ણા, |
| ૧૮ | ૧૮ | રાજા એ | રાજાએ |
| ૨૫ | ૨૪ | પહેરૂં | પહેરૂં." |
| ૨૮ | ૧૩ | કીતિને | કીર્તિને |
| ૩૫ | ૯ | કાઢીં | કાઢી |
| ૩૧ | ૧ | જોઇએ | જોઇએ |
| ૪૧ | ૨૪ | અવા=જ | અવાઝ |
| ૪૭ | ૫ | કહેતા ગયા ગયા છે | કહેતા ગયા છે |
| ૫૧ | છે.લી | ઓડો | ઔડો |
| ૫૪ | ૧ | છુપાવવી | છુપાવવી |
| ૬૦ | ૨૩ | વીંટળાયા | વિંટળાયા |
| ૬૧ | ૯ | શક | શકે |
| ૬૬ | ૭ | લખાવતો તેણે જોયો | લખાવતો જોયો |
| ૬૬ | ૨૩ | છુપાવવા | છુપાવવા |
| ૬૬ | છેલ્લી લીટી | મારેછે. તેની | મારે છે, તેની |
| ૬૭ | ૨૪ | થરમાં | ઘરમાં |
| ૬૮ | ૨૪ | જન્મારા લાગી | જન્મારા લગી |
| ૬૯ | ૫ | મનહરને | મનહર પાસે |
| ૬૯ | ૯ | તેમ' | તેમ, |
| ૬૯ | ૧૭ | પ્રયે | પ્રત્યે |
| ૭૦ | ૧ | સુંદર જેવો, | સુંદર વદન જેવો, |
| ૭૩ | ૨૧ | સમીપનાં | સમીપ |
| ૭૯ | ૧૮ | આપ શ્રી મહારાજા | આપને મહારાજાશ્રી |
| ૭૯ | ૨૨ | રહેવાની જતા | જતા રહેવાની |
| ૮૦ | ૧ | ઉભોછું ? | ઉભો છે ? |
| ૮૦ | ૧૧ | આડકત્રી | આડકત્રીરીતે |
| ૮૦ | ૧૧ | ચૂકયો છું | ચૂકયો છે. |
| ૮૪ | ૧૬ | તું શું ધારૂં છું | તું શું ધારે છે ? |
| ૮૪ | ૨૩ | લહાર | લટાર |
| ૯૧ | ૮ | આગ— | આ ગ- |
| ૯૧ | ૧૧ | જણાતોહતો | જણાતો ન હતો |
| ૯૧ | ૧૩ | ભૂલતો | ભૂલ તો |
| ૯૧ | ૬ | મી.નટવરલાલ | મી. સુમનલાલ |
| ૯૨ | ૧૫ | સાહેબ,પાસે | સાહેબપાસે |
| ૯૩ | ૨ | આસ્યાં | આવ્યાં |
| ૯૩ | ૮ | બપવાંનાં | બપાવાનાં |
| ૯૪ | ૬ | ભુલ કાં | ભુલકાં |
| ૯૫ | ૨ | સાંમા | સામે |
| ૯૫ | ૧૨ | જાહેરખલર | જાહેરખબર |
| ૯૫ | ૧૬ | પહેરી' | પહેરી, |